વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

Published on - 01 December 2025 | ₹ 50-00
Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા



**સમગ્ર સમાજને ધર્મ - સંસ્કૃતિ - સમાજ માટેનો અનેરો સંદેશ**

**લંડનમાં રહેતા ઓડિશાના વતની ડો. બિભૂતી પટનાયકની ૯ વર્ષની પુત્રી**
**અદિતી પટનાયક દ્વારા જગતજનની મા ઉમિયાના**
**મંદિર નિર્માણમાં પોતાની સર્વસ્વ મુડી સમાન પિગી બેન્કનું સમર્પણ...**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**ડીસેમ્બર ૦૧, ૨૦૨૫**
December 01, 2025
**વર્ષ : ૦૪,** Year : 04
**સળંગ અંક : ૪૩** Ank : 43
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
Owner : Vishv Umiya Foundation

ISO 9001





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**

પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $



**ઈ-મેઈલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721



**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

Vishv UMIYA Foundation

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | યુ.કે. પ્રવાસની અપૂર્વ સફળતા | પ્રમુખશ્રીની કલમે | ૦૫ |
| ૨. | યુ. કે. પ્રવાસની યાદગાર ક્ષણો | | ૦૯ |
| ૩. | યુ.કે. પ્રવાસ - નાની ઉંમરનું મહાદાન | ચિંતન પનારા | ૧૪ |
| ૪. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૧૬ |
| ૫. | મીરાંનો સાધન - પથ (ગતાંકથી શરૂ...) | શ્રી ભાણદેવજી | ૧૭ |
| ૬. | શીલવંત સાધુને વારે-વારે નમીએ... | ડો. ભાવેશ જેતપરિયા | ૧૯ |
| ૭. | ઉમા નહીં જાગે તો ? | ડો. ઋષિરાજ જાની | ૨૩ |
| ૮. | ભીતરની વાત સાંભળો, તો સમૃદ્ધ થવાય ! | ડો. કુમારપાળ દેસાઈ | ૨૪ |
| ૯. | આ "નિમિત્ત" વળી શું છે ? | ભદ્રાયુ વછરાજાની | ૨૬ |
| ૧૦. | પરિવારમાં માતા-પિતાની અવગણના | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૭ |
| ૧૧. | સ્ત્રીને 'પ્રેમ' મુક્તિ લાગે છે. | પ્રાગજીભાઈ પટેલ | ૨૮ |
| ૧૨. | આપણા હિસ્સાનો દીવો પ્રગટાવીએ | પ્રફુલ્લ કાનાબાર | ૩૧ |
| ૧૩. | દેખાદેખી અને દંભ પર પ્રહારો | ડો. અમૃત કાંજિયા | ૩૨ |
| ૧૪. | દિકરી માટે સંકટ સમયનો દરવાજો એટલે પિતાનું ઘર.. | રસિક પટેલ | ૩૩ |
| ૧૫. | વડી ધારાસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ | ભગવાનભાઈ કાનાણી | ૩૪ |
| ૧૬. | મહારાષ્ટ્રના દર્શનીય સ્થળો | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૬ |
| ૧૭. | સફળ જીવનનું રહસ્ય | સ્વામી વિવેકાનંદ | ૩૮ |
| ૧૮. | લીગામેન્ટની યોગ્ય સંભાળ.... | ડો. તીર્થરાજ દવે | ૪૦ |
| ૧૯. | વનસ્પતિની રહસ્યમયી જિંદગી | હીરજી ભીંગરાડિયા | ૪૩ |
| ૨૦. | બાપુ બાર લાડુ ખાય... | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૧. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૨. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘

## પ્રમુખશ્રીની કલમે

# યુ.કે. પ્રવાસની અપૂર્વ સફળતા

## ઈંટદાન અભિયાનને મળ્યો અદ્ભૂત પ્રતિસાદ



આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ભારતમાં જાસપુર - અમદાવાદ (ગુજરાત) મુકામે ૬૦ એકર જમીનમાં રૂા. ૨૦ કરોડ પાઉન્ડના ખર્ચે ધર્મ - શિક્ષણ અને સંસ્કૃતિના કેન્દ્ર સમા વિશ્વ ઉમિયાધામનું નિર્માણ ગતિપૂર્વક થઈ રહેલ છે, જ્યાં શિવ અને શક્તિ એટલે કે પાર્વતી કે જેનું બીજું નામ ઉમિયા છે. તે મા ઉમિયાનું વિશ્વનું ઊંચામા ઊંચુ ૫૦૪ ફૂટ મંદિર આકાર લઈ રહેલ છે, ત્યારે...

સનાતન ધર્મના પ્રતિકરૂપે આસ્થા - એકતા અને ઊર્જાના ધામ સમા વિશ્વ ઉમિયા ધામમાં જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરના નિર્માણ થકી ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર ચેતનાને ઉજાગર કરવાના ભાગરૂપે સમગ્ર યુ.કે. (યુનાઈટેડ કિંગડમ) માં વસતા સનાતની સમાજને સહભાગી બનાવવા સંસ્થાનું પ્રતિનિધિ મંડળ તા. ૦૮-૧૧-૨૦૨૫ થી ૨૦-૧૧-૨૦૨૫ સુધી યુ.કે.ના પ્રવાસે ગયેલ. જેમાં સંસ્થાના પ્રમુખ તરીકે મારી ઉપસ્થિતિ હતી અને મારી સાથે સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, ગ્લોબલ બિઝનેસ કમિટીના ચેરમેનશ્રી ચિંતન પનારા, આઈ.ટી. કમિટીના કન્વીનરશ્રી કપિલ પટેલ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - USA ના મહામંત્રી શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) જોડાયા હતા.

આ સમગ્ર પ્રવાસ દરમિયાન મળેલા અનુભવો, દર્શન, ચર્ચાઓ અને લોકોના મળેલ અપાર પ્રેમ-આદરને શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે. છતાં સંસ્થાના દરેક સભ્ય, શુભચિંતકો અને દાતાઓ સુધી આ યાત્રાનો સાર પહોંચે તે માટે પ્રવાસના યાદગાર કેટલાંક અંશો આપની સમક્ષ રજુ કરતાં આનંદની લાગણી અનુભવું છું. સદર પ્રવાસમાં યુ.કે.ના વિવિધ મંદિરો, યુનિવર્સિટીઓ, સમાજિક સંગઠના અને યુ.કે. સ્થિત વિવિધ રાજ્યોના સમુદાયોની મુલાકાત લઈને સંસ્થાની ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક વિધારધારાનું વ્યાપક પ્રસ્તુતિકરણ કર્યું, ત્યારે જેનો યુકેના ભારતીય સમુદાયોએ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે સંસ્થાના સદર પ્રકલ્પને સાંસ્કૃતિક ગૌરવનું ભવ્ય પ્રતિક ગણાવી તેની પ્રેરણાદાયી ભાવનાને બિરદાવીને સંસ્થાના પ્રતિનિધિ મંડળને અદ્ભુત પ્રેમ, સન્માન અને સહયોગ દ્વારા તેની અનુભૂતિ કરાવી.

સનાતની શક્તિના પ્રતિક રૂપે બનતુ મા ઉમિયાનું મંદિર "વિશ્વની નવમી અજાયબી" સમાન બનવાની ક્ષમતા ધરાવે છે, જે વિશ્વભરના સનાતનીઓની શક્તિ અને યુવા - મહિલા સશક્તિકરણનું પ્લેટફોર્મ બનશે અને ભવિષ્યની પેઢીઓ માટે આધ્યાત્મિક - સાંસ્કૃતિક વારસાનું કેન્દ્ર બનશે. આવી સંસ્થાની પ્રેરણાદાયી વિચારધારાથી અનેક આગેવાનો તથા યુવાનો વિશેષ પ્રેરિત થયા હતા અને આ ભગીરથ કાર્યમાં સહભાગી થવાની ખાતરી આપી હતી. તેના પ્રતિભાવમાં અમારી સદર યાત્રાને સફળ બનાવવા બદલ યુ.કે.ના ભારતીય સમુદાય પ્રત્યે અમોએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**યાદગાર સંભારણું :** ઓડિસા સોસાયટી ઓફ યુ. કે. દ્વારા તા. ૧૪/૧૫ નવેમ્બર ૨૦૨૫ લંડનના હાઉસ ઓફ લોર્ડ્સમાં આયોજિત ગ્લોબલ સાઉથ મેરીટાઈમ હેરીટેઈઝ સમિટ અંતર્ગત બાલી જાત્રા યુ. કે. ૨૦૨૫ના કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહેવાનું જે આમંત્રણ મળ્યું તે અમારા પ્રવાસનું મુખ્ય કારણ બન્યું. દુનિયાની સૌથી જુની અને ઐતિહાસિક પાર્લામેન્ટ - "હાઉસ ઓફ લોર્ડ્સ" માં આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે મને સંબોધન કરવાની જે તક મળી એ મારા જીવનનું યાદગાર સંભારણું બની રહેશે.

ઓડિસા સોસાયટી દ્વારા યુ.કે.માં વસતા ઓડિસાના પરિવારો અને ખાસ કરીને યુવા વર્ગને ઓડિસા અને સનાતની કલ્ચર સાથે કનેક્ટ કરવા માટે મળેલ આમંત્રણને માન આપીને તા. ૦૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ અમારા યુ.કે. પ્રવાસની શુભ શરૂઆત થઈ. ઓડિસા સોસાયટી ઓફ યુ.કે. (OSUK) ના અગ્રણી શ્રી કેપ્ટન અરૂણ કરની આગેવાનીમાં લંડનના હિથ્રો એરપોર્ટ પર આપણી પુરી ટીમનું ભાવભર્યું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, જે અમને સૌને ગદ્ગદિત કરનારું હતું.

પ.પૂજ્ય માધવપ્રિયદાસ સ્વામીની પ્રેરણાથી તા. ૯ નવેમ્બર - ૨૦૨૫ ના રોજ લંડનના કચ્છ લેઉઆ પાટીદાર સમાજમાં એસ.જી.વી.પી. ગુરુકુળ પરિવાર યુકે પ્રેરિત "શાકોત્સવ" કાર્યક્રમમાં ત્રણ હજારથી વધારે હરિભક્તોની ઉપસ્થિતિમાં વિશ્વ

ઉમિયા ફાઉન્ડેશનની વિચારધારાને અભિવ્યક્ત કરવાની જે તક મળી તે મારા માટે ધન્ય ક્ષણ હતી. આ કાર્યક્રમમાં એક અભૂતપૂર્વ ઘટના બની જેણે સમગ્ર સમાજને અનેરો સંદેશ આપ્યો છે. આ માટે પૂજ્ય માધવપ્રિયદાસ સ્વામી, સમગ્ર આયોજકોનો અને સવિશેષ પૂજ્ય રામસ્વામી, પૂ. ભક્તિ વેદાંત સ્વામી વગેરેનો આભાર વ્યક્ત કરતાં સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

**પ્રવાસની યાદગાર ઘટના :** સદર શાકોત્સવ કાર્યક્રમ દરમિયાન એક ઘટના એવી બની, જેણે સભામાં ઉપસ્થિત સૌ લોકોની આંખોમાં આંસુ લાવી દીધા અને આપણા દ્રઢ સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો. ઓડિસા સોસાયટી ઓફ યુ.કે. કે જેમણે હાઉસ ઓફ લોર્ડ્સમાં બાલી જાત્રા - ૨૦૨૫ ના કાર્યક્રમને ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરીને ભારત અને યુ.કે.ના સંબંધોને એક નવી જ દિશા આપી છે. તે સોસાયટીના એક કાર્યકર ભાઈશ્રી બિભૂતિ પટનાયકની માત્ર ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી ૯ વર્ષની દિકરી અદિતી પટનાયકે પોતાની કહી શકાય તેવી પિગી બેંક કે જે તેના માટે સર્વસ્વ હતી તે (બચત કરેલા પૈસાનો ગલ્લો) મંદિર નિર્માણ માટે મા ઉમિયાના ચરણોમાં સમર્પિત કરીને બધાને ચોંકાવી દીધા. પોતાના માતા-પિતા વચ્ચે વિશ્વ ઉમિયાધામની થતી ચર્ચાઓ દરમિયાન સહજ જીજ્ઞાસાવશ જાણકારી મેળવી કે સનાતન ધર્મનું મંદિર બની રહ્યું છે, જેમાં સૌ કોઈ પોતાની શક્તિ મુજબ દાન આપી રહ્યા છે ત્યારે....

આ બાળકીના મનમાં પ્રશ્ન થયો કે હું શું આપી શકું ? અને આ પ્રશ્નનો જવાબ તેણે પોતાની પિગી બેંક દાનમાં આપીને સમગ્ર સમાજને આપી દીધો. આ બાળકીએ દર્શાવેલી આ નિર્મળ ભાવના સનાતન સંસ્કાર અને દાન પરંપરાનું જીવંત ઉદાહરણ બની ગઈ. આવા ઉત્તમ સંસ્કાર આપવા માટે તેમના માતા - સ્વાગતિકા ત્રિપાઠી તથા પિતા - બિભૂતીને ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આ ઘટનાથી યાત્રાને વિશેષ અર્થ પ્રાપ્ત થયો. આ રીતે વિશ્વ ઉમિયાધામ માટે સૌથી નાની ઉંમરમાં પિગી બેંક દ્વારા પોતાની બચત કરેલી મૂડી ધર્મ માટે દાન આપનાર પહેલી દિકરી બની છે, ત્યારે ઓડિસા મૂળના આ પરિવારના સનાતની સંસ્કાર માટે સમગ્ર સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

આ દાનની રકમ નાની હોઈ શકે છે, પરંતુ તેની ભાવના આસમાન કરતાં પણ ઉંચી હતી. આ બાળકીનું નિષ્પાપ સમર્પણ દર્શાવે છે કે નવી પેઢીમાં પણ ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યે કેટલી ઉંડી શ્રદ્ધા અને સમર્પણની ભાવના રહેલી છે. આ ઘટના આપણા માટે સૌથી મોટો પુરસ્કાર અને પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. આ બાળકીનું દાન એ વાતનો પુરાવો છે કે વિશ્વ ઉમિયાધામના મંદિરનો આ પ્રોજેક્ટ માત્ર ધનિકો કે વડીલોનો જ નથી, પરંતુ તે દરેક વયના, દરેક સ્તરના સનાતનીઓનું આસ્થાનું કેન્દ્ર છે. સંસ્થા માટે આ ઘટના અકલ્પનીય અને અવિસ્મરણીય બની રહેશે.

**કેપ્ટન અરૂણ કર :** અમારા પ્રવાસની સૌથી ધ્યાન ખેંચનારી વ્યક્તિ હતા. તેઓ ઓડિસા સોસાયટી ઓફ યુકે (OSUK) ના માધ્યમથી સૌને એક પ્લેટફોર્મ ઉપર લાવનાર અલગ પ્રકારનું વ્યક્તિત્વ છે. તેમની એક્ષ્પર્ટનેસ કંપની કે જેમાં તેમની સાથે ભાઈશ્રી ચિંતન પનારા પણ ભાગીદાર છે. તેમણે હાઉસ ઓફ લોર્ડ્સમાં આયોજીત બાલી જાત્રાના કાર્યક્રમના સ્પોન્સર બનીને પોતાની સામાજીક જવાબદારી નિભાવી છે. તેમણે અમારી ટીમના દરેક સભ્યોની સતત ૧૩ દિવસ સુધી તમામ બાબતોનું ધ્યાન રાખીને એક પારિવારિક ભાવનાને ઉજાગર કરી હતી.

આ ઉપરાંત અરૂણ કર એક બિન ગુજરાતી અને બિન પાટીદાર હોવા છતાં ૧૯મી નવેમ્બરે લંડનના કે.પી. સેન્ટરમાં યોજાયેલ મીટીંગમાં માત્રને માત્ર પોતાની સ્વયં સ્ફૂરણાથી પાંચ કરોડ રૂપિયા (પાંચ લાખ પાઉન્ડ) ના દાનની જાહેરાત કરીને સંસ્થાના સૈનિક તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપતિ કરી છે. જે અમારા સૌ માટે અત્યંત પ્રેરણાદાયક હતી, એ માટે સંસ્થા તેનો વિશેષ આભાર માને છે.

અમારી યાત્રાને વધુ સુખદ અને યાદગાર બનાવવામાં સુરેશભાઈ કણસાગરાનું યોગદાન મહત્ત્વનું રહેલ છે તેઓ ત્યાંના કાઉન્સિલર છે અને કે.પી. સેન્ટરના ચેરમેન પણ છે. તેમણે અમારી સમગ્ર ટીમને પોતાના ઘરે આમંત્રિત કરીને ભાવભર્યું આતિથ્ય તો કર્યું, પરંતુ યુ.કે. માં અમારા માર્ગદર્શક બનીને સર્વ સમાજના મહત્ત્વના વ્યક્તિઓ સાથે મુલાકાત કરાવીને આપણી સાથે જોડવાનું ઉત્તમ કાર્ય કરેલ છે. તેમના કે.પી. સેન્ટરમાં તા. ૧૬ અને ૧૯ નવેમ્બરે દરેક સમાજના અગ્રણીશ્રીઓની મીટિંગનું આયોજન કરી દરેકને વિશ્વ ઉમિયાધામના કાર્યમાં સહયોગી બનાવવાની પ્રેરણાત્મક અપીલ કરી. જેના પ્રતિસાદ રૂપે અનેક શ્રેષ્ઠીશ્રીઓએ પોતપોતાના વ્યક્તિગત દાન જાહેર કરી અમારી ટીમને સહયોગ કર્યો તે બદલ તેમનો સંસ્થા વતી આભાર માનું છું.

વધુમાં, એ જાણવું જરૂરી છે કે ૫૦ વર્ષ પહેલા જે ભારતીયો આફ્રિકા છોડીને યુ.કે.માં સ્થાયી થયા તે પૈકી શ્રી રજનીભાઈ કણસાગરા આજે યુ.કે.ના અગ્રણી ઉદ્યોગપતિઓમાં પોતાનું સ્થાન ધરાવે છે. તેમણે વર્ષો અગાઉ લંડનમાં કે.પી. સેન્ટરની સ્થાપના કરીને સમાજને મદદરૂપ થવાની મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમનો સમગ્ર પરિવાર કોઈપણ સામાજિક કાર્યમાં હંમેશા અગ્રેસર

રહ્યો છે. તેઓના પિતાશ્રી શાંતિલાલ નાથાલાલ કણસાગરા (એસ.એન.કે.) ના નામની શૈક્ષણિક સંસ્થા રાજકોટમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરી રહેલ છે. તેમણે મા ઉમિયાના મંદિર નિર્માણમાં એક લાખ પાઉન્ડ દાન આપવાની જાહેરાત કરીને સર્વ માટે પ્રેરણારૂપ બન્યા તે માટે આપણે સૌ ગૌરવ અનુભવીએ છીએ.

આ ઉપરાંત સમાજની વિશિષ્ટ વ્યક્તિઓનો સહકાર અમોને મળેલ છે તે અવિસ્મરણીય છે. ખાસ કરીને સી.બી. પટેલ કે જેઓ યુ.કે.માં પોતાનું "ગુજરાત સમાચાર" ના નામે અખબાર ચલાવે છે. ખૂબ જ પ્રતિષ્ઠિત અને નામાંકિત વ્યક્તિત્વ ધરાવે છે. આજે ૯૦ વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે તેવી તેમની સ્ફૂર્તિ છે. સામાજીક કાર્યોમાં અગ્રેસર રહીને સંગઠીત સમાજના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે, તેમણે પણ ઉપરોક્ત મીટિંગોમાં આપણી સંસ્થાને દાન મળે તે માટે વિશેષ અપીલ કરી હતી. આવી વ્યક્તિ સાથેની મુલાકાત કરાવવામાં ભાઈશ્રી દિપકભાઈ પટેલની ભૂમિકા મહત્ત્વની રહી છે.

**પાટીદાર દિકરી હેરો કાઉન્સિલના મેયર તરીકે :** એક પાટીદારની દિકરી અંજનાબેન પટેલ - હેરો કાઉન્સિલના મેયર હોય તે સમગ્ર સનાતની સમાજ માટે ગૌરવ લઈ શકાય તેવી બાબત છે. તેઓ પણ તા. ૧૯ નવેમ્બરની મીટિંગમાં ઉપસ્થિત હતા. તેમની ખુમારી, આવડત, બુદ્ધિમતા અને સ્માર્ટનેસ ખરેખર પ્રશંસનીય છે. મહિલાઓ માટે આઈકોનીક તરીકે કામ કરી રહ્યા છે. તેઓએ એક મહત્વની વાત કરતાં કહ્યું કે વિશ્વ ઉમિયાધામના માધ્યમથી આપણે "યુથ એક્સચેન્જ પ્રોગ્રામ" કરવો છે. તે અંતર્ગત નજીકના ભવિષ્યમાં આ પ્રોગ્રામને અમલમાં મૂકવાની આપણે સંમતિ આપી છે. આ ઉપરાંત તેમના પ્રવચનમાં તેમણે પોતાની માતા તથા ચાર ગ્રાન્ડ ચિલ્ડ્રનના નામે ૧૦૦ પાઉન્ડની એક ઇંટ લેખે પાંચ ઇંટ લખાવી "ઇંટદાન અભિયાન" નો શુભારંભ સદર મીટિંગમાં તેમણે કરાવ્યો હતો, જે ગૌરવ લેવા જેવી બાબત છે.

અનેક વર્ષોથી જેઓ વિદેશમાં વસે છે તેવા પરિવારો પોતાના વતન અને દેશથી ધીમે ધીમે વિમુખ થતા જાય છે. તેમની ક્રમશઃ આવતી નવી જનરેશન પોતાના દેશ અને વતનને ભૂલી ગઈ છે, ત્યારે વિશ્વ ઉમિયાધામ આવા પરિવારોને પારિવારિક ભાવનાથી જોડવા માટેનો સેતુ બને તે માટેનો પ્રેરણાદાયી સંદેશ આપણે તેમને આપ્યો છે. તેમની નવી જનરેશન પોતાના દેશ અને વતનમાં આવે તે માટે સતત પ્રયત્નશીલ રહીને તેમને ભારતના એરપોર્ટ ઉપર જ પારિવારિક સભ્યોની માફક જ આવકારવામાં આવે અને તેમના રોકાણ દરમિયાન પારિવારિક હૂંફ મળે, તેમના વતન સુધી જવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે અને તે માટેની તમામ વ્યવસ્થાઓ કરીને તેમને સંસ્થા પોતાનો પરિવાર છે એવી પ્રતીતિ વિશ્વ ઉમિયાધામના માધ્યમ દ્વારા કરાવવાનો સંકલ્પ આપણી વિચારધારામાં સામેલ કરેલ છે.

**હાઉસ ઓફ લોર્ડ્સ - યુ.કે. :** તા. ૧૪ અને ૧૮ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન હાઉસ ઓફ લોર્ડ્સમાં હાઉસના લોર્ડ રામી રેંજર, લોર્ડ ડોલર પોપટ, લોર્ડ નવનીત ધોળકિયા, યુ.કે. ના M. P. Louie French, Shadow economic secratory Mark Garnier, (CLLR) Rags sandhu સાથે મુલાકાત કરીને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વિચારધારા અંતર્ગત અનેક વિચારોની આપ-લે કરી અને તેમને પણ સંસ્થા સાથે જોડાવા અપીલ કરી, જેનો સકારાત્મક પ્રતિસાદ મળેલ છે. આવનારા ભવિષ્યમાં શક્ય છે કે તેઓ આપણી સાથે જોડાય. સદર મુલાકાત કરાવી આપવામાં જેમનો વિશેષ સહયોગ રહ્યો છે તેવા કેપ્ટન અરૂણ કર, પાર્થા પાંડા, ઓડિસા સોસાયટીના મહિલા પ્રતિનિધિ અને યુકેના પોલીટીક્સમાં સક્રિય એવા શ્વેતાબેન મહાપાત્રા, ડો. બિભૂતિ પટનાયક તેમજ મહેશભાઈ લિલોરીયાનો સવિશેષ આભાર માનતાં આનંદની લાગણી અનુભવું છું.

**ઈન્ડિયન એમ્બેસીની મુલાકાત :** તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ઈન્ડિયન એમ્બસીના અધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી અને અમારી જાણમાં આવેલ કેટલાક પ્રશ્નોની રજૂઆત તેમની સમક્ષ કરતાં તાત્કાલિક ધોરણે તેના ઉકેલ માટેની કાર્યવાહી કરવાની ખાતરી આપી. આ મુલાકાતને સફળ બનાવવામાં VUF - USA ના મહામંત્રી શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) તેમજ યુ.કે. સ્થિત પંજાબી ઓર્ગેનાઈઝેશનના અગ્રણી શ્રી વિની ખેરા સહયોગી બન્યા હતા, તે માટે તેમને પણ વિશેષ અભિનંદન પાઠવું છું

**આશુતોષ મિશ્રા :** 'આજતક' અને 'ઈન્ડિયા ટૂડે' નેટવર્કના એડિટર શ્રી આશુતોષ મિશ્રા કે જેઓ હાઉસ ઓફ લોર્ડ્સમાં આયોજીત બાલી જાત્રા કાર્યક્રમમાં મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથેનો સહવાસ અને સંસ્થાની વિચારધારાની ગોષ્ઠિ ખૂબ જ ઉત્સાહિત રહી. જેનાથી તેઓએ પણ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વૈશ્વિક વિચારધારાને વિશ્વના પ્લેટફોર્મ ઉપર નવા જ કોન્સેપ્ટ અને વિચાર સાથે મૂકવા માટે પોતાના સહયોગની ખાત્રી આપી તે માટે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**પ્રેરણાસ્પદ પરિવાર :** આજે જ્યારે સંયુક્ત પરિવારો તૂટી રહ્યા છે ત્યારે વિદેશની ધરતી પર એક પરિવારના ન હોવા છતાં વિજયભાઈ ઉસદડિયા, દર્શિલભાઈ પીપળિયા અને કેતનભાઈ પીપળિયાની આ ત્રિપુટી સગાં ભાઈઓની જેમ એક જ પરિવારની જેમ એક જ રસોડે માતા-પિતા સહિત સાથે રહે છે. તેમની સાથે અગાઉનો કોઈ જ પરિચય કે સંપર્ક ન હોવા છતાં અમારા માટે

રહેવા - જમવા માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તેમની તૈયારી સામાજીક ભાવનાને ઉજાગર કરે છે. તેમના ઘરે ગયા ત્યારે લંડનની કડકડતી ઠંડી અને વરસતા વરસાદ વચ્ચે પણ કંકુ ચાંદલાના તિલક સાથે પુષ્પવૃષ્ટિ કરી અમોને જે આવકાર આપ્યો છે તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. મારી દ્રષ્ટિએ ભારતીય સભ્યતાનું આ બહુ મોટું ઉદાહરણ છે. આ ત્રણેય ભાઈઓ અને પરિવારનો આભાર માની શુભેચ્છા પાઠવી હતી.

**સામાજિક સંગઠન કમિટી :** યુ.કે.માં પાટીદાર સમાજના અનેક લોકો રહે છે. હેરોના - વેમ્બલી તેમજ તેની આજુબાજુની વિસ્તારોમાં અંદાજીત ૫૦ હજારથી પણ વધારે પાટીદાર સમાજના લોકો રહે છે. આ ઉપરાંત ગુજરાતી સમાજના લોકોની સંખ્યા પણ એકાદ લાખથી વધારે છે. તેવું ત્યાંના મિત્રોની સાથેની વાતચીતમાં જાણવા મળ્યું. ત્યારે આ દરેક સમાજના મિત્રો એક પ્લેટફોર્મ પર આવે અને સનાતની એકતા મજબૂત બને તે અંતર્ગત વિવિધ સમાજની સંયુક્ત કમિટીની રચના કરવાની બાબતે આપણે વિશેષ ભાર આપ્યો છે. જેના પ્રતિસાદમાં શ્રી શશીભાઈ વેકરિયા, શ્રી રમેશભાઈ કણસાગરા, શ્રી નરેશભાઈ સાવલિયા અને અન્ય અનેક આગેવાનોએ વિવિધ સમાજોની સંયુક્ત સંગઠન કમિટી બનાવવાની વાતને સમર્થન આપતાં, લેઉઆ પાટીદાર સમાજના અગ્રણી ભાઈશ્રી નરેશભાઈ સાવલિયાએ સદર કમિટીનું નેતૃત્વ સ્વિકારીને સંગઠનને મજૂબત કરવાનો સંકલ્પ જાહેર કર્યો. જે સંકલ્પ આવનારા દિવસોમાં ખૂબ જ નિર્ણાયક બની રહેશે.

**હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) :** વિદેશમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં જેમનું વિશેષ યોગદાન છે તેવા યુરોપના દેશોના એચ.એસ.એસ.ના વડા શ્રીરામ વૈદ્ય સાથે સનાતનના સંદર્ભમાં મહત્વની મીટિંગ થઈ હતી. જેમાં પરસ્પરની વિચારધારાને અનુમોદન આપતા શ્રીરામ વૈદ્યે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત ઓક્સફોર્ડ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના ડાયેક્ટર શ્રી શૌનક ઋષિદાસ અને કો-ઓર્ડિનેટર શ્રી યોગેશ પટેલ સાથેની મુલાકાત અમારા માટે ખૂબ જ યાદગાર ક્ષણ હતી. કારણ કે હિન્દુ ધર્મના પ્રચાર-પ્રસાર અર્થે, હિન્દુ ધર્મના પુસ્તકોનો સંગ્રહ કરીને લાયબ્રેરી બનાવી વિશ્વના અનેક લોકોને હિન્દુ ધર્મથી પ્રેરિત કરે તેવી કામગીરી એક અંગ્રેજ કરે ત્યારે આપણને ચોક્કસથી ગૌરવ થાય.

**સંત સમાગમ :** ૮૦ દેશમાં કાર્યરત મોહનજી ફાઉન્ડેશન યુ.કે.માં ખૂબ જ સક્રિયપણે સનાતની સમાજ માટે કાર્ય કરી રહેલ છે. તે ફાઉન્ડેશનના બ્રહ્મઋષિ મોહનજી પણ હાઉસ ઓફ લોર્ડ્સમાં ઉપસ્થિત હતા. તેઓએ પણ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વિચારાધારાથી પ્રભાવિત થઈને સંસ્થા માટે સહયોગી બનવાની ઈચ્છા વ્યક્ત કરી તે માટે તેમનો આભાર વ્યક્ત કરું છું.

આ ઉપરાંત BAPS સ્વામિનારાયણ મંદિર નિસડનના પ્રબુદ્ધમુનિ સ્વામીજી સાથે મુલાકાત કરી મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યા, હિન્દુ ફોરમ ઓફ બ્રિટનના પ્રેસીડેન્ટ તૃપ્તિબેન પટેલ સાથે મુલાકાત કરી, ઈસ્કોન મંદિરની મુલાકાતે ગયા, ચિલ્ટન હિન્દુ કમિટી એમરસનની શનિપૂજામાં ભાગ લીધો, વેમ્બલીમાં આવેલ સનાતન મંદિરમાં દર્શન કરી તેમના ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરી, અનુપમ મિશન યુકેના ડાયરેક્ટર અને સ્વામી હિંમત સાકરિયા સાથે મુલાકાત કરીને સર્વને સનાતન ધર્મ - સંસ્કૃતિ અંતર્ગત વિશ્વ ઉમિયાધામની વિચારધારા અને પ્રવૃત્તિઓથી માહિતગાર કરવાની અનોખી તક આ પ્રવાસમાં અમોને મળી તે મા ઉમિયાની કૃપાનું ફળ છે.

અમે વિવિધ મીટીંગ્સ અને સભાઓમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વિચારધારા અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી તો આપી જ સાથે સાથે શાંતિ, સુરક્ષા, સલામતી અને હેલ્થના મુદ્દાઓ માટે સામાજિક એકતા પર ભાર મુક્યો અને યુકેના પોલિટીક્સમાં સક્રિય થવા અપીલ કરી હતી. ભાગ લેનાર યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે તેમના પરિવારોને પણ વિનંતી કરી હતી. મતદાન જાગૃતિ માટે તથા ઈન્ડિયન લેવલે અને સનાતન લેવલે ઐક્ય સાધવા અપીલ કરી હતી. યુકેના અભ્યાસક્રમમાં અન્ય ધર્મની સાથે હિન્દુધર્મનું શિક્ષણ અપાય તથા હિન્દુ ધર્મના તહેવારોની રજા આપવા માટે સંગઠિત થઈને સરકારમાં રજુઆત કરવી જોઈએ તે બાબતે સમાજને પ્રોત્સાહિત થવા અપીલ કરી.

યુ.કે પ્રવાસે સંસ્થા માટે વિકાસના નવા દ્વારા ખોલ્યા છે. નવા સંબંધો, નવા સહયોગો અને નવી સંભાવનાઓ સાથે યુકેમાં વસતા ભાઈ/બહેનોનો પ્રેમ, વિશ્વાસ અને સહયોગ અમોને જે પ્રાપ્ત થયો જેનાથી આ વૈશ્વિક કાર્ય માટે અમોને નવી ઉર્જા અને પ્રેરણા મળી છે. આ પ્રવાસે એ સાબિત કર્યું છે કે, સનાતન વિચારધારાની જ્યોત વિશ્વના કોઈપણ ખૂણામાં તેજસ્વી રીતે પ્રગટે છે. સનાતન ધર્મની જ્યોતને વિદેશની ભૂમિ પર વધુ પ્રજ્વલિત કરવાનો વિશ્વ ઉમિયાધામનો ઉદ્દેશ સાર્થક થયો છે. યુ.કે.ના આપણા સમુદાયના લોકોનો પ્રેમ, આદર અને સંગઠન શક્તિ અદ્ભુત છે. સંસ્થા વિશ્વવ્યાપી સનાતન સંસ્કૃતિને વધુ ઉંચાઈએ લઈ જવા માટે કટિબદ્ધ છે.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

# U. K. પ્રવાસની યાદગાર ક્ષણો

## શ્રી સ્વામિનારાયણ મંદિર - U.K. (BAPS)







સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તેમજ ટીમ ૧૫ દિવસના યુ.કે.પ્રવાસ ગયેલ તે દરમ્યાન સનાતન ધર્મનું સર્વોત્તમ અને વિશાળ શ્રી સ્વામિનાયારયણ ભગવાનનું મંદિર BAPS (U.K.) ખાતે દર્શન કરી ધન્યતા અનુભવી ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી તથા ટીમે પૂજ્ય પ્રબુદ્ધમુની સ્વામીજી સાથે શુભેચ્છા મુલાકાત કરેલ. મુલાકાત દરમિયાન પ્રમુખશ્રીએ સંસ્થાનું વિઝન અને મિશન, હાલમાં ચાલતી વિવિધ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ તેમજ, સનાતન ધર્મના પ્રસાર-પ્રચાર અંગે વિગતવાર અને સુખદ ચર્ચા વિચારણા કરી હતી.

## શ્રી સુરેશભાઈ કણસાગરા સાથે શુભેચ્છા મુલાકાત



સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, મહામંત્રીશ્રી (USA) દિનેશભાઈ પટેલ (ડેની) તથા અન્ય હોદ્દેદારશ્રીઓએ યુ.કે.ના પ્રતિષ્ઠિત અને સમાજશ્રેષ્ઠી શ્રી રજનીભાઈ કણસાગરા (કાઉન્સિલરશ્રી) તેમજ શ્રી સુરેશભાઈ કણસાગરા સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ.

# U. K. પ્રવાસની યાદગાર ક્ષણો

## હાઉસ ઓફ લોર્ડ્સ, U.K.













યુકે પ્રવાસ દરમ્યાન VUF Team એ હાઉસ લોડ્ર્સ ઓફ લોડ્ર્સ, યુકે ખાતે આયોજિત બાલી જાત્રા ૨૦૨૫ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ સાહેબ તથા ટીમ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

યુકે પ્રવાસ દરમ્યાન VUF Team એ હાઉસ લોડ્ર્સ ઓફ લોડ્ર્સ, યુકે ખાતે આયોજિત બાલી જાત્રા ૨૦૨૫ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ તથા ટીમ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ અવસરે પ્રમુખશ્રીએ યુ.કે.ના વિશિષ્ટ અગ્રણીશ્રીઓ - લોર્ડ રામી રેન્જર, રજનીભાઈ કણસાગરા, શશીભાઈ વેકરિયા, મહેન્દ્રસિંહ જાડેજા, વિમલ ઓડેદરાસ, Hon'ble Tony Baldry (Former MP, UK), મોહનજી, તેમજ આશુતોષ મિશ્રા (ઓડિટર - આજતક અને ઈન્ડિયા ટુડે નેટવર્ક) સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

# **U. K.** પ્રવાસની યાદગાર ક્ષણો

## બાલી જાત્રા - ૨૦૨૫ પ્રોગ્રામ દરમિયાન રોયલ ફેમિલી સાથે શુભેચ્છા મુલાકાત






યુકે બાલી જાત્રા - ૨૦૨૫ પ્રોગ્રામ દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ તથા ટીમે રોયલ ફેમિલી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને સંસ્થાના પ્રમુખશ્રીએ ઓડિસા કલ્ચર પ્રોગ્રામનું શુભારંભ કરી કાર્યક્રમમાં પ્રમુખશ્રીએ ઓડિસા ફેમિલીને સંબોધન કર્યું હતું અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના વિઝન - મિશન તેમજ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ વિશે પણ માહિતગાર કર્યાં હતા.

## Oxford centre, Director
## શ્રી શૌનક ઋષિ દાસ સાથે શુભેચ્છા મુલાકાત




ગત દિવસે સંસ્થાના પ્રણેતા એવ્મ પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ તથા ટીમે Oxford centre for Hindu Studiesના Director શ્રી શૌનક ઋષિ દાસ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

# U. K. પ્રવાસની યાદગાર ક્ષણો

## કે. પી. સેન્ટર @ લંડન







કડવા પાટીદાર સેન્ટર લંડન ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુ. કે. દ્વારા સ્નેહમિલન સંમેલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ, શ્રી શશીભાઈ વેકરિયા, શ્રી વેલજીભાઈ વેકરિયા, સમાજના પ્રમુખશ્રી સુરેશભાઈ કણસાગરા ઉપસ્થિત રહ્યાં હતાં.

જેમાં સંસ્થાના પ્રણેતા એવ્મ પ્રમુખશ્રી આર.પી. પટેલ સાહેબે સંબોધનમાં સનાતન સંસ્કૃતિ, સમાજના સર્વાંગી વિકાસ, યુવા જાગૃતિ તથા વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ જગત જગનની મા ઉમિયાના મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ડીસેમ્બર - ૨૦૨૭માં ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે “મારી ઇંટ મા નાં મંદિરે” તેવા ભાવ સાથે દરેક પરિવારને નવમી અજાયબી સમા દિવ્ય અને ભવ્યાતી - ભવ્ય મંદિર નિર્માણમાં સહભાગી થવા નમ્ર અપીલ કરી હતી. આ ઉપરાંત ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ, શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી શશીભાઈ વેકરીયા તથા શ્રી નરેશભાઈએ પણ પ્રેરણાત્મક સંબોધન કર્યું હતું. સદર કાર્યક્રમમાં સમાજના વડીલો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા.

# U. K. પ્રવાસની યાદગાર ક્ષણો

## બ્રહ્મઋષિ મોહનજીના સત્સંગમાં ખાસ ઉપસ્થિતિ



Navnat Centre, Hayes, London ખાતે યોજાયેલ "In the Divine Presence of Brahmarishi Mohanji Enlightening & Empowering Satsang" કાર્યક્રમમાં સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા ટીમ આમંત્રણને માન આપી સન્માનપૂર્વક હાજરી આપી હતી.

## Indian Embassy @ London

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ સાહેબ તથા ટીમે Indin Embassy @ Londonની મુલાકાત લીધી.



## હાઉસ ઓફ લોર્ડ્સ, લંડન





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી.પટેલ, ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ સાહેબ તથા ટીમ આજે House of Lords, London ખાતે લોર્ડ શ્રી નવનીત ધોળકિયા અને લોર્ડ શ્રી ડોલર પોપટ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

યુ.કે. પ્રવાસ
કવર સ્ટોરી




**ચિંતન પનારા**
ચેરમેન - ગ્લોબલ બિઝનેસ કમિટી
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ


# નાની ઉંમરનું મહાદાન

## સમાજને માર્ગ બતાવતી ૯ વર્ષની અદિતીની પ્રેરણાદાયક કથા

અમદાવાદના જાસપુર ખાતે આકાર લઈ રહેલ વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફુટ જગતજનની મા ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ કાર્ય ગતિપૂર્વક ચાલી રહ્યું છે, જે કેવળ એક ધર્મસ્થળ નહીં પણ સંસ્કાર અને સમરસતાનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. આ ભવ્ય નિર્માણમાં દેશ-વિદેશના લોકો પોતાનું યોગદાન આપી રહ્યાં છે, પરંતુ તાજેતરમાં અમારા યુકેના વિદેશ પ્રવાસ દરમિયાન બનેલી એક ઘટનાએ સૌના હૃદયને સ્પર્શી લીધું હતું.

લંડનના કે.પી. સેન્ટર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાયું હતું, આ કાર્યક્રમમાં ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, શ્રી સુરેશભાઈ કણસાગરા, શશીભાઈ વેકરીયા, વેલજીભાઈ વેકરિયા સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સંબોધનમાં સંસ્થાના પ્રણેતા એવ્મ પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબે સ્પષ્ટ સંદેશ આપતા કહ્યું કે, આ માત્ર મંદિર નથી - આ સનાતન સંસ્કૃતિ, સમાજના વિકાસ અને વૈશ્વિક એકતાનું પ્રતીક છે. વિશ્વ ઉમિયાધામના નિર્માણમાં દરેક પરિવારે "મારી ઈંટ મા ના મંદિરે"ના ભાવ સાથે જોડાવું જોઈએ. વિશ્વ ઉમિયાધામના નિર્માણ માટે જ્યાં મોટા દાતાઓ કરોડોનું દાન આપી રહ્યા છે, ત્યારે મા ઉમિયાના મંદિર નિર્માણમાં સર્વ સમાજ - નાના મોટા સૌ સહભાગી બને તે અંતર્ગત ઈંટદાન અભિયાનની વિગતવાર માહિતી રજુ કરી હતી.

### ૯ વર્ષની અદિતીએ કરેલા પૈસાનો ગલ્લો મંદિર માટે ભેટ આપ્યો :

ધોરણ - ૩માં અભ્યાસ કરતી ૯ વર્ષની નાની દિકરી અદિતી બિભૂતિ પટનાયક આર. પી. પટેલ સાહેબની આ વાત શાંતિથી સાંભળતી હતી. કદાચ તેને તે સમયે સમજાયું નહીં હોય કે મંદિર કેટલું ઉંચુ હશે, કે તેની મુલાકાત કેટલાં લોકોને પ્રેરિત કરશે, પરંતુ તેને એક જ વાત સમજાઈ ગઈ -



"આ માતાજીનું ઘર બને છે.. અને મારી પાસે કંઈક છે જે હું માતાજીને આપી શકું." ઘરે આવીને પોતાના માતા-પિતાને કેટલાંક પ્રશ્નો પૂછે છે કે આ મંદિર માટે હું શું આપી શકું ? માતા જવાબ આપે છે કે તારી પાસે તારી પોતાની કોઈ રકમ હોય તે આપે તો માતાજી સ્વીકાર કરે. આ જવાબ તેના અંતરમનને સ્પર્શી ગયો. તેના ચહેરા પર નિર્મળતા અને આંખોમાં સચ્ચાઈ ઝળહળતી હતી. તે તુરંત જ પોતાના માતા-પિતા સાથે વિશ્વ ઉમિયાધામની ટીમ પાસે આવી અને કહ્યું. "આ મારી પિંગી બેન્ક (બચત કરેલી રકમ) છે. બચતની આ રકમ મેં રમકડાં, મીઠાઈ અને શાળાના પ્રસંગો માટે રાખી હતી... પરંતુ ઉમિયા માતાજીનું ઘર બની રહ્યું છે, તો મારે કંઈક દાન આપવું જોઈએ. હું મારા હિસ્સાની ઈંટ માટે આ પિગી બેન્ક દાનમાં આપું છું !" આમ કહીને તેણે બધાંને ચોંકાવી દીધાં. આ સંસ્કાર આપવા માટે તેમના માતા સ્વાગતિકા ત્રિપાઠી તથા પિતા બિભૂતીને ધન્યવાદ આપીએ છીએ. સનાતન સંસ્કાર અને ઉમિયા માતા પ્રત્યેનો ભાવ જોઈ લંડનના પાટીદાર સમાજ સહિત ઉપસ્થિત સૌ કોઈ ગર્વથી ઝૂમી ઉઠ્યાં હતાં.

અને એ ક્ષણે એ નાનકડી દીકરી અદિતીએ પોતાની સમગ્ર બચત - તમામ રૂપિયા - એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના માતાજીના ચરણોમાં અર્પણ કરી દીધા. કોઈ પ્રદર્શન નહીં, કોઈ દેખાડો નહીં... કોઈ સન્માનની અપેક્ષા

નહીં.. માત્ર નિર્મળ, શુધ્ધ અને નિસ્વાર્થ ભાવનો અદ્વિતીય પ્રસંગ. આ માત્ર પૈસાનું દાન નહોતું, પરંતુ એક બાળકની નિર્મળ આસ્થા, ત્યાગની ભાવના અને સંસ્કારોની સુવાસ હતી, જેણે આખા સમાજને એક મોટો સંદેશ આપ્યો છે. આ નાની બાળકી આપણને એક જ ક્ષણમાં એવો પાઠ શીખવી જાય છે, જે કદાચ મોટી કથાઓ કે મોટી પ્રવચનમાળાઓ પણ ન શીખવી શકે.

**ત્યાગની દીવાદાંડી :**
**એક નાનકડી દીકરીનું મોટું દિલ :**

મોટાભાગના બાળકો તેમની બચતની રકમ મનગમતા રમકડાં કે ચોકલેટ ખરીદવા માટે રાખે છે. પરંતુ આ બાળકીએ પોતાની પિગી બેન્ક તોડીને જે દાન કર્યું. તે એ વાતનો પુરાવો છે કે સંસ્કારોનું સિંચન ધન-સંપતિ કરતાં અનેકગણું મૂલ્યવાન છે. આટલી નાની ઉંમરે મંદિરના નિર્માણમાં સહભાગી થવાની જે ભાવના તેનામાં જાગી, તે દર્શાવે છે કે ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યેની તેની આસ્થા કેટલી પ્રબળ છે.

**સંસ્કારની શક્તિ :** આ બાળકીના માતા પિતાએ કરેલું સંસ્કાર સિંચન પ્રશંસનીય છે. તેના કારણે જ આ બાળકી આવો પ્રેરક નિર્ણય લઈ શકી. આ માટે અદિતીના માતા-પિતા પણ ધન્યવાદના અધિકારી છે. આનાથી દરેક માતા-પિતાને તેમના બાળકોમાં ધર્મ અને ત્યાગના મૂલ્યો રોપવાની પ્રેરણા મળે છે.

**સામુહિક જોડાણ :** જ્યારે સમાજનો દરેક વર્ગ, દરેક જ્ઞાતિના લોકો, દરેક રાજ્યના લોકો, દરેક સનાતની અને દરેક ઉંમરના લોકો - નાની બાળકીથી લઈને વડીલો સુધી અમીર-ગરીબ બધાં જ લોકો વિશ્વ ઉમિયાધામના આ ભગીરથ કાર્યમાં સહભાગી થઈ રહ્યા છે, ત્યારે આ મંદિર કેવળ એક ઈમારત નહીં પણ સામૂહિક આસ્થા અને એકતાનું પ્રતીક બની જાય છે. આ ઘટના ત્યા હાજર દરેક વ્યક્તિને એ રીતે સ્પર્શી ગઈ કે અમુક લોકોએ તુરંત જ વધુ દાન આપવાનો સંકલ્પ લીધો. સૌ ભાવુક બની ગયા હતાં. કોઈની આંખોમાં આંસુ હતા, તો કોઈના હૃદયમાં નવા જીવન માટેની પ્રેરણા. એક નાનકડી દીકરીએ બતાવી દીધું કે નિર્મળ હૃદય હોય તો સેવા અને ભક્તિ માટે કોઈ ઉંમર, કોઈ પરિસ્થિતિ, કોઈ શરત જરૂરી નથી.

**દરેક વ્યક્તિ પોતાની “એક ઈંટ” મૂકી શકે છે**

વિશ્વ ઉમિયાધામનો મહાપ્રકલ્પ માત્ર કોંક્રીટ કે પથ્થરથી નથી બનવાનો, એ તો આવા શુદ્ધ હૃદયોની ભક્તિ અને સેવા પર ઉભો થવાનો છે. ભવિષ્યમાં જ્યારે ૫૦૪ ફૂટ ઊંચુ ઉમિયાધામ વિશ્વને અચંબિત કરતું હશે, ત્યારે તેની પ્રત્યેક ઈંટમાં દીકરીની નિર્દોષ ભાવના ઝળહળતી જોવા મળશે. આ નાની દીકરી માત્ર દાન કરનાર નથી, પરંતુ તે સમાજ માટે જીવંત પ્રેરણા છે, ભક્તિની પ્રતિમા છે અને ભાવનાનું સત્ય સ્વરૂપ છે.

**સામાજિક સંદેશ :** આ બાળકીએ સમાજને એક સંદેશ આપ્યો છે કે દાન માટે ઉંમર કે ધનવાન હોવું જરૂરી નથી, પરંતુ દિલમાં શ્રદ્ધા અને સમર્પણની ભાવના હોવી જરૂરી છે. દાન પર માત્ર અમીરોનો જ અધિકાર નથી. જેના હૃદયમાં ભાવ હોય, એજ સાચો દાતા છે. સમાજ જે મૂલ્યોથી જીવે છે, આગામી પેઢી એ જ મૂલ્યોને અનુસરશે. મહાન પ્રકલ્પો એક - એક વ્યક્તિના નાનકડા યોગદાનથી જ ભવ્ય બનતા હોય છે. આ પ્રસંગ યુવાનો, વિદ્યાર્થીઓ અને અન્ય લોકોને એક નવી જ પ્રેરણા આપે છે કે સપના પુરા કરવા માટેની પોતાની બચતમાંથી પણ થોડો ભાગ સમાજ અને ધર્મના કાર્યમાં આપી શકાય છે.

વિદેશની ધરતી પર પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચે રહીને ભારતીય સંસ્કૃતિ માટેની આ ધાર્મિક ભાવના સાથે એક નાની દીકરી જો આ કાર્ય કરી શકે તો એ સમાજ માટે મોટો સંદેશ છે. આપણે તો જે છે તેનો દશાંશ પણ નથી આપતા, જ્યારે આ દીકરીએ તો પોતાનું સર્વસ્વ (તમામ બચત રકમ) આપી દીધું. આ સર્વસ્વ આપી દેવાનો જે ભાવ છે તે માતાજી પ્રત્યેની શ્રદ્ધા અને સંસ્કૃતિ સાથેનું તેનું જોડાણ બતાવે છે. **આ એક શક્તિનું સમર્પણ શક્તિને છે.** ખરેખર આ અનુભવ અકલ્પનીય છે, અદ્વિતીય છે, અવિસ્મરણીય છે.

■ ■ ■

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને
જાણીતા કેળવણીકાર

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** શ્રી રામજી કૌશલ્યા માતાજીની રજા લેવા ગયા કહ્યું કે માતા ! તું પ્રસન્ન મનથી મને આજ્ઞા આપ, જેથી મારી વનયાત્રામાં આનંદ-મંગળ થાય. હું ચૌદ વર્ષ વનમાં રહીને પિતાજીનાં વચનોને પ્રમાણિત કરી પાછો આવીને તારા ચરણોનાં દર્શન કરીશ.

**હવે આગળ :**

धरि धीरजु सुत बदनु निहारी ।

गदगद बचन कहति महतारी ॥

ધીરજ ધરીને પુત્રનું મુખ જોઈને માતા બોલ્યાં, હે તાત ! તમે તો પિતાને પ્રાણસમાન પ્રિય છો. તમને રાજ્ય આપવા માટે શુભ દિવસ જોવડાવ્યો હતો; તો પછી ક્યા અપરાધે વનમાં જવાનું કહ્યું ? હે તાત ! મને એનું કારણ સંભળાવો. સૂર્યવંશને બાળવા માટે અગ્નિ કોણ બની ગયું ?

राखि न सकइ न कहि सक जाहू ।

दुहूँ भाँति उर दारुन दाहू ॥

શ્રી રામચંદ્રજીનું વલણ જોઈને મંત્રીના પુત્રે બધું કારણ સમજાવીને કહ્યું. આ સાંભળીને કૌશલ્યા મૂંગાની જેમ ચૂપ થઈ ગયાં. હવે તેઓ રામને ન તો રહેવાનું કહી શકે છે, કે ન તો વનમાં જવાનું કહી શકે છે. ધર્મ અને સ્નેહ બંનેએ કૌશલ્યાજીની બુદ્ધિને ઘેરી લીધી. મનમાં પુત્રને રોકી લઉં તો ધર્મ જાય અને વનમાં જવાનું કહું તો મોટી હાની થાય.

सरल सुभाउ राम महतारी ।

बोली बचन धीर धरि भारी ॥

રામચંદ્રજીનાં માતા ધીરજ ધરીને વચન બોલ્યાં, હે તાત ! હું તમારી પર વારી જાઉં છું. તમે ઠીક કર્યું. પિતાની આજ્ઞાનું પાલન કરવું એ જ ધર્મ છે. રાજ્ય આપવાનું કહી વન આપી દીધું, એનું મને લેશમાત્ર દુઃખ નથી, પણ તમારા વિના ભરતને અને પ્રજાને ઘણો ભારે કલેશ થશે. તે વાતનું મને દુઃખ છે.

पितु बनदेव मातु बनदेवी ।

खग मृग चरन सरोरुह सेवी ॥

વનના દેવતા તમારા પિતા થશે અને વનદેવીઓ માતા થશે. હે રઘુવંશના તિલક ! વન ઘણું ભાગ્યશાળી છે અને આ અવધ અભાગિયું છે. હે પુત્ર ! જો હું કહું કે મને પણ સાથે લઈ ચાલો તો તમારા મનમાં સંદેહ થશે કે, માતા આ બહાને મને રોકવા માંગે છે. હું તારાં ઓવારણા લઉં છું કહી આગળ બોલ્યાં.

सब कर आजु सुकृत फल बीता ।

भयउ कराल कालु बिपरीता ॥

આજે બધાયનું પુણ્ય ફળ પુરુ થઈ ગયું ! કાળ વિપરીત થયો. પોતાને અભાગી કહીને ઘણો વિલાપ કરીને માતા રામજીના ચરણોમાં વીંટળાઈ ગયા. તે વખતના વિલાપનું વર્ણન કરી શકાતું નથી. પણ રામજીએ માતાને ઉઠાણીને હૃદયે લગાડી દીધાં.



दीन्हि असीस सासु मृदु बानी ।

अति सुकुमारि देखि अकुलानी ॥

પણ આ સમાચાર સાંભળી સીતાજી અકળાઈ ઉઠ્યાં અને સાસુમાની પાસે જઈને એમના બંને ચરણ કમળોની વંદના કરીને શીશ ઝુકાવીને બેસી ગયાં. સુકુમારી સીતાજીને જોઈને કૌશલ્યા વ્યાકુળ થઈ ગયાં. સીતાજીનાં સુંદર નેત્રોમાંથી જળ વહી રહ્યું છે. આ જોઈ કૌશલ્યાજી બોલ્યાં.

सोइ सिय चलन चहति बन साथा ।

आयसु काह होइ रघुनाथा ॥

સાસુ સસરા અને સર્વને પ્રિય એવાં સીતાજી અત્યંત સુકુમારી છે. તે સીતાજી હવે તમારી સાથે વનમાં જવા ઈચ્છે છે હે રઘુકુળ એને શી આજ્ઞા છે ! કાં તો તપસ્વીઓની સ્ત્રીઓ વનમાં રહેવા યોગ્ય છે. હે પુત્ર ! જે તસવીરમાંના વાંદરાને જોઈને ડરી જાય છે તે સીતા વનમાં કેવી રીતે રહી શકશે ?

(ક્રમશઃ આવતા અંકમાં)

## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# મીરાંનો સાધન - પથ

**(ગતાંકથી શરૂ...)**



અભીપ્સા પ્રજવલિત થયા પછી, અભીપ્સાથી પ્રેરાઈને અધ્યાત્મ પથનો સ્વીકાર થયા પછી પણ અભીપ્સાનું વિશોધન થવું જોઈએ. **અભીપ્સાશોધનની પ્રક્રિયા પાંચ સ્વરૂપે બને છે :**

(૧) સંકીર્ણતામાંથી એકાગ્રતા

(૨) મંદતામાંથી તીવ્રતા

(૩) અશુદ્ધિમાંથી શુદ્ધિ

(૪) અજાગૃતિમાંથી જાગૃતિ

(૫) વેદનાયુક્ત અભિપ્સામાંથી આનંદયુક્ત અભીપ્સા

મીરાંની અભીપ્સા પ્રારંભથી જ એકાગ્ર છે. શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિની કામના મીરાંના ચિત્તમાં કદી જન્મી નથી. મીરાંની અભીપ્સાની તીવ્રતા અગ્નિશિખા જેવી છે. અતિ વિપરીત સંયોગોમાં પણ મીરાંની અભીપ્સા કદી મંદ પડી નથી, બલકે વધુ પ્રજવલિપ થઈ છે. મીરાંની અભીપ્સા અગ્નિતપ્ત સુવર્ણ જેવી પરિશુદ્ધ છે. મીરાંની અધ્યાત્મયાત્રા વિરહયુક્ત હોવા છતાં તે આનંદયાત્રા છે. વિરહની વેદના પણ મીરાં માટે આનંદ છે, કારણ કે વિરહ પણ કૃષ્ણનો છે ને ! તેથી મીરાંની અભીપ્સા પણ આનંદપૂર્ણ જ રહી છે !

**અભીપ્સાનાં ચાર સ્વરૂપો છે.**

(૧) શારીરિક અભીપ્સા : શરીરને પણ એક ચેતના છે. અધ્યાત્મયાત્રામાં શરીર પણ એક સાધન છે. શરીર પણ પરમાત્માને ઝંખે, આ શારીરિક અભીપ્સાનું સ્વરૂપ છે.

(૨) પ્રાણમય અભીપ્સા : અધ્યાત્મપથની યાત્રા માટે પ્રાણ એક પ્રબળ સાધન છે. જ્યારે સાધકનો પ્રાણ પણ પરમાત્મા માટે અભીપ્સા સેવે ત્યારે તે સાધકની અધ્યાત્મયાત્રા પ્રબળ અને તીવ્ર બની જાય છે. ભાવ, ઉત્સાહ, શૌર્ય, પ્રબળતા, બલિદાનની ભાવના આદિ તત્વ પ્રાણમય અભીત્સામાંથી પ્રગટે છે.

(૩) મનોમય અભીપ્સા : સામાન્યતઃ સાધકમાં અભીપ્સાનો પ્રારંભ મનોમય ભૂમિકા પરથી થતો હોય છે, કારણ કે જ્યાં સુધી માનવી સામાન્ય ચેતનામાં જીવતો હોય ત્યાં સુધી મન જ તેના સમગ્ર વ્યક્તિત્વની આગેવાની કરે છે.

વ્યક્તિ મનથી, બુદ્ધિથી સમજીને ભગવાનનું વરણ કરે, તે મનોમય અભીપ્સાનું સ્વરૂપ છે. મનોમય અભીપ્સા એટલા માટે અનિવાર્ય છે કે જો મન જ ઈન્કાર કરે તો અધ્યાત્મયાત્રા ચાલે જ કેવી રીતે ?

બૌદ્ધિક અસ્પષ્ટતા, શંકાશીલતા, પ્રમાણની માગ, મનમાં રહેલા અભીપ્સા વિરોધી તત્વો છે. મનોમય અભીપ્સાના જાગરણથી આ તત્વોનું નિરાકરણ થાય છે.

(૪) અંતરાત્માની અભીપ્સા : અંતરાત્મા માનવ વ્યક્તિત્વનો સાચો અગ્રણી છે. અંતરાત્માની અભીપ્સા જ મૂળભૂત અને કેન્દ્રસ્થ અભીપ્સા છે. અંતરાત્માની અભીપ્સા સ્વરૂપતઃ જ પરિશુદ્ધ, જ્વલંત અને એકનિષ્ઠ હોય છે. અંતરાત્મામાં સાચું જ્ઞાન, સાચો પ્રેમ અને સાચું સમર્પણ હોય છે. અંતરાત્મા જો મન, પ્રાણ અને શરીરની અશુદ્ધિઓથી ઢંકાયેલો ન હોય તો તે કદી ભૂલ કરતો નથી.

અંતરાત્માની અભીપ્સા હૃદયકેન્દ્રની અભીપ્સા છે. જ્યારે સાધકમાં અંતરાત્માની અભીપ્સા પ્રગટે છે, ત્યારે તેની અધ્યાત્મપથ પરથી ગતિની સીમા રહેતી નથી. અંતરાત્મા સાધકની અધ્યાત્મયાત્રાનો સાચો અગ્રણી છે.

**મીરાંની અભીપ્સાનું સ્વરૂપ શું છે ?**

મીરાંમાં ચારે સ્વરૂપની અભીપ્સા છએ. મીરાંનો અંતરાત્મા શ્રીકૃષ્ણનાં દર્શન, મિલન માટે પુર્ણભાવે આતુર બન્યો છે. મીરાનું મન શતપ્રતિશત કૃષ્ણને ઝંખે છે. મીરાંનો પ્રાણ સર્વદા અને સર્વથા કૃષ્ણગત પ્રાણ છે. મીરાંનું શરીર, શરીરનો એકેએક કોષ કૃષ્ણને ઝંખે છે. મીરાંનું નૃત્ય મીરાંની શારીરિક અભીપ્સાનું જ એક સ્વરૂપ છે.

મીરાંની સાધનાનો અગ્રણી અંતરાત્મા છે અને શરીર પ્રાણ-મન-સદાસર્વદા અંતરાત્માને અનુસરે છે, તેથી મીરાંની અધ્યાત્મયાત્રામાં ક્યારેય દ્વિધા, આંતરવિરોધ કે શિથિલતા જોવા મળતાં નથી. મીરાંની અધ્યાત્મયાત્રા સંવાદિતા, એકનિષ્ઠા, સ્પષ્ટતાથી ભરપૂર છે, તેનું રહસ્ય આ ચારે કરણો વચ્ચે રહેલી એકવાક્યતામાં છે.

અભીપ્સા અને કૃપા વચ્ચે ભાવ-પ્રતિભાવ જેવો સંબંધ છે.

અભીપ્સા એટલે સાધક તરફથી ઊઠતો ભગવાન માટેનો પુકાર. કૃપા એટલે ભગવાન દ્વારા સાધકને અપાતો પ્રત્યુત્તર.

અભીપ્સાથી સાધકની ચેતના પરમાત્માની કૃપા - પરમાત્માની રૂપાંતરકારી શક્તિ પ્રત્યે અભિમુખ થાય છે. કૃપા દ્વારા સાધકના જીવનમાં

# ધર્મ સૃષ્ટિ

યથાર્થ રૂપાંતર આવે છે. સાધકનું જીવન ભગવાનથી રસાઈ જાય છે. અભીપ્સા ધરતીનું તપ્ત થવું છે. કૃપા આકાશની ધરતી પર અમીવર્ષા છે. કૃપાપ્રાપ્તિમાં અભીપ્સાની કૃતાર્થતા છે.મીરાંની અભીપ્સા અને મીરાં પર કૃષ્ણની કૃપા, બંને અજોડ છે, બેજોડ છે, અદ્વિતીય છે.

૨. વ્યાકુળભાવે પ્રાર્થના : ભગવાનને વ્યાકુળભાવે પ્રાર્થના કરવી - આ ભક્તોની સર્વોત્તમ સાધના છે. અભીપ્સાનું જ સક્રિય સ્વરૂપ છે. અભીપ્સામાંથી પ્રભુમિલનની વ્યાકુળતા અને પ્રભુને મિલન-દર્શન માટે પ્રાર્થના પ્રગટે છે. ભગવાનને ભક્તો દ્વારા વ્યાકુળભાવે પ્રાર્થના થઈ હોય અને અનુત્તરિત રહી હોય તેવું દૃષ્ટાંત વિશ્વના ઈતિહાસમાં નોંધાયું નથી.

ઠાકુર શ્રી રામકૃષ્ણને ભક્તો પૂછતાં : "મહાશય, ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?" ઠાકુર જવાબ આપતા :

"અરે ! વ્યાકુળભાવે ભગવાનને પ્રાર્થના કરો; તે આવશે. ભગવાન માટે રડો; ભગવાન આવશે. અરે ! લોકો સંસાર માટે ઘડો ભરીને આંસુ સારે છે, પણ ભગવાન માટે કોણ રડે છે ? ભગવાનનને વ્યાકુળભાવે પુકારવા, ભગવાન માટે વ્યાકુળ બનીને રડવું, એ જ તેની પ્રાપ્તિનો સીધો સરળ ઉપાય છે."

ઠાકુર શ્રી રામકૃષ્ણને પણ આ જ સાધનથી જગદંબાની પ્રાપ્તિ થઈ હતી.

ભગવાનને વ્યાકુળભાવે પ્રાર્થના કરવી, ભગવાન માટે વ્યાકુળભાવે રુદન કરવું, તે એવી સમર્થ સાધના છે કે ભગવાન પણ ભક્તને મળવા માટે આતુર બની જાય છે. જેમણે ગજરાજનો પુકાર પણ સાંભળ્યો તેઓ શું પોતાના ભક્તોનો પુકાર ન સાંભળે ?

મીરાંએ શ્રીકૃષ્ણને વ્યાકુળભાવે પુકાર્યા છે, મીરાંએ વ્યાકુળભાવે ભગવાનને પ્રાર્થના કરી છે. મીરાં કૃષ્ણ માટે રડ્યાં છે. મીરાની આંખોમાં કૃષ્ણ માટે, માત્ર કૃષ્ણ માટે જ આસું વહ્યાં છે. આ આંસુ મીરાંની પ્રબળ સાધના છે. જેમની આંખમાં ભગવાન માટે આંસુ વહે છે, તેમના ભાગ્યનું શું કહેવું ! મીરાંએ પોતાની કૃષ્ણપ્રીતિની વેલીને પ્રેમનાં આંસુનું સિંચન કર્યું છે અને અશ્રુસિંચન દ્વારા આ વેલી ફૂલીફાલી છે.

ભગત દેખ રાજી હુઈ જગત દેખ રોઈ।
અંસુવન જલ સીંચ સીંચ પ્રેમ-બેલિ બોઈ ॥

ભગવાન ઘટઘટનો જાણનારો છે, સજ્ઞાન છે, પ્રેમી છે, લાકડાની મૂર્તિ જેવો નિષ્ઠુર નથી, તેથી પ્રત્યેક વ્યાકુળ પ્રાર્થનાનો ઉચિત પ્રત્યુત્તર તે આપે જ છે. ભક્ત જ ભગવાનને મળવા આતુર હોય છે, તેમ નથી. ભગવાન પણ પોતાના લાડીલા ભક્તોને મળવા આતુર છે. જો મીરાંની પ્રાર્થનાને ભગવાન ન સાંભળે, મીરાંનાં આંસુનો ભગવાન પ્રત્યુત્તર ન આપે તો - તો તે ભગવાન શાના ?

ભગવાનને અર્પણ કરવા માટેનો સર્વોચ્ચ ઉપહાર ક્યો છે ? ભગવાન માટે વ્યાકુળભાવે પ્રાર્થના થાય, ત્યારે ભક્તની આંખમાં પ્રેમનાં જે આંસુ વહે છે, તે જ ભગવાનને અર્પણ કરવા માટેનો સર્વોત્તમ ઉપહાર છે. આ અશ્રુમાલા પહેરીને ભગવાન ભક્ત પર પરમ પ્રસન્ન થઈ જાય છે અને ભક્ત પર કૃપાની વર્ષા કરે છે. મીરાંએ ભગવાનને વ્યાકુળભાવે પ્રાર્થના કરી છે. મીરાંએ ભગવાનને પ્રેમનાં આંસુઓની ભેટ ધરી છે, અને તેથી જ કૃષ્ણ મીરાં માટે આતુર બને છે. મીરાં પર કૃષ્ણની માત્ર કૃપા જ નથી, મીરાં પર કૃષ્ણની પરમપ્રીતિ છે.

ભગવાનની કૃપા તો સૌ ભક્તોને મળે છે, પરંતુ ભગવાનની પ્રીતિ તો કોઈ વિરલ ભક્તને જ મળે છે. મીરાંને કૃષ્ણની પ્રીતિ મળી છે. કારણ કે મીરાંએ કૃષ્ણને આંસુઓનો ઉપહાર આપ્યો છે.

૩. મધુરભાવ : ભક્ત ભગવાનસાથે પ્રેમ સંબંધ જોડે છે. આ પ્રેમ જ ભક્ત અને ભગવાન વચ્ચેનો સુવર્ણતંતુ છે. જ્યારે સંબંધ જોડાય છે, ત્યારે સંબંધનું એક સ્વરૂપ પણ બને છે. ભક્ત અને ભગવાન વચ્ચેના સંબંધને પાંચ સ્વરૂપમાં વહેંચવામાં આવે છે :

૧. શાંતભાવ ૨. દાસ્યભાવ ૩. સખ્યભાવ ૪. વાત્સલ્યભાવ ૫. મધુરભાવ

શાંતભાવમાં ભક્ત અને ભગવાન વચ્ચે જીવ-ઈશ્વરનો અર્થાત અંશ-અંશીનો સંબંધ છે. ઋષિ-મુનિઓનો આ શાંતભાવ છે.

દાસ્યભાવની ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે દાસ-સ્વામીનો સંબંધ જોડવામાં આવે છે. હનુમાનજી, વિષ્વક્સેન, દારુક આદિનો દાસ્યભાવ છે. દાસ્યભાવમાં શાંતભાવ તો રહે જ છે, કારણ કે શાંતભાવ તો ભક્તિસંબંધનો આધાર છે.

સખ્યભાવની ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે સખાનો અર્થાત્ મિત્રનો સંબંધ જોડાય છે. અર્જુન, ઉદ્ધવજી, સુગ્રીવ આદિ ભક્તોનો સખ્યભાવ છે. સખ્યભાવમાં શાંતભાવ અને દાસ્યભાવ તો હોય જ છે.

વાત્સલ્યભાવની ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે માતા અને પુત્રનો સંબંધ જોડવામાં આવે છે. યશોદા, દેવકી, કૌશલ્યા, વૃદ્ધા ગોપીઓ વગેરેની ભક્તિ વાત્સલ્યભાવની ભક્તિ છે. આ ભાવમાં શાંત આદિ ત્રણે ભાવ હોય છે. મધુરભાવની ભક્તિમાં ભક્ત અને ભગવાન વચ્ચે પ્રિયતમા-પ્રિયતમ કે પત્ની-પતિનો સંબંધ જોડવામાં આવે છે. મધુરભાવને કાન્તાભાવ પણ કહે છે.

મીરાંની ભક્તિ, મીરાંની કૃષ્ણપ્રીતિ મધુરભાવની ભક્તિ છે, પ્રીતિ છે. મીરાંએ બહુ નાની વયથી, ના ! જન્મથી, ના ! ના ! જન્મજન્મથી શ્રીકૃષ્ણનું પતિરૂપે વરણ કર્યું છે.

આંડલનું શ્રીરંગની મૂર્તિ સાથે વિધિવત્ લગ્ન થયાં હતાં. અને આંડાલ શ્રીરંગને પતિરૂપે ભજતાં-ભજતાં જીવનભર શ્રીરંગના મંદિરમાં જ રહ્યા હતા. મીરાંનું આમ બની શક્યું નથી. લૌકિક દૃષ્ટિથી મીરાંનાં લગ્ન મેવાડના યુવરાજ ભોજરાજજી સાથે થયાં હતાં. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ, હૃદયના ભાવથી દૃષ્ટિએ મીરાં કૃષ્ણ-અર્ધાંગિની છે. મીરાંએ પ્રારંભથી અંત સુધી શ્રીકૃષ્ણને જ પતિરૂપે માન્યા છે, શ્રીકૃષ્ણને જ પતિરૂપે ભજ્યા છે.

(ક્રમશઃ આવતા અંકે...)

# ધર્મ સૃષ્ટિ



**ડૉ. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)

# શિલવંત સાધુને વારે વારે નમીએ...

ગંગાસતીએ ભજનવાણીમાં શીલવંત હોય તેને જ સાધુ કહે છે. આપણે પહેલા સાધુતા જાણીને પછી ગુરુની શોધ કરવી જોઈએ. સાધુ એટલે જે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન અખંડ જાળવે તે સાધુ છે. સાધુની ઓળખાણ વસ્ત્રોથી ન થાય આચરણથી થાય છે એટલે સંસારી વ્યક્તિ પણ સાધુ હોઈ શકે છે. સાધુતાના વ્યવહારમાંથી અગરબત્તીની જેમ આપણને સાધુતાની ખુશ્બુ આવે છે.

સંસારદશામાં રહીને કે સંસાર છોડીને આત્મદશા સાધે તે સાધુ. દેહયોગ, મનોયોગ, જપયોગ, નિર્મોહ વગેરે સાધુતા કેળવવાના સાધનો છે. આત્મયોગ સિદ્ધ કરે તે સાધુ. ધાર્મિક, તપસ્વી, પરોપકારી, પવિત્ર વ્યક્તિ હોય તેણે સાંસારિક જીવનનો ત્યાગ કર્યો હોય. આપણે ક્યારેક યોગી, સન્યાસી અથવા વૈરાગી તરીકે પણ ઓળખાવીએ છીએ. જે સંયમી હોય, સાધક હોય, આધ્યાત્મિક શિસ્તના માર્ગને દ્રઢતાથી અનુસરે તે સાધુ છે. સાધુનું જીવન બ્રહ્મધ્યાન અને ચિંતન તરફ હોય, એમાં જગતકલ્યાણની ભાવના પણ હોય છે. દરેક ધર્મમાં સાધુતાની વ્યક્તિગત ઓળખ હોઈ શકે છે. શીખધર્મમાં બ્રહ્મજ્ઞાની બનેલી વ્યક્તિને સાધુ કહેવામાં આવે છે. સંયમી, દયાળુ, શાંતિપ્રિય, સુરક્ષિત, સારો, સદાચારી, ન્યાયી, ઉમદા, સજ્જન હોય, પવિત્ર, પ્રામાણિક અને સત્યનો ઉપાસક જે હોય તે સાધુ છે.

સાધનાધારા મુજબ સાધનાની કક્ષા પ્રમાણે સંત, જોગી, સન્યાસી, ગુરુ, સતગુરુ, સાંઈ, ઓલિયો, ફકીર વગેરે અલગ અલગ ઓળખ આપવામાં આવે છે. શ્રીમદ્ ભગવતગીતામાં જે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો બતાવ્યા તેને જ મહાત્મા ગાંધીજીએ 'વૈષ્ણવજન' કહ્યો છે. સાધુ વૈષ્ણવજન હોય છે. ગંગાસતી જેને શીલવંત સાધુને કહે છે એવા સાધુના માર્ગદર્શન મુજબ ચાલીએ એટલે ફેરો સફળ. વસ્તુ વેચે એને વેપારી કહેવાય. કારીગરના અમુક લક્ષણોનુ જ્ઞાન હોય તેને કારીગર કહેવાય, નાનો કે મોટો વેપાર કરે તેને વેપારી કહેવાય. ગુરુને સાધુ કહી શકાય. ગુરુને ગારુડી કહેનાર કબીર ગુરુને કુંભારની ઉપમા પણ આપે છે. એક ભજનમાં કહ્યું છેઃ

સાહેલી મોરી ભાગ્ય રે મળ્યો, અમને સાધુ પુરુષનો સંગ,
અવર પુરુષ નો સંગડો ના કરીએ, હરિ એ તો પાડી દીયે ભજનમાં ભંગ...

ભારતીય સાધનામાં ગુરુનું સ્થાન ઘણું મહત્ત્વનું માનવામાં આવ્યું છે. ગુરુ સાધુતા ધારણ કરેલો હોવો જોઈએ. ભજનમાળાના મણકાઓને જોડતા દોર રૂપે સંતવાણીમાં ગુરુ જોડાયેલા છે. ગુરુમહિમા દરેક સંતકવિએ વર્ણવ્યો છે. સમસ્યાઓના સમાધાન માટે ગુરુજ્ઞાન મહારોગની અમરત જેવી દવા છે. પિંડનું રહસ્ય જાણવું, પિંડથી પર થવાની વિદ્યા અને



પરમ સુધી પહોંચવાની માસ્ટર-કી એટલે સદગુરુ. આપણી સાધનાધારા ગુરુમુખી રહી છે. ગુરુમૂર્તિમાં શ્રદ્ધા જોડીને એક ખૂણે રહીને સફળ થનાર એકલવ્યનું ઉદાહરણ મળે છે. તેણે સાક્ષાત્ પરબ્રહ્મરૂપે ગુરુનો સ્વીકાર કર્યો હતો. શરણાગતિના ભાવે શિષ્ય ગુરુના શરણે-ચરણે આવે ત્યારે ગુરુ-શિષ્યનો દિવ્ય સંબંધ જોડાય છે. ગુરુના અનુભવનો લાભ શિષ્યને મળે છે. એમાં શિષ્યની પ્રતિભા અને યોગ્ય સાધના ભળે તો સવાયા શિષ્ય મળવા સંભવ છે.

ગુરુ-શિષ્ય પરંપરા વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરીને અધ્યાત્મની ઉંચાઈ પ્રાપ્ત કરીને જગતકલ્યાણની ભાવના દ્રઢ કરવા માટે હતી. હજુ આ પરંપરા સાવ લૂપ્ત થઈ ગઈ નથી. ગુરુ વિના અગમનો ભેદ જાણવા મળતો નથી. સંતોએ સાધુતાધારી ગુરુનો મહિમા અધિક ગાયો છે. એના સંગમાં રહેવાનું કહેનાર ગોરખનાથનું આખું ભજન મમળાવવા જેવું છેઃ

સાધુ તેરો સંગડો ના છોડું મેરે લાલ...
લાલ મેરે દિલ કી સાધુ લાગી રે વેરાગી રામા,
જોયું મેં તો જાગી હો જી. કપડાં રંગાયા સાધુ, અંચલા રંગાયા હો જી.
તો ભી મેરો તનડો ન રંગાયો મેરે લાલ.
જોયું મેં તો જાગી હો જી. ધરતી કા તકિયા સાધુ, તકિયો તપિયો હો જી.
તો ભી મેરો મનડો ન તપિયો મેરે લાલ.
જોયું મેં તો જાગી હો જી. મચ્છન્દરના ચેલા જતિ ગોરખ બોલિયા,

# ધર્મ સૃષ્ટિ

બોલ્યા બોલ્યા અમૃતવાણી મેરે લાલ.

જોયું મેં તો જાગી હો જી.

જ્ઞાનપરંપરામાં ગુરુમુખીજ્ઞાનનું મહત્ત્વ અધિક માનવામાં આવે છે. સાધુતાધારી ગુરુનાં શબ્દબાણથી વીંધાતાં જ જ્ઞાનપ્રકાશ થાય છે. ગુરુની શોધથી કંટાળીને અખાએ 'ગુરુ તારો તું થા' એવું કહીને ઘટમાં ગુરુ ખોજવાનું કહ્યું છે. ખીમસાહેબ એજ વાત કહે છેઃ

ગુરુગમ ખોજો ઘટમાંઈ, કર સતગુરુ કી સેવ.

ભારતીય સંસ્કૃતિમાં આચરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સાધક સંત-સાધુ-ગુરુને ટોચનું સ્થાન ઈશ્વરથી અદકેરું આપવામાં આવે છે. એ શ્રદ્ધાનું કેન્દ્ર છે. અને અધ્યાત્મમાર્ગનું મજબૂત માધ્યમ છે. દરેક સંસ્કૃતિ અને દરેક કાળમાં આ માધ્યમને પોતાની રીતે સ્વીકારમાં આવેલું છે.

પોતે આચરણ નહિ કરે તો ઉપદેશ અસર કરશે નહીં. કથા, કીર્તન સત્સંગ ખૂબ થાય છે છતાં પણ જીવનધોરણ સુધરતું નથી. જીવને ઈશ્વર અભિમુખ કરે છે એટલે ગુરુ આકર્ષણનું કેન્દ્ર છે. તે લોકોને સત્યપ્રકાશ તરફ લઈ જઈ શકવા સક્ષમ હોવો જોઈએ. લાયક વ્યક્તિ લાયક બનાવી શકે. ગુરુ પાસે સાધુતા જ પારસમણિ છે. ગુરુ એ રસ્તાની કેડી જાણતા હોવા જોઈએ. સંત અને તંત, સાધુ અને ધૃતારાની પરખ આચરણ પરથી કરી શકાય છે. સાધુના લક્ષણો અને વ્યવહાર બતાવીને લોકને સાધુની પરખ કરી શકે એટલા માટે ગંગાસતીએ પોકારી પોકારીને કહ્યું છે. આખું ભજન સાધુતા વિશે જ છેઃ

શીલવંત સાધુને વારે વારે નમીએ, જેનાં બદલાય નહીં વ્રતમાન જો;
રામભરુસો રાખે હૃદયમાં જેને, મહારાજ થયા મહેરબાન રે...
સ્નેહ કે શત્રુ કોઈ નથી, જેના દિલમાં પરમારથ ઉપર પ્રીત રે;
સતગુરૂ સાનમાં પૂરણ સમજે ને, રૂડી રૂડી પાળે રીત રે...
વહેવારની વાતો જેને ગમતી નથી, ભજનમાં રહે ભરપૂર રે;
અલખને લખ કહી લાભ જ લેતાં, જેનાં નેણલામાં વરસે નૂર રે;
પર ઉપકારમાં કરવા પ્રવૃત્તિ ને, નિવૃત્તિમાં નીજ રૂપ રે;
પોતે રહીને પોષે બીજાને, એવાં સંત સાહેબના સ્વરૂપ સંગત
કરો તો એવા નરની કરજો, પમાય એથી ભવ પાર;
ગંગાસતી કહે સાંભળો પાનબાઈ, દેખાડે અલખના દ્વાર...

ઘણીવાર આપણી શ્રદ્ધાનું કેન્દ્ર હોય, જેને સાધુ માન્યા હોય અને એની વરવી લીલા જોઈને, સાંભળીને, વાંચીને, અનુભવીને આઘાત લાગે છે. એની ખેલ પટુતા પોકળ લાગે છે. જે માયા ન મૂકે, એક માયા મૂકીને બીજી માયાનું વર્તુળ રચે એ સંત નથી જ. સંત કે સંન્યાસી માયામુક્ત હોવો જ જોઈએ. કોઈપણ કથા માયામુક્તિ માટે છે. કોઈપણ ભજન માયામુક્તિ માટે છે. સંત-ગુરુ-સાધુની આખી પરંપરા માયામુક્તિ માટેની છે. સત્સંગ તેનું દઢિકરણ કરવા માટે છે. સાધુ સાધનાથી કસાયેલો વિશુધ્ધ ચરિત્ર હોવો જોઈએ. સાધુતાને પચાવી શકે નહિ તેવાને ચેતવણી આપતા સ્વામી દેવાનંદ કહે છેઃ

શીલવંતા સાધુ, સંભાળજો કરી પ્રીતિ, દેવાનંદ કે તે પોતાનું હાથે નાક વઢાવે રે.

સાધના વિના હાથમાં બકડિયું આવી જાય એવાને ચલિત થતા વાર લાગતી નથી. તકસાધુ-તરકટી દરેક કાળમાં હયાત હોય જ છે. આજથી દોઢસો વરસ પહેલા સંતકવિ જીવાસાહેબે કરમવેલીમાં મોક્ષ મેળવવા માટે કરવામાં આવતા વિવિધ કર્મોનો ચિતાર આપીને વરવી લીલાને વર્ણવી છે. તેઓ કહે છે કે, આવી લીલામાં વધારે ફસાઈ જવાનું થાય છે.

કોઈ કથાયું સાંભળે મન ભોળે, કોઈ સતસંગ કરી મન ખોડેઃ
કોઈ ચિત વાજાંમાં ચોડે, એવા ઉપાય ઘણાં ઘણાં કરે,
સાચી વસ્તુને છેટે રિયા ફરે....

આ ભોળી દુનિયાને ભરમાવવા માટે ધૂતારાઓના તૂટા ન હોય. એનાથી બચી શકવાની આપણામાં ત્રેવડ હોવી જોઈએ. આપણે શા માટે તેની પાસે જઈએ છીએ એ વિશે સતર્ક રહેવું જોઈએ. આપણી પાસે ભીખારી થઈ ઊભા હોય એવા ભીખ્ખુ-લૂંખાઓ આપણને શું આપશે ? જેના સંગથી-સ્પર્શથી - દ્રષ્ટિથી ઐશ્વર્ય વધે, દૈવી સંપત્તિ આવે, આસ્તિક્તા વધે આપણી સાધના દઢ થાય, આપણું અંતઃકરણ ચોખ્ખુ થાય, શાંતિનો અનુભવ થાય તેના શરણમાં જવું જોઈએ. જે સંયમી હોય, અહંકારી ન હોય, માન-અપમાનની સ્થિતિએ સમાનભાવ અનુભવે, ઈશ્વર સાથે નીકટ હોય તેને સ્વામી દેવાનંદ સાધુ હોવાનું કહે છેઃ

હાંજી ભલા સાધુ, હરિકી સાધ, તનકી ઉપાધિ તજે સો હી સાધુ....
માન અપમાનમેં એકતા, સુખ દુઃખમેં સમભાવ...
ત્યાગે તીખાં તમતમાં, રસના ભોગવિલાસ...
મુક્તાનંદ સો સંતકે, સદા રહત હરિ પાસ...

સાધુતા ધારણા કરનાર સંત સિધ્ધ પુરુષ છે સંતો એવા સાધુને ખોજવાનું કહે છે. તેની પાસે અધ્યાત્મના માર્ગની કૂંચી હોય છે. એને નમવાનું અને માર્ગદર્શન લેવાનું સંતો કહે છે. શીલવંત સાધુની પરંપરાને મજબૂત બનાવવી જોઈએ. નિર્વાણપદની પ્રાપ્તિ માટે શીલવંત સાધુ જ રામબાણ ઈલાજ છે. એનાથી અજ્ઞાનરૂપી અંધારું દૂર થાય છે. કોઈનાં ચરણમાં ઝૂકતા પહેલા જીવાત્માએ તેના શીલવંતપણાની ખોજ કરવી જોઈએ.

મો. ૯૮૭૯૮૩૫૭૧૭


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Huge Height
Slab Top to Slab Top
Basement | 13′
Ground Floor | 13′3″
First Floor | 14′9″
70% Open Area & 30% Typical Construction
Superior Build & Work Quality
Lavish Amenities For All Age Groups
26000 Sq Ft Podium Garden
2 Allotted Car Parking
2nd Plot From Ring Road Purely Residential Project
Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000


ZEN GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
East - West Open Flats
Large Beam & Column Less Living & Dining Area
Water Meter Installed in Flats
Separate Metered Water Line, Direct From Bore, on 2nd & 3rd Floor for Vaishnav
Rare 10'8" Slab Top to Slab Top Flat Height
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000

## ધર્મ સૃષ્ટિ



**ડૉ. ઋષિરાજ જાની**
લેખક - દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કૃત,
ગુજરાત રાજ્ય યુવા સાહિત્યકાર એવોર્ડ વિજેતા
અને સંસ્કૃતના વિદ્વાન. ગણપત યુનિવર્સિટી.

# ઉમા નહીં જાગે તો ?

જયા, જગાડતી નહિ અભયાને ! ઘડી પહેલા જ સૂતેલી ઉમાને !
એક વાર જાગી જો ઉમા તો જંપતાં લાગશે ઝાઝીવાર,
તું જાણે છે પહેલેથી જ છે ચંચળ ઉમાનો ચેતો વિસ્તાર
કાલ અમારી ઉમા દીકરી, આવી સંધ્યાટાણે !
રાત વીતી કેવી બીલી નીચે ગઈકાલે કોણ જાણે !
નોતરું કોઈનું શકે ન ઠેલી ! આખો દી' ઘૂમે ઘર ઘર-ડેલી
થાકી સૂઈ જાય સાંજે ઘેલી, રહે ઉમા-મુખે પાન અડધા ચાવેલાંને !
રમવું હોય જો, હે જયા જો ઉમા સંગે ! તો આવજે ત્યારે જ્યારે મંગલા જાગે,
દ્વિજ રાધિકા બોલે, ઉમા નહીં જાગે, તો જગતમાં પછી કોણ જાગશે ? બોલોને?
-લેફ્. ડૉ. સતીશચન્દ્ર વ્યાસ ("બંગાળી આગમની ગાન" પૃ-૧૨૭)

**પ્રસ્તુત ગીત બંગાળી 'આગમની ગીત' છે.** એ બંગાળની અંદર દુર્ગાપૂજા શરૂ થતાં પહેલાં, ભગવતી દુર્ગાના આગમનની તૈયારી રૂપે આગમની ગીતો ગાવાની પરંપરા છે. આગમની ગીતો એટલે, ભક્તના હૃદયમાંથી નીકળેલ ભગવતીના આગમન સમયે વધામણાંનાં ગીત. આમ તો, આગમની ગીતો બંગાળી ભાષામાં લખાય છે. પ્રસ્તુત ગીત પણ મૂળ બંગાળીમાં જ છે, જેનો ગુજરાતી અનુવાદ લેફ્ટનન્ટ ડૉ. સતીશચન્દ્ર વ્યાસ (શબ્દ) દ્વારા થયેલ છે. પ્રસ્તુત ગીતના કવિ દ્વિજરાધિકા છે. ડૉ. સતીષ વ્યાસે એકાવન (૫૧) આગમની ગીતોનો બંગાળીમાંથી ગુજરાતી ભાષામાં ખૂબજ સુંદર, ભાવપૂર્ણ અને ભક્તિપૂર્ણ અનુવાદ કર્યો છે. જે બંગાળી આગમની ગાન નામક પુસ્તકરૂપે પ્રકાશિત થયેલ છે.

પ્રસ્તુત ગીતમાં કવિ ભગવતી ઉમાના આગમનની રાહ જોતા પોતાના હૃદયના ભાવ વ્યક્ત કરે છે. અનેક કોટિ બ્રહ્માંડની જનની ઉમા જાણે કવિની પોતાની સગી દીકરી હોય એવાં વહાલથી ચિંતા વ્યક્ત કરે છે. દુર્ગાપૂજા માટે મા ઉમા કૈલાસથી પોતાના પિયર રોકાવા આવી છે અને લાંબી યાત્રા કરીને થાકીને આવીને માંડ સૂતી છે. ઉમાની માતા અને હિમાલયના પત્ની મેના જાણે કહેતાં હોય એ રીતે કવિ ઉમાની ચિંતા કરે છે. ઉમાની સહેલી જયા ઉમાને આવેલી જાણી મળવા આવે છે. ત્યારે માતા મેના ઠપકો આપતા કહે છે કે, સાસરેથી લાંબો પ્રવાસ કરીને આવેલી મારી દીકરી ઉમા હજી થોડીવાર પહેલાં જ સૂતી છે. એને જગાડીશ નહીં. જગતી મા ઉમા આખા જગતની ચિંતામાં ક્ષણવાર માટે પણ આરામ કરતી નથી. જો એ જાગી જશે તો આખા જગતની ચિંતામાં એ ફરીથી ઊંઘશે નહીં, કારણ કે ભગવતી પોતાના સંતાનનાં દુઃખથી દુઃખી થઈ જશે અને એને સહેજ પણ વિશ્રામ મળશે નહીં, તો ઉમા પિયરમાં આવી છે એનો શો અર્થ?

બંગાળમાં બીલીના ઝાડ નીચે મા દુર્ગાનું સ્થાપન અને પૂજન કરાય છે. એ લોક પરંપરાનો ઉલ્લેખ કરતાં કવિ કહે છે કે હજી કાલે તો મારી દીકરી આવી છે અને બીલીના ઝાડ નીચે રાત આખી વિતાવી છે. કોણ જાણે એને ઊંઘ આવી શકી હશે કે નહિ. ભોળી ભવાની ભક્તોના આમંત્રણને ટાળી શકતી નથી એટલે નોરતાના સમયે ભક્તોના ઘરે ઘરે એ જાય છે. પરંતુ આ રઝળપાટના કારણે થાકેલી ઉમા અડધા ચાવેલા તાંબૂલને મુખમાં રાખીને જ ચાવતાં ચાવતાં સૂઈ ગઈ છે. માતા મેનાની માફક કવિ જયાને કહે છે કે, જો ઉમા સાથે રમવું હોય તો તું જગતનું મંગળ કરનારી મંગલા (ઉમા) જાગે ત્યારે આવજે. ગીતની છેલ્લી પંક્તિમાં કવિ દ્વિજરાધિકા એક સુંદર તર્ક રજૂ કરે છે, કે **ઉમા નહિં જાગે તો જગતમાં કોણ જાગશે ?**

**આવી જ ચિંતા જગદ્ગુરુશંકરાચાર્ય પણ સૌંદર્યલહરીમાં કરે છે :**

હે હિમાલયની પુત્રી, તું જ્યારે તારાં નેત્રો બંધ કરે છે ત્યારે જગતનો પ્રલય થાય છે અને નેત્રો ઊઘાડે છે ત્યારે જગતનો ઉદ્ભવ થાય છે એમ સંતો કહે છે. આ સમગ્ર જગત પ્રલય પછી તારાં નેત્રો ઉઘાડવાથી જન્મ પામ્યું છે અને મને લાગે છે કે, જાણે એનું સંપૂર્ણ રક્ષણ કરવા માટે તારી આંખો એ મીંચાઈ જવાનું બંધ કર્યું છે. (મૂળ શ્લોક : निमेषोन्मेषाभ्यां... શ્લોક નં ૫૫)

ભગવતી ઉમા જો સૂઈ જાય તો આ જગતરૂપી રમત પણ સમેટાઈ જાય છે. જો ભગવતી ઉમા આંખો ખોલે તો ક્ષણવારમાં જ અનેકો બ્રહ્માંડો રચાઈ જાય છે. આંખ ખોલવી એટલે ઉન્મેષ અને આંખ બંધ કરવી એટલે નિમેષ. આમ ભગવતી ઉમાના આંખ બંધ કરવા અને ઊઘડવા માત્રથી અનેકો બ્રહ્માંડો સર્જન અને વિનાશ થઈ જાય છે. શ્રીલલિતાસહસ્રનામાવલિમાં 'उन्मेषनिमिषोत्पन्नविपन्नभुवनावली' એવું ભગવતી ઉમા માટે નામ પ્રયોજાયું છે. ભગવતીના ઉન્મેષથી (આંખ ઊઘાડવાથી) ભુવનો ઉત્પન્ન થાય છે અને નિમેષથી (આંખ બંધ કરવાથી) ભુવનો નાશ પામે છે. આથી જ તો ભગવતી ક્યારેય આંખો બંધ કરતી નથી.

આ ગીતમાં કવિ એક મીઠી મૂંઝવણ અનુભવે છે કે દીકરી ઉમા થાકેલી છે તો એને આરામ કરવા દેવો જોઈએ પણ બીજી તરફ પોતાની જ પુત્રી જગતજનની પણ છે તેથી એનું જાગવું પણ એટલું જ આવશ્યક છે. આથી કવિ આ મૂંઝવણને વ્યક્ત કરતા કહે છે કે જો ઉમા નહી જાગે તો પછી કોણ જાગશે ? એટલે કે સંસારનો નાશ થઈ જશે, પ્રલય થઈ જશે.

મો. ૯૭૧૨૩ ७૫૧૧૨



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ભીતરની વાત સાંભળો, તો સમૃદ્ધ થવાય !

આજના સ્પર્ધાત્મક યુગમાં વ્યક્તિ સતત અન્યની સાથે પોતાની તુલના કરતો રહે છે અને આવી તુલના કરીને, પોતાની મર્યાદા જાણીને એને ઓળંગવા પ્રયાસ કરે તો તો ઉત્તમ કહેવાય. પણ મુખ્યત્વે તો એ બીજી બધી વ્યક્તિઓને પરાસ્ત કરીને પ્રત્યેક બાબતમાં પોતાની જાતને મોખરે રાખવા ચાહતી હોય છે. કોઈ પણ ક્ષેત્રમાં પોતાની જાતને મોખરે રાખવાની કે શ્રેષ્ઠ પુરવાર કરવાની ઈચ્છા એ અનુચિત કે આયોગ્ય નથી, પરંતુ એને માટે અનિષ્ટકારી રસ્તા અપનાવાય કે પેંતરાબાજી થાય તે અયોગ્ય છે.

નદીકિનારે બાળકો રેતીનો મહેલ બનાવે એવી આજના સ્પર્ધાત્મક યુગની સ્થિતિ છે. એક નદીના હરિયાળા કાંઠા પર રેતીમાં બાળકો રમતાં હતાં. કોઈ રેતીનું ઘર બનાવે, તો કોઈ રેતીનું મંદિર બનાવે. કોઈ રેતીનો પહાડ કરે, તો કોઈ રેતીનો મહેલ ચણે.

દરેક બાળક પોતાના કામને સૌથી સારું ગણે. કોઈ કહે, "મારો મહેલ કેવો સુંદર છે ! એની આગળ તારું મંદિર તો પાણી ભરે."

બીજો કહે, "મહેલમાં તો રાજા રહે. રાજા કરતાં ભગવાન મોટા. મારા મંદિરમાં તો ભગવાન વસે."

આમ કરતાં કરતાં ક્યારેક લડી-ઝઘડી પડે. એમાં કોઈનો પર્વત તૂટે, તો પાણીપત સર્જાય. એટલામાં સાંજ પડવા આવી. અંધકાર છાવાવા લાગ્યો. સૌને ઘેર જવાનું યાદ આવ્યું. બધાં બાળકો એ મહેલ કે મંદિર, એ પર્વત કે મકાન છોડીને નીકળી પડ્યાં. જેને માટે આટઆટલું લડ્યાં-ઝઘડ્યાં એ બધું એમ ને એમ પડી રહ્યું. એક વાર જે 'મારા' અને 'તારા' માટે લડાઈ ચાલતી હતી, તે અંધકાર થતાં આથમી ગઈ. આ રીતે અલ્પ એવા આયુષ્યકાળમાં આવી જિંદગીભર ચાલતી લડાઈઓ જીવનને ક્લેશમય બનાવે છે.

અન્ય સાથે સતત સ્પર્ધામાં ડૂબેલી વ્યક્તિ પહેલાં દોષદર્શન કે આક્ષેપનો સહારો લેશે અને અણગમતી કે વિરોધી વ્યક્તિ પર તરેહ તરેહના આક્ષેપો કરવા લાગશે. જાણીબૂજીને એની ક્ષતિઓ દર્શાવવા લાગશે અને એની મર્યાદાઓ શોધવાની ચોતરફ તપાસ કરશે. આવા આક્ષેપની પાછળ દબાતે પગલે દ્વેષ પ્રવેશશે અને એને વિરોધીનું સઘળું દ્વેષમય લાગશે. સમય જતાં એ વ્યક્તિની આસપાસ પોતાના દ્વેષનો બંધિયાર કિલ્લો રચી દેશે. પરિણામે એ વિરોધી વ્યક્તિના હૃદય સુધી પહોંચી શકશે નહીં. એમાં નિંદા સતત ભળતી રહેશે અને એમાંથી શત્રુતા જાગશે.

આમ ચડિયાતા થવાની સ્પર્ધા અંતે કટુતા, દ્વેષ અને દુશ્મનાવટમાં સમાપન પામે છે. આવી દુર્બુદ્ધિથી ચાલનારી વ્યક્તિ પોતાના જીવનમાં ઉચ્ચ ગુણોની ઉપાસના કરવાને બદલે વિરોધી વ્યક્તિના પોતે કલ્પેલા અનિષ્ટ ગુણોનું સતત ચિંતન કરતો હોય છે અને અન્યને અહિતકર એવા વિચારોમાં સતત મગ્ન રહે છે. એક અર્થમાં કહીએ તો એના ચિત્તમાં જાગેલો દુર્ભાવનાનો દૈત્ય વાસ્તવિક શત્રુ કે પ્રતિકૂળ પરિસ્થિતિ કરતાં વધુ અકલ્યાણકર અને દુઃખદાયી બનતો હોય છે. એનું ચિત્ત સતત વિક્ષુબ્ધ રહેતું હોય છે અને આવું દોષદર્શન ઈશ્વરદર્શન માટે અવરોધરૂપ બને છે. આથી સ્વામી રામતીર્થે કહ્યું છે કે અન્યનું દોષદર્શન ઈશ્વર દર્શન માટે અવરોધરૂપ બને છે. આથી સ્વામી રામતીર્થ કહ્યું છે કે અન્યનું દોષ દર્શન કરવા કરતાં એના દોષોની ઉપેક્ષા કરવાથી વ્યક્તિ બીજાના કરતાં પોતાની જાતને એ દોષોથી વધુ બચાવે છે.

આવી દોષદર્શનની બહેકેલી વૃત્તિ અને અવિરત પ્રવૃત્તિ સમય જતાં આત્મઘાતી રૂપ ધારણ કરે છે. પહેલાં એ એક વ્યક્તિના દોષ જુએ છે અને એની એ આદતનો તંતુ એના સ્નેહીજનોના દોષ જોવા સુધી લંબાય છે, એ પછી કુટુંબીજનો અને આસપાસના સમાજનો દોષ જુએ છે, કારણ કે એની દૃષ્ટિ પર ગુણદર્શનને બદલે દોષદર્શનનાં ચશ્માં લાગી ગયાં હોય છે. આકાશમાં ઊંચે ઊડતી સમડીને પૃથ્વીની કોઈ રમણીયતા દેખાતી નથી, પણ મલિન વસ્તુ જ નજરે પડે છે.

એટલે એ કોઈ પણ વ્યક્તિ, પ્રસંગ કે પરિસ્થિતિમાંથી કોઈક ને કોઈક દોષ શોધી કાઢશે. સમય જતાં જાણે-અજાણે આ એની આદત બની જાય છે, એ જ એની દૃષ્ટિ અને એ જ એના વિચારોની ગતિ બની જાય છે અને એનો દુષ્પ્રભાવ એના સમગ્ર જીવન પરત્વેના દૃષ્ટિકોણમાં પ્રતિબિંબિત થાય છે. ધીરે ધીરે અન્યના દોષદર્શનની ટેવ એના મનમાં એવી વળગી પડશે કે એને પોતાનો દોષ ક્યારેય દૃષ્ટિગોચર થશે નહીં. બીજાઓના દોષની એ અહર્નિશ વાત, વિવેચન કે ચર્ચા કરશે. આવા દોષદર્શનની વાત કે ચર્ચા કરવાથી વ્યક્તિના ભાવનાજગતનું સૌંદર્ય, ઉમદા વિચારોનું માધુર્ય અને ચિત્તની આનંદસ્થિતિ નષ્ટ થાય છે.

# શિક્ષણ સૃષ્ટિ

કોઈની ગુણપ્રશંસા સમયે વ્યક્તિના અવાજમાં તાજગી, ઊભરો અને ઉમળકો અનુભવાય છે, જ્યારે દોષકથન સમયે શબ્દો ધીમા ધીમા, ત્રુટક અને એનો અવાજ લથડતો લાગે છે. હકીકતમાં તો આવા દોષદર્શનને બદલે વ્યક્તિએ ઈશ્વરના ન્યાય પર શ્રધ્ધા રાખવી જોઈએ. વ્યક્તિમાં જે કંઈ દોષ હશે, તે પ્રમાણે એને ભોગવવું પડશે. એના કર્મોને કારણે એને સહન કરવાનું આવશે. એના દોષો અંગે વર્ણન કરનાર અને એને વિશે નિર્ણય આપનાર ન્યાયધીશ હું કોણ ? આમ વિચારીને બીજાના દોષોનો વિચાર કરવાથી દૂર રહેવું જોઈએ.

આંતરદર્શનની કેડીએ ચાલતા સાધકને જ્યારે બીજી વ્યક્તિનો દોષ દેખાય, ત્યારે એણે પોતાના ઘરમાં ડોકિયું કરવું જોઈએ. એણે પોતાના અંતઃકરણને તપાસવું જોઈએ અને વિચારવું જોઈએ કે આ બીજા માણસની માફક પોતે આવો કોઈ દોષ ધરાવતો નથી ને ? પોતાના આંગણામાં તો આવો કોઈ કચરો પડ્યો નથી ને ? આ સંદર્ભમાં ૧૭મી સદી દરમિયાન ઈંગ્લેન્ડમાંથી રાજાશાહી દૂર કરનાર સેનાપતિ ઑલિવર ક્રોમવેલનો પ્રસંગ યાદ આવે છે.

**ઑલિવર ક્રોમવેલે હોલૅન્ડ અને સ્પેનને પરાજય આપ્યો હતો** અને સમગ્ર યુરોપમાં મજબૂત શાસક તરીકે ઑલિવર ક્રૉમવેલે પ્રતિષ્ઠા સંપાદન કરી. આ સમયે ઑલિવર ક્રૉમવેલની વીરતાથી પ્રભાવિત થઈને એક ચિત્રકાર એમની પાસે આવ્યો. એણે કહ્યું, ''હું આપનું ચિત્ર દોરવા માગું છું.''

ક્રૉમવેલે પ્રસ્તાવનો સ્વીકાર કરતાં ચિત્રકાર પ્રસન્ન થયો. ક્રૉમવેલ જેટલો સાહસિક અને વીર હતો, એટલો જ કુરૂપ હતો. એના ચહેરા પર એક ઘણો મોટો મસો હતો, જેને કારણે એનો દેખાવ વિચિત્ર અને અતિ બેડોળ લાગતો હતો. ચિત્રકારે આ સમર્થ શાસકની તસવીર બનાવી, પરંતુ જાણી જોઈને એમાંથી ચહેરાને બેડોળ બનાવનારો મસો દૂર કરી દીધો.

તસવીરમાં ક્રૉમવેલ અત્યંત સુંદર લાગતો હતો. ચિત્રકાર જ્યારે ચિત્ર લઈને ક્રૉમવેલ પાસે ગયો, ત્યારે એ જોઈને ક્રૉમવેલે કહ્યું, ''તેં ખૂબ સુંદર કલાકૃતિનું સર્જન કર્યું છે, પરંતુ તે મારી નથી. બીજાની હોય તેવી લાગે છે.''

ચિત્રકાર ઑલિવર ક્રૉમવેલની વાતનો મર્મ પારખી ગયો. બીજે દિવસે બીજી તસવીર લઈને એમની પાસે પહોંચ્યો. આ તસવીર જોઈ ક્રૉમવેલ પ્રસન્ન થયા અને બોલ્યા, ''હા, બસ, આ મારું ચિત્ર છે. વ્યક્તિમાં પોતાની ખામીઓને જોવાની અને સ્વીકાર કરવાની હિંમત હોવી જોઈએ.''

સાધક સ્વદોષદર્શન કરીને પોતાના એ દોષને દૂર કરવા માટે પ્રયત્નશીલ બનશે. સ્વદોષદર્શન એ કપરું અને ભગીરથ કાર્ય છે. સૌપ્રથમ તો સ્વદોષોનું જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે એ જાગૃતિ જ એને સાચા માર્ગે દોરે છે. આ સંદર્ભમાં **અમેરિકાના મહાન સંશોધક થોમસ આલ્વા એડિસનને પોતાની મર્યાદાને વિશેષતામાં પલટી નાખી હતી.** જેના નામ પર ૧૦૯૩ જેટલી નવાં સંશોધનોની પેટન્ટ હતી. પોતાની સૌથી મહાન શોધ કરીકે એડિસન ગ્રામોફોનની શોધને માનતા હતા, કારણ કે એના દ્વારા એમણે સંગીતને ઘેર ઘેર પહોંચતું કર્યું.

તીવ્ર જીજ્ઞાસા, વિશિષ્ટ સર્જકતા અને સંશોધન માટેના ખંતને કારણે એડિસન વિશ્વપ્રસિદ્ધ બન્યા, પરંતુ આ શોધક ઘણી મંદ શ્રવણશક્તિ ધરાવતા હતા. એડિસનની બહેરશથી વાકેફ એવા એક સજ્જને એમને જરા મોટેથી કહ્યું, ''તમે ભગવાનને હંમેશા ફરિયાદ કરતા હશો કે એણે તમને સઘળું આપ્યું, પણ શ્રવણશક્તિ આપી નહીં.''

આ વાત સાંભળીને એડિસન ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, ''અરે મિત્ર, હું ભગવાનને ફરિયાદ કરતો નથી, બલ્કે ધન્યવાદ આપું છું કે એણે મને શ્રવણશક્તિથી વંચિત રાખ્યો.''

પેલા સજ્જનને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું, ''શ્રવણશક્તિના અભાવે તમને પારાવાર મુશ્કેલી પડતી હશે. ગ્રામોફોનના શોધક છો, પણ એના પર આજે અમેરિકામાં ઘેર ઘેર વગાડાતું સંગીત તમે સાંભળી શકતા નથી. આ તે કેવી કમનસીબી ?''

એડિસને કહ્યું, ''શ્રવણશક્તિના અભાવે દુનિયાની વાતો ઓછી સાંભળવા મળે છે. જો તમે દુનિયાની જ વાત સાંભળ્યા કરો, તો વેર-વિખેર થઈને વ્યર્થતામાં સરી પડશો. **જો ભીતરની વાત સાંભળો તો સમૃદ્ધ થવાય. મારા ભીતરની વાત સાંભળીને જ હું આવા સ્થાને અને આટલી સિધ્ધિ મેળવી શક્યો છું અને તેથી જ ઈશ્વર પ્રત્યે મારી બહેરાશ અંગે કશી ફરિયાદ નથી.''**

પોતાની મર્યાદાને પાર જવાની એડિસનની ભાવનાનો આપણા જીવનમાં પડઘો પાડવાની જરૂર છે.



ભદ્રાયુ વછરાજાની
લેખક જાણીતા કેળવણીકાર અને મોટીવેશનલ સ્પીકર છે.

# આ 'નિમિત્ત' વળી શું છે ?

નિમિત્ત એ 'કશુંક' કે 'કોઈક' નથી, છતાં નિમિત્ત માત્રથી કોઈક કશુંક કરે છે !

અહીં સઘળું પૂર્વ નિર્ધારિત છે. હા, એ વાત અલગ છે કે પૂર્વ નિર્ધારિત શું છે તેની આપણને જાણ નથી હોતી. આમ જુઓ તો, શું થવાનું છે તેની જાણ નથી હોતી એનો જ આનંદ છે. વાનગી મોઢામાં મૂક્યા પહેલાં જ એના સ્વાદનો અહેસાસ થઈ જાય તો વાનગીનો ચાર્મ રહે ખરો? ખાધા પછી મીઠી લાગે કે કડવી, એ અનુભવની મજા જ કંઈક ઓર છે ! પણ હા, એ 'પછી થયેલો અનુભવ' પણ પૂર્વ નિર્ધારિત જ હતો તે ભૂલવા જેવું નથી.

જીવનમાં બે બાબત નક્કી છે : 'કશુંક' થાય છે, અને એ કશુંક 'કોઈક' કરે છે... આ 'કશુંક' એટલે શું તે અનુભવવાનું છે અને 'કોઈક' એટલે કોણ તે શોધતા રહેવાનું છે. અહીં કશુંક-કશુંક થયા કરે અને તે કોઈક - કોઈક કર્યા કરે તેનો જ આનંદ છે. આ આનંદમાં એક નવું બળ ભળે છે, જેને 'નિમિત્ત' કહે છે. 'કશુંક થાય છે' અને 'કોઈક કરે છે'ની વચ્ચે એક અદ્રશ્ય બળ છે તે નિમિત્ત છે. આ નિમિત્ત એ ઉદ્દીપક છે.

નિમિત્ત તો કોઈ પદાર્થ હોય, કોઈ સ્મરણ હોય, કોઈ વ્યક્તિ હોય, કોઈ ઘટના હોય, કોઈ દ્રશ્ય હોય, કોઈ પ્રસંગ હોય, કોઈ જીવ હોય, કોઈ નિર્જીવ હોય, કોઈ વાત હોય, કોઈ અકસ્માત હોય, કોઈ શબ્દ હોય, કોઈની હાજરી હોય કે પછી કોઈની ગેરહાજરી હોય. નિમિત્ત નિમિત્ત માત્ર હોય, તે હોય છતાં ન હોય અને તે ન હોય છતાં હોય. નિમિત્ત એ કશુંક નથી, નિમિત્ત એ કોઈક નથી, છતાં નિમિત્તને કારણે કશુંક છે અને નિમિત્ત માત્રથી કોઈક કશુંક કરે છે!



**જો આ બે વૃક્ષો ન હોત તો શાંતિનિકેતન પણ ન હોત?**

સાંજનો પહોર હતો. સૂકા વેરાન વગડામાં જઈને એક પાલખી જઈ રહી હતી. અંદર ઋષિ જેવા એક ભવ્ય પુરુષ બેઠા હતા. વૃક્ષવિહીન પ્રદેશમાં એમને એકાએક બે વૃક્ષ દેખાયાં. એમને કુતૂહલ થયું. પાલખી થોભાવીને નીચે ઊતર્યા. આ સ્થળ એમને જોતાંવેંત ગમી ગયું. બહુ શાંતિનો અનુભવ થયો. વળી આ જગ્યા તો કોલકત્તાથી માત્ર સો માઈલ દૂર હતી. ધર્મચિંતન કરવા માટે અહીંનું એકાંત સારું રહેશે. આવું વિચારીને બીરભૂમ જિલ્લાના બોલપુર ગામ પાસે આવેલી આ જમીન એમણે ખરીદી લીધી. એ ભવ્ય પુરુષ હતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર, રવીન્દ્રનાથના પિતા. મહર્ષિ અહીં અવારનવાર આવતા અને તંબૂ તાણીને રહેતા.

જમીન ૧૮૬૩માં ખરીદાઈ. ૧૮૬૪માં પેલાં બે વૃક્ષો નજીક મહર્ષિએ એક પાકું મકાન બાંધાવ્યું અને તેનું નામ રાખ્યું 'શાન્તિનિકેતન'. રવીન્દ્રનાથ ત્યારે ત્રણ વર્ષના. પિતા જોડે અહીં આવતા. તેર વર્ષના થયા ત્યારે પિતા સાથે હિમાલય જતી વેળા આ મકાનમાં રહેલા. પછી તો પરિવાર સાથે પણ અહીં રહ્યા. વિસ્મયની વાત એ હતી કે આ સૂકા પ્રદેશમાં, જ્યાં એક પણ વૃક્ષ નહોતું ત્યાં આ બે વૃક્ષ કેમ કરીને ઊગ્યાં ? મહર્ષિને એ વૃક્ષોની નીચે બેસવાની ઈચ્છા કેમ થઈ ? આ પ્રશ્નોના કોઈ ઉત્તર નથી. ઉત્તર નથી તેની જ મજા છે. કારણ કે એટલું ચોક્કસ કે આ બે વૃક્ષ જો ન હોત તો અહીં શાન્તિનિકેતન પણ ન હોત ! આજના રમણીય આ લોકથી, આકાશથી, આનંદથી, શાંતિથી પરિપૂર્ણ શાન્તિનિકેતનના પૂર્વસૂરિઓ તો આ બે છાતિમ (સપ્તપર્ણ) વૃક્ષો જ.

શાન્તિકેતનમાં આ બે વૃક્ષનો મહિમા આજે પણ અકબંધ છે !... આ બે વૃક્ષ તે શાન્તિનિકેતનના સર્જનનું નિમિત્ત....! વિપીન પરીખે લખ્યું: 'પિંજરામાં ગાતાંગાતાં પંખીએ એક દિવસ આકાશને જોયું અને ત્યારથી એના દુઃખની શરૂઆત થઈ...!' નિમિત્ત દુઃખની શરૂઆત પણ હોઈ શકે અને શાન્તિનિકેતનનું સર્જન પણ... !

## નારી સૃષ્ટિ




**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.


# પરિવારમાં માતા-પિતાની અવગણના

"યાદ બસ આ ગઈ મા"
મૈંને દેખા જબ કભી મોમબત્તી કો પીઘલકર
રોશની દેતે હુએ...

કોઈપણ જાતના સ્વાર્થ વગર, જગતને રોશની આપવા માટે પોતાની જાતને પીગળાવીને મિટાવી દેતી મીણબત્તીને જોઉં છું ત્યારે "મા" યાદ આવે છે. દરિયામાં તો બધી વહાણ ચલાવી શકે પરંતુ રેતીમાં સંસારરૂપી નાવને, જીવનમાં અસંખ્ય તોફાનો સામે, અખૂટ શ્રધ્ધા અને અખંડ હિંમતના હલેસા દ્વારા એક મા જ આગળ હંકારી શકે. આ તોફાનો સાથે ટકરાતા જનેતાના હૈયાને જે ચોટ લાગે છે, જે અસહ્ય ઘા લાગે છે, એનું દર્દ તો એક મા જ હસતાં હસતાં ઝીલી શકે છે. વળી, આ ઘેરા દર્દને વહાલનું વહેણ બનાવી પોતાના બાળકના અસ્તિત્વને અને વ્યક્તિત્વને એક મા જ વિભૂષિત કરી શકે છે. મા બાળકો માટે કેટલું સહન કરે છે, છતાંયે ક્યારેય બોલીને બતાવતી નથી. સંતાનના સુખની ઝંખનામાં સંતાનના સુખે સુખી ને સંતાનના દુઃખે દુઃખી થતી રહે છે.

મા બાળકને લાડ પણ લડાવે અને માર પણ મારે. વહાલ પણ કરે અને ગુસ્સો પણ કરે, ઠપકો પણ આપે અને સમજાવે પણ ખરી. ભાવતું ભોજન પણ આપે તો ક્યારેક જરૂર પડ્યે કડવા ઘૂંટ પણ પાય. બાળકમાં સંસ્કાર સિંચન કરે અને કદી કર્કશ પણ બને. ભૂલ બતાવે પણ ખરી અને વળી પોતાના બાળકની ભૂલને ભૂલી પણ જાય. જેટલો પ્યાર એક દીકરાને કરે એટલો જ દીકરીને પણ કરે. ક્યારેક શિખામણના શબ્દો કહે તો ક્યારેક ના કહેવાનાં વેણ પણ કહે.

અધિકમાં અધિક આપે છતાંયે અલ્પમાં અલ્પ આપ્યું હોય એવું અનુભવે એનું નામ 'મા'. ઘરમાં દરેક ઉપર પ્રેમનું સિંચન કરતી જ રહે છે. મા કદી થાકતી નથી, કંટાળતી નથી, નિરાશ થતી નથી, હિંમત હારતી નથી, મા અમર-આશાવાદી છે. દીર્ઘ પ્રતીક્ષા કરતી રહે છે અને પોતાનાં સંતાનોને સદા હૂંફ આપતી રહે છે. અને સંતાનોની દુનિયા પણ માની આસપાસ જ હોય છે. સંતાનો કેટલા કાલાવાલા કરે છે અને માના લાડલા બને છે.

"મા મુજે અપને આંચલમેં છુપા લે,
ગલે સે લગા લે,
ફિર ના સતાઉંગા કભી,
પાસ બુલા લે, ઔર મેરા કોઈ નહીં."

આમ કહીને માના ગળે વળગતા હોય છે. કેટકેટલી આશા અને અરમાનથી મા બાળકોને મોટાં કરે છે. કેટલાં કષ્ટો વેઠે છે, પારકાં કામ કરે છે. ઉજાગરાયે વેઠે છે. પોતાના મુખેથી કોળિયા કાઢી બાળકના મુખમાં દઈ મોટા કરે છે. પોતે ભીનામાં સૂઈને બાળકને સૂકામાં સુવડાવે છે અને બાળક જ્યારે બીમાર થાય છે ત્યારે પથ્થર એટલા દેવ માની પૂજા-બાધા-માનતા માને છે. બાળક ખાતર પોતાનો જીવ જોખમમાં મૂકતા અચકાતી નથી. આ છે માનું દિલ...!

સંતાન માટે પોતાની કાયાને નિચોવી નાંખે છે. બદલામાં કોઈ અપેક્ષા નહિ કોઈ ફરિયાદ નહિં. બસ સ્નેહની વર્ષા વરસાવ્યે જ જાય છે. એક બાપનું દિલ કદાચ આશા રાખતું હશે કે દીકરો ઘડપણમાં મારી લાકડી બનીને રહે, વૃદ્ધાવસ્થામાં સહારો બને. કાંઈ નહિ તો ફક્ત બાપનું નામ તો દીકરા પાછળ રહે જ છે ને !

એક પિતા એટલું તો કહે જ છે કે....

"તુજે સૂરજ કહૂં યા ચંદા, તુજે દીપ કહૂં યા તારા, મેરા નામ કરેગા રોશન, જગ મેં મેરા રાજદુલારા..."

કેવા કેવાં સપનાં જોઈને મા-બાપ બાળકોને મોટાં કરે છે. હવે આ જ સંતાન મોટા થઈને જ્યારે મા-બાપની અવગણના કરે, અપમાન કરે, ઉપેક્ષા કરે ત્યારે એ મા-બાપનું દિલ શું અનુભવે?

"ઈ હાડ નિચોવીને કર્યા હાડેતા એને પરણાવી પોરસાતી ઈ નારી લઈને થઈ ગ્યાં નોખા 'મા' એકલડી અથડાતી"

મા જ્યારે પોતાના કાળજાના કટકાને, પોતાના દીકરાને દુલ્હાના રૂપમાં જુએ છે અને ઈ રાંકડી માના મનોરથ આભને આંબે છે કે ઓહોહો! આજે મારો દીકરો વરરાજા બન્યો છે પરંતુ આ મા એ નથી જાણતી કે એક માને પોતાના સંતાનને માણસ બનાવવા ૨૦-૨૨ વરસો લાગ્યાં પણ લગ્ન થાય પછી માને એકલી મૂકીને પોતાની પત્નીને લઈ અલગ ઘરમાં રહેવા જતો રહે છે. માએ કેટલાં દુઃખો વેઠીને પોતાને મોટો કર્યો છે, એ બધું ભૂલી જાય છે. માના કેટલા અહેસાન છે બાળક ઉપર કે પોતાના તનની ચામડીનાં જૂતાં બનાવીને માને પહેરાવે તોપણ એ અહેસાન ચૂકવી ના શકે કારણ કે એ ચામડી તો માએ દીધેલી જ છે ને?

મોટા ભાગની માના નસીબમાં તો સંતાનનો વિયોગ કે વિચ્છેદ જ લખાયો છે. કૂખમાંથી સંતાન કાંખમાં આવે છે પછી આંગણામાં, આંગણામાંથી ઘર બહાર નીકળે છે, મોટું થાય છે, સ્કૂલમાં જાય છે ભણે છે અને દેશ-પરદેશ પક્ષી બનીને ઊડી જાય છે સંતાનો. મા રહે છે ત્યાં જ ઘરમાં કે ગામમાં સંતાનને મનમાં રાખીને જીવતી રહે છે. સંતાનજન્મની પળ જ બને છે તેના માટે વિચ્છેદની પળ. નવ નવ મહિના પેટમાં સાચવીને ઘાટ ઘડે છે, અને જન્મથી જ

(અનુ. પેઈજ ૨૯ ઉપર)



પ્રાગજીભાઈ પટેલ
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રીને 'પ્રેમ' મુક્તિ લાગે છે

પ્રેમની વાતો તો આજે ઊઠતાં ને બેસતાં થાય છે. પ્રેમ શબ્દ જાણે સાવ સસ્તો બની ગયો છે. પ્રેમનું નામ દીવાનગી નથી. પ્રેમનો કોઈ છીછરો અર્થ નથી. પ્રેમ એ તો એક વ્યાપક ભાવના છે. પ્રેમ એ એક જવાબદારી પણ છે. સમર્પણ ભાવ છે. કોઈ પણ પ્રકારના સોદા કે શરત વિના એક બીજા માટે સહન કરવાની ભાવનાનું નામ પ્રેમ છે. જીવનસાથી પુરુષ હોય કે, સ્ત્રી, પ્રેમ જ્યારે જન્મે છે ત્યારે એક બીજાના બધા જ અવગુણો બાદ થઈ જાય છે. જેવો છે તેવો સ્વીકારી લેવો એનું નામ પ્રેમ.

સ્ત્રી હોય કે પુરુષ હોય કોઈ પૂર્ણ નથી. બન્ને વચ્ચે પ્રેમ જન્મે છે ત્યારે જ એ પૂર્ણ બને છે. પ્રેમ એક બીજાની અધૂરપને, ઊણપને, અભાવને ઢાંકી દે છે. દાંપત્યજીવનમાં પ્રેમ હોય તો ઉદારતા આપોઆપ આવી જાય છે અને એ ઉદારતા વિશ્વાસ જન્માવે છે. અને એ વિશ્વાસને કારણે પ્રેમ ટકી રહે છે. પ્રેમ અને વિશ્વાસ હોય તો પતિ રાત્રે મોડો ઘેર આવે તોય પત્નીના મનમાં સંદેહ કે શંકા જન્મતા નથી. અને પતિ નવી સાડી લાવી આપે કે ન લાવી આપે, પત્નીના અંતરમાં દુ:ખ થતું નથી કે ગુસ્સો આવતો નથી.

સુખી દાંપત્યજીવન માટે ભાવનાત્મક સંબંધ જરૂરી બની રહે છે. શારીરિક સંબંધની સરખામણીમાં ભાવનાત્મક સંબંધનું ઊંડાણ અને સઘનતા વધારે હોય છે. પત્ની એ માત્ર બાળકો અને ઘર સાચવનારી સ્ત્રી નથી, એ તો જીવનસહચરી છે અને પતિ માત્ર રૂપિયા કમાવી લાવનારો પુરુષ નથી. જીવનસાથી છે એ ભાવ પરસ્પરમાં જરૂરી છે. પતિ માટે પત્ની માત્ર અર્ધાંગિની નથી. જીવનનો ટુકડો નથી, પણ આખું ને આખું જીવન છે.

જૂના જમાનાનું સમાજિક માળખું અને એ સમયની સ્થિતિ, સંજોગો, પરિસ્થિતિ બધું જુદું હતું. એ જમાનામાં પ્રેમ શબ્દ બોલવામાં ક્યાંય આવતો ન હતો અને છતાં પતિ-પત્ની વચ્ચે અઢળક પ્રેમ હતો. હૈયામાં ભારોભાર હેત હતું, પણ હોઠ પર એક શબ્દ ન આવતો. મરજાદા એવી કે ચહેરાના ભાવ પણ ઢાંકેલા રાખવા પડતા. મનમાં ઉમળકો હોય પણ બહાર લાવવાનો નહીં. પતિ-પત્ની વચ્ચેના નાના-મોટા કજિયા-કલહ-મનદુ:ખ તો એ જમાનામાં ય હતા.

આજે શિક્ષણ વધ્યું છે અને શિક્ષણની સાથે સાથે વિચારવાની દિશા પણ બદલાઈ છે. સમયની સાથે સાથે જીવનની શૈલી પણ બદલાતી રહે છે. દાંપત્ય જીવનની પરિભાષામાં પણ પરિવર્તન આવતું જાય છે. લગ્નનો પરંપરાગત અર્થ નવું રૂપ ધારણ કરે છે. નવા જમાનામાં લગ્નજીવનમાં મધુરતા પ્રગટાવવા એક નવી શૈલી જોવા મળે છે. યુવાન પતિ-પત્ની એક બીજાને મિત્ર માને છે. સાથે જીવનના પ્રશ્નોની અને સમસ્યાઓની ચર્ચા કરે છે, એ બધું તંદુરસ્ત સમાજ માટે જરૂરી છે. દાંપત્ય જીવનનો અર્થ એકબીજાના જીવનસાથી બનીને એકબીજાના વિકાસમાં સહભાગી થવું તે છે. જીવનસાથી સાથે પ્રેમની, સુખદુ:ખની બધી ક્ષણોમાં સામેલ રહેવું એનું જ નામ લગ્નજીવન છે. સ્ત્રી અને પુરુષ બંનેએ એકબીજાના પૂરક બનીને સાથે રહેવાનું છે. સાથે જીવવાનું છે. સ્ત્રી અને પુરુષ બંને એકબીજા વિના અધૂરા છે. બંનેના સહયોગમાંથી જ સંપૂર્ણતા પ્રગટે છે.

સ્ત્રીઓની સમસ્યા પણ પહેલાના જમાનામાં હતી, તે આજે નથી. આજે તો દુનિયાના દરેક ભાગમાં સ્ત્રી સ્વાતંત્રતાની વાતો જોર પકડી રહી છે. સમાનતાની વાત સ્વીકારાઈ ગઈ છે. સંતતિ નિયમનની વાત પણ દુનિયાભરમાં એક સાથે સ્વીકારાઈ છે. તેને કારણે પણ સ્ત્રીની ઘણી સમસ્યાઓ હલ કરવામાં મદદ કરી છે.

આજે સ્ત્રી દેહનું પ્રદર્શન કરતી જે જાહેર ખબરો વર્તમાન પત્રોમાં આવે છે. તે "સ્ત્રીઓનું અપમાન" છે. આ સમસ્યાને માટે પણ સમાજમાં સ્ત્રી સંગઠનો પ્રયત્નો કરે છે. છતાં સમસ્યા હલ થવાનો કોઈ અણસાર દેખાતો નથી, કારણ કે જાહેરાત આપનાર સામાજિક મૂલ્ય યા નૈતિક આચારસંહિતાથી બંધાયેલા નથી. તેમનો હેતુ કોઈ પણ ભોગે માલનું વેચાણ કરવા માટેનો છે અને તેઓને ગ્રાહકોની મનોદશાનો પૂરતો ખ્યાલ છે.

આ નર્યા ભૌતિકવાદના પ્રવાહમાં આપણા તમામ સામાજિક મૂલ્યો તણાઈ રહ્યા છે. તમામ સંબંધો અને માન્યતાઓ વ્યવસાયિક હેતુમાં ડૂબી રહ્યા છે. એ વખતે માત્ર જાહેરખબરોનો દોષ કાઢવાથી પણ કાંઈ વળવાનું નથી. સમાજ પોતાના સ્ત્રી-વર્ગને જે નજરે નિહાળે છે તેમાં સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ પડતું હોય છે. એટલે મૂળ સમસ્યા જુદી છે.

સ્ત્રી તો ત્યારે જ સ્વતંત્ર થશે જ્યારે લગ્નના બંધનોમાંથી છૂટશે. એમાં સમાન અવસર પ્રાપ્ત થશે. તે કોઈને પણ પ્રેમ કરી શકે, કોઈની પણ સાથે રહી શકે. પ્રેમ જો શાશ્વત છે, એ વાત આપણે સ્વીકારતા હોઈએ તો ઉપરની વાતનો સ્વીકાર પણ જ્યારે ત્યારે કરવો પડશે.આજે આપણે સ્ત્રીને અબોધ, નાજુક, વિચારહીન ઢીંગલી માની લીધી છે. સ્ત્રી એ પિતા, પતિ કે પુત્રની આશ્રિતા નિરીહ અને પુરુષ પર અવલંબિત અબળા તરીકે મૂલવાય છે. આવા સામાજિક મૂલ્યોમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર છે.

સ્ત્રીના દરજ્જાની વાત એક સમસ્યા એટલા માટે છે કે અર્ધી દુનિયા સ્ત્રીઓની છે. તો અર્ધી દુનિયા નીચે દબાઈ રહે તો જીવનનું અસંતુલન થઈ જાય. હસવાનું, આનંદ કરવાને તેને બદલે જીવનમાં દુ:ખ, બોજો, સંતાપ, વિષાદ આવે. આજે સહેલી વાતને અઘરી બનાવી દેવામાં આવી છે. કોઈ પ્રભાવશાળી, જવાબદાર માતાઓ સમજે કે આપણે પ્રકૃતિની વિરુધ્ધ નથી જવું તો મોટા ભાગની સમસ્યાઓ એની મેળે ખરી પડે. છોકરો હોય કે છોકરી સમાજમાં એને સમાન અવસર મળે અને સ્વભાવથી વિરુધ્ધ જવા મજબૂર ન કરવામાં આવે તો સમસ્યા હલ કરવામાં સફળતાનો ઈશારો સાંપડી શકે.

# નારી સૃષ્ટિ

સ્ત્રીનો જે દરજ્જો છે તે બદલીને પુરુષની સમાન લાવવા માટે બચપણથી જ શરૂ કરવું પડે, બ્રહ્મચર્ય અસ્વભાવિક છે. બાળકોને એ વાત ઉપદેશવાની જરૂર નથી. બ્રહ્મચર્યને કારણે કુદરત વિરુધ્ધ સંબંધ પેદા થાય છે. મંદિર કે દેવળોની બહુ ખરાબ દશા છે. સમાજમાં કોઈ કદી બ્રહ્મચારી થયો નથી. બ્રહ્મચર્યમાં ફક્ત પુરુષોનું પાખંડ જ પોષાય છે. સ્ત્રીનો માસિક ધર્મ છાનો રહી શકતો નથી. સ્ત્રી બ્રહ્મચારી નથી થઈ શકવાની અને અત્યારની શોધ પ્રમાણે જે પ્રકારે સ્ત્રીને ત્રણ-ચાર દિવસ માટે માસિક ધર્મ હોય છે તેમ પુરુષને પણ હોય છે. માણસ તેને છુપાવે છે, પરંતુ હકીકત છે, એટલે બ્રહ્મચર્ય સંભવ નથી. એક વાતનો ખ્યાલ આવવો જરૂરી છે કે પુરુષ કરતાં સ્ત્રી વધુ બળવાન છે, અને હોવી જોઈએ. કારણ કે તે પ્રકૃતિને વધુ અનુકૂળ છે. પ્રકૃતિની નજીક છે. એટલી બધી નજીક છે કે સ્ત્રીને પ્રકૃતિ પણ કહેવાય છે. પુરુષને પુરુષ અને સ્ત્રીને પ્રકૃતિ ગણવામાં આવી છે.

સ્ત્રી કોઈ વસ્તુથી જલદી પ્રભાવિત થાય છે, કારણ કે તેની પાસે વધારે સંવેદશનશીલ હૃદય છે. સાધુ-સંન્યાસીઓ એટલે જ સ્ત્રીથી ડરે છે. કારણ કે સ્ત્રી જો આવી તો પ્રેમ આવશે. અને પ્રેમ આવ્યો તો પ્રેમધર્મ આવ્યો. પછી પોતાનો ધર્મ ટકાવવો અઘરો થઈ પડશે. સ્ત્રી અને પુરુષ બન્નેની જીવન-ચિતદશા જુદી છે. અને વિપરીત પણ છે. પુરુષનો માર્ગ જ્ઞાનનો છે, તો સ્ત્રીનો માર્ગ ભક્તિનો છે. પ્રેમનો છે. પુરુષને પ્રેમ બંધન લાગે છે. સ્ત્રીને પ્રેમ મુક્તિ લાગે છે. એટલે પુરુષ હંમેશા પ્રેમમાં પલાયનવાદી, બીકણ રહ્યો છે. સ્ત્રી જ્યારે પ્રેમ કરે છે ત્યારે પૂરેપૂરી બંધાઈ જવા ઈચ્છે છે. કારણ કે બંધનમાં તેણે મુક્તિ જાણી છે. પુરુષની જે જે ભાષા છે તેમાં છૂટકારો મેળવવા, સંસારથી મુક્તિ કેમ મળે ? તેવો સમાવેશ છે. ત્યારે સ્ત્રીની શોધખોળ તો એવી જાતની છે તે કેવી રીતે પૂરેપૂરી પ્રેમમાં ડૂબી જાય કે પાછળ કાંઈ જ બચે.

વાસના કોઈ સ્ત્રીને કદી તૃપ્ત કરી શકતી નથી એટલે તો ગમે તેટલી વાસના ત્યાગ માટેના પ્રયત્નો કરે, સ્ત્રી હંમેશા બેચૈન જ રહે છે. જ્યાં સુધી સ્ત્રીને એક પ્રેમની રીતે પરમાત્મા ન મળે ત્યાં સુધી તૃપ્ત નથી થતી.

પુરુષ મારાપણાને, અહમ્‌ને ઓગાળવા મથે છે. સ્ત્રીનો માર્ગ છે પ્રેમમાં પોતાના વ્યક્તિત્વને ઓગાળી નાખવાનો અને સ્ત્રી જ્યારે પણ મુક્તિને ઉપલબ્ધ થઈ છે તો તે મીરાંની જેમ નાચીને, રાધાની જેમ પ્રેમમાં ડૂબીને, સંસારથી ભાગીને નહીં. સાધુ-સંન્યાસીઓ સ્ત્રીઓથી ડરે છે. એટલે પ્રેમથી ડરે છે. પરંતુ જો સ્ત્રીના પ્રેમથી ડરે નહિ અને ડગે નહીં તો એ નીડરતામાંથી સ્ત્રીને માટે કરુણા પેદા થશે, વાસના નહીં, અને એવી કરુણાથી આ દુનિયાની ઘણી સમસ્યાઓ હલ થઈ શકે તેમ છે.

(અનુ. પેઈજ ૨૭નું શરૂ)

## પરિવારમાં માતા-પિતાની અવગણના

સંતાન માથી અલગ થઈ જાય છે. મા જુદી નથી થતી તે તો સતત જોડાયેલી જ રહે છે. દીકરીને સાસરે વળાવે તોપણ દીકરી માથી જુદી થતી નથી. જ્યારે અમુક કુટુંબમાં દીકરો લગ્ન કરીને માથી જુદો થઈ જાય છે. દીકરી સાસરે જાય છે પણ હૃદય માતા-પિતાના ચરણે ધરી રાખે છે. ઘણી વાર દીકરાઓ સાથે રહીનેય અતડા થઈ જાય છે.

**એક પિતા જિંદગીમાં બે જ વખત રડે છે. એક દીકરી ઘર છોડે ત્યારે અને બીજું દીકરો તરછોડે ત્યારે. પરંતુ માએ તો જિંદગીભર રડવાનું જ હોય છે.** જ્યારે બાળકો નાના હોય અને જમે નહિ એટલે મા રડે અને આ જ બાળકો મોટા થઈને માને જમાડે નહિ એટલે મા રડે. મા-બાપ, ચાર દિકરાને એકસરખો પ્રેમ આપીને મોટા કરી શકે છે. પરંતુ આ ચાર દીકરા મોટા થઈને મા-બાપને સાચવી શકતા નથી. અને મા-બાપના ભાગલા પાડે છે. એક દીકરો માને સાચવે અને બીજો બાપને, એમાં પણ વારા કરે. જે બાળકને બોલતાં મા-બાપે શીખવાડ્યું એ મોટો થઈને મા-બાપને ચૂપ રહેવાનું કહે છે. 'બાગબાન' પિક્ચરમાં આ જ બતાવ્યું છે ને...?

જે અભણ ગરીબ માએ પોતાનાં સંતાનોને પેટમાં, કાંખમાં અને જીવનમાં એક ફૂલની જેમ સાચવ્યાં એવા ભણેલા અમીર સંતાનો માટે મા-બાપ બોજારૂપ બને છે. અરે, જેણે તમને જન્મ આપ્યો, ઉછેર્યા, સંસ્કાર આપીને મોટા કર્યા. સમાજમાં ઉન્નત મસ્તક રાખી તમે ફરી શકો એ માટે જેણે પોતાની કાયાનું હીર નિચોવી નાંખ્યું એ જનેતાને જુદી કરીને શું સુખ ભોગવવાનું છે. રોટલાના બે ચાર ટુકડા ખાઈને એક કૂતરો પણ જિંદગીભર વફાદારી કરવાનું ભૂલતો નથી. તો જેણે હૃદયના ટુકડા આપ્યા છે એના પ્રત્યે બેવફાઈ શા માટે?

આપણા કવિ શ્રી ગુલાબદાન બારોટ લખે છે તે બરાબર જ છે.

"ગરીબ માની ઝૂંપડીમાં કોઈ દી સાંકડ નોતી થાતી આજે પાંચ પુત્રોના પાંચ બંગલામાં માવડી નથી સચવાતી તો શરમ, મરજાદ અને સંસ્કૃતિ ક્યાં ગઈ જે ગૌરવ આપણું ગણાતી ! આલીશાન ફ્લેટમાં પોષાય આલ્સેશિયન એક માવડી નથી પોષાતી..."

મા હંમેશા મહાન હોય છે. ભલે દરેક મા ઈંદિરા ગાંધી મેડમ ક્યુરી જેવી મહાન ના બની શકે છતાંયે મા હંમેશા મહાન હોય છે કારણ કે તે "મા"છે. માટે જ કહેવાય છે ને....

ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહિ,<br>
અગણિત છે ઉપકાર એના એ કદી વીસરશો નહિ,<br>
સંતાનથી સેવા ચાહો તો સંતાન છો, સેવા કરો,<br>
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહિ,<br>
ધન ખર્ચતાં મળશે બધું, માતા-પિતા મળશે નહિ,<br>
એ પુનિત જનના કાળજા પથ્થર બની છૂંદશો નહિ.


BIS
HUID JEWELLERY
JC SONI JEWELLERS™
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY, RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103, NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD, SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678

# સમાજ સૃષ્ટિ



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત છે.

# આપણા હિસ્સાનો દિવો પ્રગટાવીએ...

સીનીયર સીટીઝન થયા બાદ આપણને કોઈ પૂછે કે સમાજમાં તમારું પ્રદાન શું? એ સમયે જવાબ આપતી વખતે જો ગલ્લા તલ્લા કરવા પડે તો સૌ પ્રથમ તો જીવન પ્રત્યને દ્રષ્ટિકોણ બાબતે પુનઃ વિચારણા કરવી જરૂરી બની જાય છે. માણસ કેટલા વર્ષ જીવ્યો એ મહત્વનું નથી પણ કેવું જીવ્યો એ મહત્વનું છે. આપણે ઈતિહાસ ન સર્જી શકીએ તો કાંઈ નહી પણ તેમાં એકાદ લીટી જેટલી જગ્યા મેળવી શકીએ તો પણ ઘણું છે. આપણે મંદિર કે દેરાસર ન બંધાવી શકીએ, આપણે સ્કૂલ કે કોલેજ ન બનાવી શકીએ પરંતુ એક જરૂરિયાતમંદ વિધાર્થીની ફી કે ચોપડાનો ખર્ચ ઉઠાવીએ તો પણ એ માનવસેવાનું જ કાર્ય છે. અઠવાડિયે એક વાર નિયમિત કોઈ એકાદ ભૂખ્યાને ભરપેટ ભોજન કરાવીએ તો પણ એ માનવસેવાનું જ કાર્ય છે.

દુનિયાનો દરેક માણસ થોડે ઘણે અંશે સ્વકેન્દ્રી હોય જ છે. એમાં ખોટું પણ નથી. ખોટું ત્યારે કહેવાય જયારે એ સ્વકેન્દ્રી વિચારધારા સ્વાર્થવૃત્તિમાં તબદીલ થઇ જાય. પોતાનું વિચારવું એ સ્વાર્થ નથી પરંતુ પોતાનું જ વિચારીને અટકી જવું એ ચોક્કસ સ્વાર્થ છે! લગભગ દરેક ધર્મગ્રંથમાં અન્યની સેવા કરવી અથવા અન્યના લાભનું વિચારવાનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કહેવામાં આવ્યું છે. ખરેખર તો સ્કૂલ લાઈફમાં જ દરેક બાળકને પરોપકાર અને માનવતાના પાઠ શીખવાડવાનું ફરજીયાત હોવું જરૂરી છે.

હિતેન આનંદપરાની એક સરસ પંક્તિ છે.. એ જ લોકો ફાવી ગયા જે લોકો સમયસર બીજને વાવી ગયા. તાજેતરમાં જ સંત શ્રી પુનિત મહારાજની ૧૧૭ મી જન્મ જયંતિ ગઈ. પુનિત મહારાજે તદ્દન નિઃસ્વાર્થ ભાવે ભક્તિ અને સેવાની જે ધૂણી ધખાવી હતી એની સુવાસ આજે પણ અકબંધ છે. મારા જેવા અનેક લોકોને એમાંથી માનવસેવાની પ્રેરણા સતત મળતી રહે છે. કોઈ પણ વ્યક્તિ ક્યારેય એમ ન કહી શકે કે સમાજનું એના પર ઋણ નથી. સવાલ સમજણનો જ છે. દેશમાં ચાલીસ ટકા વસ્તીને બે ટંક જમવાનું નથી મળતું એ વાત જો યાદ રાખીએ તો હોટેલમાં જમતી વખતે થાળીમાં એંઠું મૂકતા ચોક્કસ અટકી જઈએ. અન્નનો બગાડ અટકાવીએ એ પણ પરોક્ષ રીતે સમાજ સેવા જ છે.

મારા LIC ના સહકર્મચારી મિત્ર ગુણવંતભાઈ છેલ્લા પંદર વર્ષથી ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોને મદદરૂપ થઇ રહ્યા છે. સામાન્ય રીતે બાળપણમાં જે વ્યક્તિએ ગરીબી વેઠી હોય એવી વ્યક્તિને ઉંમર વધતાંની સાથે ધનનું વળગણ વધી જતું હોય છે, પરંતુ ગુણવંતભાઈએ એ વાતને ખોટી સાબિત કરીને બતાવી છે. શ્રી ગુણવંતભાઈને એમની સેવાકીય પ્રવૃત્તિઓમાં એમના પત્ની પ્રવિણાબેન અને અન્ય પરિવારજનોનો પણ સહયોગ છે. તાજેતરમાં જ ગુણવંતભાઈના ફોટા સાથે એમના આકરા સંઘર્ષનો અને ખાસ તો એમની નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિ વિશેનો વિસ્તૃત અહેવાલ "ગુજરાત સમાચાર" માં પ્રકાશિત થયેલ છે. અહીં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ગુણવંતભાઈએ સાવ એકલા હાથે સેવાકીય પ્રવૃત્તિનો દીવો પ્રગટાવ્યો હતો. કોઈની પણ પાસે એમણે લેશ માત્ર અપેક્ષા રાખી નહોતી. એમણે જગાવેલી સેવાની જ્યોત જેમ જેમ લોકોને સ્પર્શતી ગઈ તેમ તેમ લોકો એમની સાથે જોડાતા ગયા.

મારી પ્રતિનિધિ વાર્તાઓના સંપાદક અને અપેક્ષા ફાઉન્ડેશનના ફાઉન્ડર શ્રી અલ્પેશ કારેણા હાલ માત્ર ૨૮ વર્ષની ઉંમરે દીવ્યાંગો માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જીલ્લાના તદ્દન નાનકડા ગામ ગડુમાં મધ્યમ વર્ગ પરિવારમાં જન્મેલ અલ્પેશને બાળપણથી જ પગની તકલિફ હતી. નાની ઉંમરે બે ઓપરેશન કરાવવા પડ્યા અને આખરે ચાર વર્ષે તેઓ જાતે ચાલતા થયા. કદાચ આ જ કારણસર અલ્પેશના મનમાં દીવ્યાંગો માટે બાળપણથી જ સેવાની ભાવનાના બીજ રોપાયા. અમદાવાદની એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં ભણતા ભણતા જ એમણે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓના પેપર લખવાની તથા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો...માત્ર એટલું જ નહી પરંતુ અન્ય ૨૫૦ વિદ્યાર્થીઓને પણ સેવાકીય પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક સાંકળ્યા. બી.ઈ સિવિલ થયા ત્યાં સુધીમાં તો અલ્પેશના મનમાં દિવ્યાંગો માટે નિઃસ્વાર્થ સેવાની ચિનગારી એટલી હદે પ્રજ્વલિત બની ચૂકી હતી કે એમણે ઇંટ અને સિમેન્ટના નિર્જિવ ક્ષેત્રને અપનાવવાને બદલે પત્રકારત્વ અપનાવ્યું. ગુજરાતના વિવિધ ગામડામાં છેલ્લા ૨૦ વર્ષથી નિઃસ્વાર્થભાવે સેવા કરતાં ૧૯ લોકને લાઈમ લાઈટમાં લાવવા માટે જ "અડધી રાતે હોંકારો" નામનું પુસ્તક લખીને એની રોયલ્ટીની આવક અનાથ દીકરીઓને દાનમાં આપી દીધી. આજે ૮૦૦ થી વધુ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓના પેપર લખવાનો વર્લ્ડ રેકોર્ડ અલ્પેશના નામે બોલે છે. તાજેતરમાં જ સમગ્ર ભારતના ૨૦૨૫ ના ટોપ ૫૦ જિનિયસનો એવોર્ડ અલ્પેશને એનાયત થયો છે. માત્ર ૫૦ માણસોની વસ્તી વાળા તદ્દન નાના ગામમાં જન્મેલા અલ્પેશની ગણના આજે ભારતના ટોપ ૫૦ જિનિયસ વ્યક્તિઓમાં થાય છે! ટૂંકમાં આપણે કોઈના જીવનમાં દીવો પ્રગટાવીએ તો આપણા જીવનમાં પણ પ્રકાશ ફેલાવાનો જ છે. દીવ્યાંગો માટેના અપેક્ષા ફાઉન્ડેશનના માધ્યમથી આજે અલ્પેશ એની ટીમ સાથે અનેક દીવ્યાંગોને આત્મનિર્ભર બનાવવામાં કાર્યરત છે. માનવધર્મથી મોટો એક પણ ધર્મ નથી. માત્ર પૈસાથી જ સમાજસેવા થાય એવું નથી. સમય આપીને પણ સમાજસેવા થઇ શકે છે. માણસ થઈને જન્મવું જેટલું જ મહત્વનું છે માણસ થઈને જીવવું. કોઈ પણ માણસનું જીવન એવું બને છે , જેવું એ કામ કરે છે. આપણે કાયમ માટે કોઈની ગરીબી કદાચ દૂર ન કરી શકીએ પરંતુ જ્યાં અંધકાર હોય ત્યાં આપણા હિસ્સાનો દીવો પ્રગટાવીએ તો આપણું એક સત્કર્મ તો બંધાશે જ સાથે સાથે એનાથી અન્ય લોકોને પણ સત્કર્મો કરવાની પ્રેરણા મળશે એ એકને એક બે જેવી વાત છે.



**ડૉ. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# દેખાદેખી અને દંભ પર પ્રહારો

**ગુજરાતના ભક્ત કવિઓમાં 'અખો' અનોખો છે.** અખો જ્ઞાની હતો. એણે પોતાના સમયમાં ચાલી રહેલા પાખંડ અને દંભ પર જે પ્રહારો કર્યા છે એટલી હિંમત કરતા આજે પણ કોઈ વિચારશીલ કે ચિંતનશીલ માણસ ખચકાય છે. કારણ એ છે કે અનુયાયીઓની ફોજ બધા પાસે છે. ફોજ મોટી હોય એટલે એમાં લડાયક મિજાજીઓ હોવાના જ. સાચું ચિંતન કરનારાઓનાં ટોળાં ન હોય એ સ્વાભાવિક છે. સ્થાપિત હિતો પોતાના અંગત લાભ માટે પણ ગાડરિયા પ્રવાહમાં ચાલવાનું વધુ પસંદ કરે છે. જો સત્યને અસત્ય દલીદો વડે સિદ્ધ કરી શકાતું હોય તો એ સત્ય જ શંકાના દાયરાની બહાર નથી જ.

અખાએ પણ સત્યની શોધમાં ઘણાં ઠેબાં ખાધાં જ હશે. અનેક વર્ષો રઝળપાટ પણ કરી હશે. અનેક છેતરપિંડીનો ભોગ પણ બન્યો હશે. આખરે એને જે સત્ય સમજાયું એ છપ્પામાં કહ્યું છે. જે અસત્ય જોયું અને અનુભવમાં આવ્યું એ બધા દંભને બિંદાસ્ત રીતે ગાયું-વગાડ્યું છે. જોઈએ એના થોડાંક છપ્પા...

ઔપચારિક ક્રિયાકાંડોની વ્યર્થતા બહુ રોચકતાથી વર્ણવી છે-

તિલક કરતા ત્રેપન થયાં, જપમાળાના નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પહોંચ્યો હરિને શરણ.
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

પરમસત્તા કે પરમ સત્ય એક જ છે એ વાત બહુ ધારદાર રીતે અખાએ કહી છે-

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.
એ અખા વડું ઉતપાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?

આવી ટેવો અખાના મતે વડું ઉતપાત એટલે કે વ્યર્થ ઉત્પાત કે ધાંધલ જ છે. પંથો, સંપ્રદાયો, ફિરકાઓની પરંપરાઓમાં વ્યાપ્ત રિવાજો વિશે અખો કહે છે કે,

ઊંધ્યો કહે ઊંધ્યો સાંભળે, તેણે જડપણું બેનું નવ ટળે,
જ્યમ ચિત્રામણના દીપકથી, અખા અંધારૂં ન ટળે રતી,
શું સાંભળે ને અખા શું કહે, જો માયાના લાલચિયા બેયે ?

અખાએ અહીં બે દાખલા આપ્યા છે. એક, ઊંઘમાં બોલતા માણસને ઊંઘમાં જ સાંભળતો બીજો માણસ શું સમજશે ? બીજું, ખૂબ મોટા અને પ્રકાશિત દીપકનું ચિત્ર દોર્યું હોય તો પણ રતીભાર અંધારું ઓછું થઈ શકતું નથી એવું માયાના લાલચિયા ઉપદેશક અને શ્રોતાઓનું બનતું રહેતું હોય છે.

ટૂંકમાં, અખો આત્મજાગૃતિનો પક્ષધર છે.

આવી રીતે દંભ પર પ્રહાર કરનાર નરસિંહ મહેતા અખાથી આગળના કાળમાં થઈ ગયેલ છે. એમણે પણ કહ્યું છે કે,

જ્યાં લગી આતમા તત્વ ચીન્હો નહિં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ્ય દેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી;
શું થયું સ્નાન સેવા ને પૂજાથકી, શું થયું ઘેર રહી દાન દીયે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધે;
શું થયું તપ ને તીર્થ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગાજળ પાન પીધે;
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ અને રંગ જાણે;
શું થયું ખટ દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે;
એ છે પરપંચ સહુ પેટ ભરવાતણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈયો કે તત્વ દરશન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો.

ઉપરોક્ત બંને કરતાંયે આગળના સમયમાં કબીર થઈ ગયેલ છે. એમણે પણ દંભ અને પાખંડને આડે હાથ લીધા છે.

દેખા દેખી ભક્તિ કા, કબુહ ન ચઢતી રંગ,
બિપતી પડે યોં છાંડસી, જ્યોં કેંચુલી ભુજંગ.
માલા તિલક લગાઈ કે, ભક્તિ ન આઈ હાથ,
દાઢી મૂંછ મુંડાઈ કે, ચલે દુની કે સાર.
મૂંડ મુંડાએ હરિ મિલૈ, સબ કોઈ લેહિ મુંડાય,
બાર બાર કે મૂંડને, ભેડ ન વૈકુંઠ જાય.

આમ જ્ઞાની અને સાચા સંતો-ભક્તોએ પોતાના સમયમાં દેખાદેખીથી ચાલતા રૂઢિ-રિવાજો અને પરંપરાઓથી લોકોને જાગૃત કરવા માટે પ્રયાસો કર્યે રાખ્યા છે. ■



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# દિકરી માટે સંકટ સમયનો દરવાજો એટલે પિતાનું ઘર...

દિકરીઓ સાસરાવાળાના ત્રાસથી જીવન ટુંકાવે તે સારું કે પછી ઢોલ નગારાં સાથે દીકરીને પિતાને ઘેર પરત લાવવી તે સારું ? ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે.. હમણાં એક સમાચાર ખૂબ જ વાયરલ થયા હતા, રાંચીમાં એક પિતાએ ધૂમ ધામથી પોતાની દિકરીના લગ્ન કરાવ્યા, પરંતુ સાસરી વાળા ફ્રોડ નીકળ્યા .. દિકરીને ખૂબ ત્રાસ આપતા હતા, આ બધી વાત પિતાના ધ્યાનમાં આવતા પિતા ફરીથી ઢોલ નગારા બેન્ડ વાજા સાથે પોતાની લાડકી દિકરીને સાસરેથી પરત લઇ આવ્યા,..રૂઢિ ચુસ્ત, કુંઠિત અને સંકુચિત વિચારધારા વાળા લોકોને આ વાત પચશે નહિ, જે દીકરીઓને પિતાના ઘરનો આશરો હોય છે તેવી દીકરીઓને એક હૂંફ હોય છે કે મારા પપ્પાના દરવાજા મારા માટે હમેંશા ખુલ્લા છે તેવી દિકરીઓ જીવન ટૂંકાવતી નથી હોતી.

**દિકરીઓ પોતાના બાપને ભરોસે નહિ રહે તો કોના ભરોસે રહેશે?,** જેવી કઠણ છાતી કરીને દિકરીને વિદાય આપી હોય તેવી જ કઠણ છાતી કરીને દિકરીને પોતાના ઘેર પરત લાવવાની હિમંત દેખાડવી જોઈએ, સમાજ શું કહેશે ?? લોકો શું કહેશે?? દુનિયા વાતો કરશે કે ફલાણા ભાઈની દિકરી પાછી આવી? આ બધી વાતોને સામી છાતીએ દરેક બાપે ઝીલવી જોઈએ અને તેનો મજબૂત રીતે પ્રતિકાર કરવો જોઈએ, દિકરીઓને પરણાવી દઈને કોઈ બાપ છૂટી નથી જતો,દિકરીની સુખાકારી તેના હૃદયમાં હમેંશા વસેલી હોય છે, દીકરીનું જીવન ઝેર જેવું હોય,તેના ઉપર સાસરા વાળા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ ગુજારાતો હોય,પોતાની લાડકી કોઈના ઘરમાં જીવતી લાશ બનીને જીવતી હોય, દિકરી માટે કોઈ આરો ચારો ના હોય,જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી હોય, ત્યારે એક પિતાએ ઉપર મુજબનો કઠોર કઠણ નિર્ણય ચોક્કસ કરવો જોઈએ, જો આવું નથી કરતા તો તમારી દીકરીની ક્યાંક કોઈક જગ્યાએ ચિતા સળગતી જોવામાં આવશે તે નક્કી.

દિકરીઓને પોતાના પિતાના ઘરનો આશરો જીવનભર રહેવો જોઈએ,સામાજિક બંધનોથી મુક્ત થઈને દરેક પિતાએ યોગ્ય નિર્ણય કરવો જોઈએ, ઘણા કિસ્સામાં સામાજિક આબરૂ જવાની બીકે પિતા દિકરીઓને સહન કરીને રહેવાની સલાહ આપતા હોય છે, સહન કરવું જોઈએ વાત તો સાચી પરંતુ સતત સહન કરવાથી દીકરીનું જીવન ઝેર જેવું થઈ જતું હોય..અરે દિકરી જીવતી લાશ બનીને જીવતી હોય...તો એવા સમયે દરેક માં બાપે કઠોર નિર્ણય લેવો જોઈએ, આવા કપરા સમયમા માં બાપ દિકરી માટે ઘરના દરવાજા બંધ કરી દે છે તો તે વખતે દિકરીઓ માટે જીવન ટૂંકાવવા સિવાય બીજો કોઈ આરો ચારો રહેતો નથી.

દિકરીઓનું આપણા ઘરમાં અવતરણ થવું તે આપણા કેટલાય જન્મોના પુણ્ય પ્રતાપે હોય છે અને આવી અલભ્ય મૂલ્યવાન લક્ષ્મી સ્વરૂપ દિકરીઓને કોઈ કૂવામાં ફેંકી ના દેવાય.

આપણી દિકરીઓ સંસ્કારી અને સહનશીલ જ હોય છે,દિકરીઓ ક્યારેય માથાભારે હોઈ જ ના શકે!, માટે જ દિકરીઓને એ સલાહ પણ આપવી જોઈએ કે આપણે કોઈનું માથું ભાંગવું નથી..કે નથી આપણે માથા ભારે થવું પરંતુ આપણા ઉપર થતાં દરેક પ્રહારને રોકી તો શકીએ જ છીએ, ઘણીવાર વધારે પડતું સહન કરવાથી પ્રોબ્લેમ વકરી પણ જતો હોય છે,કોઈ એક ગાલ ઉપર લાફો મારે તો આપણે તેની સામે બીજો ગાલ પણ ધરી દેતા હોઈએ છીએ,જો આવું થાય છે તો બીજા ગાલ ઉપર પણ જોરદાર થપ્પડ પડશે, આજના સમયની તાતી જરૂરિયાત એ છે કે એક ગાલ ઉપર લાફો પડ્યા પછી ઘડીનો પણ વિલંબ કર્યા વગર સામે વાળાનું કાંડું મજબૂત રીતે પકડીને મરડી નાખવું જોઈએ.

ઉપર કહ્યા મુજબની વહુઓએ જીવન ટૂંકાવવું પડતું નથી ક્યારેક માથું મારીને રહેવાથી પણ ઘરની શાંતિ અકબંધ રહેતી હોય છે, ઘણીવાર તમે વધારે પડતું સહન કરીને પણ સામેવાળાને પ્રમોટ કરી રહ્યા છો, સામેવાળાને ખોટું કરવા માટે તમે પ્રોત્સાહિત કરી રહ્યા છો, આપણી હિમંત... આપણી શક્તિઓ.. આપણી તાકાત કોઠીમાં પૂરી રાખવા માટે નથી હોતી..ક્યારેક ક્યારેક કોઠી માંથી બહાર કાઢતા રહેવું પડે છે.

આપઘાત એ ઉકેલ નથી..સમસ્યાનું સમાધાન આપઘાત ક્યારેય હોઈ જ ના શકે, દુનિયા બહુ વિશાળ છે, બહુ મોટી છે, આવડું મોટું બ્રહ્માંડ છે, તમારા જીવવા માટે કુદરતે ક્યાંક તો જગ્યા રાખી જ હશે, ભગવાન દરેક જીવ માત્રનું ભરણ પોષણ કરતા રહે છે, હાથીને મણ અને કીડીને કણની વ્યવસ્થા કુદરતે કરેલી જ હોય છે એજ રીતે તમારા ભોજનની વ્યવસ્થા પણ કુદરતે કરી જ હશે, તમારા આપઘાતથી કશું જ અટકવાનું નથી, દુનિયા તો ચાલતી જ રહેવાની છે.. થોડાક સમય પછી લોકો એ પણ ભૂલી જશે કે થોડાક સમય પહેલા તમે આ દુનિયામાં જીવતા હતા, હવે તમારા હોવા.. ના.. હોવાનો કોઈને ફરક ના પડતો હોય તો પછી એવી દુનિયા, એવા સમાજ, એવા કુટુંબ સામે, સામે

## સમાજ સૃષ્ટિ



**ભગવાનજીભાઈ કાનાણી**
જાણીતા લેખક અને નિબંધકાર,
પ્રિન્સિપાલ - શ્રી ઉમિયાજી મહિલા કોલેજ, ધ્રોલ

# વડી ધારાસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ

# શ્રી વિઠ્ઠલભાઈ પટેલ

**જન્મ સ્થળ : નડિયાદ**
**વતન : કરમસદ**
**માતા : લાડબાઈ**

**પિતા : ઝવેરભાઈ પટેલ**
**જન્મ : ૨૭-૦૯-૧૮૭૩**
**નિર્વાણ : ૨૨-૧૦-૧૯૩૩**

હિન્દમાં બ્રિટીશ શાસન દરમ્યાન કોઈપણ હિન્દી માટે દિલ્હીની વડી ધારાસભામાં અધ્યક્ષ બનવું એ ઘણું જ કપરું અને મુશ્કેલ કામ હતું. સને ૧૯૨૫માં એક વીર પુરુષે ઈતિહાસ સર્જ્યો. વિઠ્ઠલભાઈએ બ્રિટીશ હાકેમોનાં હાથમાંથી એ ગૌસ્વાન્વિત પદ પડાવી લીધું. આમ હિન્દી પાટીદારે હિન્દની આન, બાન અને શાન જગતમાં વધારી. પિતા ઝવેરભાઈએ પણ સને ૧૮૫૭ના સ્વાતંત્ર સંગ્રામમાં ભાગ લીધેલ. મહારાણી લક્ષ્મીબાઈને મદદરૂપ થયેલ. સરદાર વલ્લભભાઈ અને મોટાભાઈ વિઠ્ઠલભાઈ બન્ને સુવિખ્યાત બેરિસ્ટર હતા. આ અજોડ બંધુ બેલડીએ અંગ્રેજ સત્તાધીશોને દિવસે તારા દેખાડી દીધેલાં. બ્રિટીશ સામ્રાજ્યની બોલબાલા હતી. તેના સામ્રાજ્યનો સુરજ આથમતો નહિ. લગભગ ૭૧ દેશ ઉપર અંગ્રેજોનો ધ્વજ 'યુનિયન જેક' ફરકતો હતો. તે સમયની



વિઠ્ઠલભાઈની ખુમારીની અદ્દભુત ઘટના છે. એ વખતમાં બન્ને ગૃહ ભેગા મળે ત્યારે વાઈસરોય ભાષણ કરવા આવે અધ્યક્ષની ખુરશીમાં બેસે એવો નિયમ. વિઠ્ઠલભાઈએ કહ્યું આવે એટલે હું પ્રમુખ મટી જતો નથી, આ સર્વોચ્ચ પદનું ગૌરવ જાળવવા હું અધ્યક્ષ સ્થાને બેસીશ.' વાઈસરોયને બીજી ખુરશીમાં બેસવાનું કહ્યું તો હાહાકાર મચી ગયો. ઈંગ્લેન્ડ પણ સ્તબ્ધ થઈ ગયું. આ ગુજરાતી પાટીદાર બેરિસ્ટર પટેલની ખુમારી સામે વાઈસરોયે શરણાગતિ સ્વીકારવી પડી. પટેલે અધ્યક્ષના હોદ્દાનું માન વધારી માતૃભૂમિ હિન્દનું ગૌરવ પ્રસ્થાપિત કર્યું. વીર વિઠ્ઠલભાઈ માટે કાયદે આઝમ ઝીણાને પણ ખુબ મન હતું. તેમણે વડી ધારાસભામાં કહેલું કે વિદ્વાન વિઠ્ઠલભાઈ તો પંડિતોથી પણ ચડી જાય એવા પંડિત છે. સને ૧૯૨૭માં ગુજરાતમાં ભયંકર રેલ સંકટ વખતે અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈનાં દબાણથી વાઈસરોય લોર્ડ ઈર્વીને ગુજરાત આવવું પડેલ. ગુજરાતને રૂા. ૧ કરોડની સહાય અપાવી અમૂલ્ય સેવા કરેલ. હિન્દની આન, બાન, શાન અને ગૌરવ વધારનાર વિઠ્ઠલભાઈને કરોડો સલામ. ■

પ્રવાહમાં જઈને આપણી જીવન નૌંકાને હલેસાં મારતા રહીએ, ક્યાંક તો સામા પ્રવાહના પાણી ધીરે ધીરે ઓછરતા હશે, પાણીનો પ્રવાહ પણ ક્યાંક તો મંદ થતો હશે, તમારો કિનારો ક્યાંક નજીકમાં જ હશે, બસ ધીરજ અને ધૈર્ય થી જીવનની નાવને હલેસા મારતા રહો, દરેક પ્રાણી માત્ર પોતાના અસ્તિત્વની લડાઈ લડતા રહે છે, તો તમારે પણ તમારા અસ્તિત્વની લડાઈ લડતા રહેવું જોઈએ, ઘનઘોર જંગલમાં સિંહ વાઘ જેવા હિંસક પ્રાણીઓ હોવા છતાં હરણ સસલા જંગલમાં રહેવાનું છોડી દેતા નથી.

અહીંયા કોઈ દીકરીનું ઘર ભાંગવાની વાત નથી એ ખાસ ધ્યાને લેવું, ફકત વિકટ કપરી કે જ્યાં એના જીવન મરણનો પ્રશ્ન ઉદભવતો હોય તેવા અસામાન્ય સંજોગો સામે એકલા હાથે ઝઝૂમતી દિકરીને ટેકો આપીને ઘેર પરત લાવવાની વાત છે, દરેક ઘર પરિવારમાં ચાલતા નાના મોટા સામાન્ય ઝઘડાની વાત નથી, એ તો દરેક ઘરમાં વાસણો ખખડવાના, પરંતુ એજ ખખડેલા વાસણોમાં પાછા બધા જોડે જમતા પણ હોય છે, દિકરીઓને સામાન્ય પણે બચપણથી એવું જ શીખવવામાં આવતું હોય છે કે બેટા ભવિષ્યમાં સાસરે જવાનું છે, થોડું સહન કરતા રહો, સહન કરવાની પણ એક મર્યાદા હોય છે, સતત મળતા ત્રાસને કારણે દીકરીઓની સહન શક્તિ ખૂટી જાય છે. બાપના ઘરનો દરવાજો પણ બંધ હોય છે. આવા કપરા સમયમાં દિકરીઓ માટે કોઈ આરો ચારો રહેતો નથી અને પોતાનું જીવન ટૂંકાવે છે. ઘણા લોકો એવી પણ સલાહ આપતા હોય છે કે દિકરીના લગ્ન પછી દિકરીની અર્થી સાસરામાંથી જ નીકળે. ફક્ત મૂર્ખ માણસો આવું નિવેદન કરીને દિકરીઓને ઓશીયાળી અને પરાઈ કરી મૂકે છે જાણે દિકરીઓનું કોઈ વજૂદ જ ના હોય. ગમે તેવી ભયંકર પરિસ્થિતિ હોય પરંતુ તમારા જીવન થી વધારે મૂલ્યવાન કોઈ વસ્તુ નથી તેની ગાંઠ મારી લો, તમારા આપઘાત કે જીવન ટૂંકાવવાથી ઊલટાનો દુર્જનોનો માર્ગ મોકળો થશે, એવી દરેક દિકરીઓને સેલ્યુટ છે જે વિકટ પરિસ્થિતિ સામે ઝઝૂમી રહી છે અને પોતાના જીવનને એક નવો મોડ આપી રહી છે અને પોતાનો જીવનપથ ખુદ કંડારી રહી છે.

મો. ૯૮૨૫૦૧૪૦૬૩


SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com

## યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહારાષ્ટ્રના મશહૂર હિલ સ્ટેશનો

**ગતાંકથી ચાલુ...**

મહાબળેશ્વર થી ૧૯ કી.મી. દૂર આવેલ પાંચ પહાડીઓ ધરાવતું સુંદર હિલસ્ટેશન છે. એની સ્વાસ્થ્યપ્રદ હવા અને મનલુભાવન કુદરતી સૌંદર્યથી આકર્ષાઈ અનેક લોકો અહીં આવે છે. અહીંના શાંત વાતાવરણમાં અનેક વિદ્યાધામો પણ વિકસ્યા છે. અહીં અનેક પોઈન્ટ જોવાલાયક છે.

મહાબળેશ્વર થી ૨૦૫ કિ.મી. દૂર આવેલ માથેરન નવવિહાહિત દંપતિઓનું માનીતું હિલ સ્ટેશન છે. જે મુંબઈથી ૧૯૮ કિ.મી. દૂર છે. માથેરાન જવા માટે નેરલ રેલ્વેસ્ટેશન થી મીનીટ્રેન દ્વારા જઈ શકાય છે. નેરલ થી માથેરાન સુધીની મીનીટ્રેન મુસાફરી અત્યંત રોમાંચકારી છે. નેરલ થી બે ક્લાકનો સમય મીનીટ્રેનમાં લાગે છે. સવારે ૬ વાગ્યે ટ્રેન દ્વારા નેરલ પહોંચી સાંજે માથેરાન થી પરત આવી શકાય છે. માથેરાનની વિશેષતા એ છે કે અહીં પ્રટ્રોલ-ડીઝલ થી ચાલતા વાહનો પર પ્રવેશનિષેધ છે. એટલે જ અહીં નું વાતાવરણ પ્રદૂષણ મુક્ત છે. અહીં બજારમાં માત્ર ઘોડાગાડી ચાલે છે. સુંદર તળાવ લીલીછમ વનરાજી, ગાઢ જંગલ અને પર્વતોની સુંદરતા માટે માથેરાન પ્રખ્યાત છે. મે થી ઓક્ટોબરનો સમય ફરવા માટે અનુકુળ છે. અહીં રામબાગ, ચારલોટી ઝીલ, ઓલંપીયા મેદાન, પેમાસ્ટર પાર્ક અને વિવિધ પોઈન્ટ દર્શનીય છે. અહીંની હનીમુન હીલ અને અને પેંથર ગુફા ખૂબ જ પ્રખ્યાત છે.

મહારાષ્ટ્રનું સર્વોત્તમ હિલસ્ટેશન મહાબળેશ્વર કલકલ કરતાં ઝરણાં, ખૂબસૂરત વાદીયોં તથા પ્રકૃતિક ઝીલના અપ્રિતમ સૌંદર્ય માટે પ્રખ્યાત છે. અહીં અનેક પિક્ટરના શુટીંગ થાય છે. અહીં અનેક પોઈન્ટ જોવા લાયક છે. સહ્યાદ્રી પર્વતમાળામાં સમુદ્ર સપાટીથી ૧૩૭૨ મીટરની ઉંચાઈએ આવેલ આ હિલસ્ટેશનની શોધ ૧૮૨૮માં સર જાન મેલ્કન દ્વારા કરાઈ હતી.

મહાબળેશ્વરમાં વરસાદ ખૂબ જ પડે છે એટલે સમગ્ર હિલસ્ટેશન વૃક્ષસ્ટેશન વૃક્ષકૂંજોથી સદા આચ્છાદીત રહે છે. મહાબળેશ્વર એ શ્રીમંતોનું પ્રિય ગિરિમથક છે. અહીં એલફીન્ટન પોઈન્ટ, બેબીંગ્ટન પોઈન્ટ, બોમ્બે પોઈન્ટ વિગેરે મુખ્ય છે. મહાબળેશ્વરથી અઢી કિમી દૂર ચીનમન નો ધોધ, ૩ કિમી. દૂર ધોબી નો ધોધ અને ૬ કિમી. દૂર લીંગમાલા ધોધ આવેલા છે. મહાબળેશ્વરથી ૬ કિમી. દૂર વેણા સરોવર આવેલું છે. જેમાં નૌકાવિહાર પણ કરી શકાય છે. જૂના મહાબળેશ્વરમાં ભગવાન મહાબળેશ્વર એટલે કે ભગવાન શિવનું પ્રાચીન મંદિર આવેલ છે. પુનાથી મહાબળેશ્વર ૧૨૦ કિમી. દૂર થાય છે.

મુંબઈથી ૧૦૦ કિમી. અને પુનાથી ૬૫ કિમી. દૂર આવેલ લોનાવાલા - ખંડાલા વચ્ચે માત્ર ૪ કિમી. નું અંતર છે. 'આતી ક્યા ખંડાલા' ગીત દ્વારા વિશેષ પ્રસિધ્ધિ પામેલ આ હિલ સ્ટેશન અત્યંત રમણીય છે. મુંબઈથી રેલ્વે માર્ગ અથવા બસ માર્ગે જતાં ખંડાલા પ્રથમ આવે છે. લોનાવાલા કરતા ખંડાલા નાનું હિલસ્ટેશન છે. ખંડાલા નૈસર્ગિક સૌંદર્ય અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. વર્ષાઋતુમાં પર્વત પરથી પડતા ઝરણાં એનાં સૌંદર્યમાં ચારચાંદ લગાવી દે છે. અહીં સનસેટ પોઈન્ટ, લવર્સ પોઈન્ટ અને નાનકડું તળાવ દર્શનીય છે.

લોનાવાલા થી બસ માર્ગે ૧૨ કિમી. દૂર કાર્લા ગુફાઓ આવેલી છે. આ ગુફાઓ ૧૦૦ મીટર ઊંચી એક પહાડી પર આવેલી છે. આ ગુફાઓ બૌદ્ધ ધર્મની હિનયાન શાખાના અનુયાયીઓનો પ્રમુખ વિહાર હતો. ગુફાના વિશાળ પ્રવેશદ્વારમાંથી પ્રવેશતાં ઉજાસ ગુફાઓની શિલ્પ કૃતિઓને સુંદર રીતે ઉપસાવે છે. ગુફામાં સ્તંભોની વિશાળ હારમાળા છે. આ સ્તંભો પર ઢળતા ગજરાજો પર આરૂઢ યુગલ મૂર્તિઓ એકબીજાના બાહુપાશમાં બદ્ધ દેખાય છે.

મુખ્ય માર્ગથી કાચા રસ્તે લગભગ ૫ કિમી. દૂર જતાં હરિયાળી પહાડી પર ભાજાની ગુફાઓ આવેલી છે. ગુફાની આસપાસની હરિયાળી સમગ્ર પ્રદેશને નયનરમ્ય બનાવી દે છે.

### સામુદ્રિક સૌંદર્ય વૈભવથી છલકાતો પ્રદેશ - ગોવા

એક પૌરાણિક કથાનુસાર ભગવાન પરશુરામે અગ્નિબાણથી વર્ષા કરીને વરુણદેવ પાસેથી સૌંદર્યસભર ગોમાન્તક પ્રદેશ છીનવી લીધો હતો. આજે સુવર્ણપ્રદેશ ગોવા અનેકવિધ રીતે એ ઉક્તિને સાર્થક કરે છે. વિપુલ વર્ષાથી અહીંની ભૂમિ સદા સઘન વનરાજીથી છવાયેલ રહે છે. પશ્ચિમઘાટની ગિરિમાળઓમાંથી વહેતી સજળ સરિતાઓ અને હરિયાળીથી આચ્છાદીત એમનો રમણીય તટ પ્રદેશ આ ભૂમિમાં નંદનવન ખડુ કરે છે. તાડ, તમાલ અને નાળીયેરીની ઘટાઓથી ઘેરાયેલ એના સુરમ્ય સાગર તટો સામુદ્રિક સૌંદર્યની રંગસ્થલી રચે છે. તો આ ભૂમિમાં વીકસેલી સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિ અને રાજનીતિક પરંપરા ગોમાન્તક પ્રદેશને પૂર્વના સુવર્ણપ્રદેશ તરીકે ઘોષિત કરે છે.

અફાટ કુદરતી સૌંદર્ય સાથે પરમશાંતિ, સુરમ્ય સાગર તટો અને આહ્લલાદક આબોહવાને કારણે કવિઓ, લેખકો, ચિત્રકારો, ફિલ્મ નિર્માતાઓ અને દેશ-વિદેશના અસંખ્ય લોકોને આકર્ષનાર ગોવા સહેલાણીઓનું સ્વર્ગ છે. ગોવાના સાગર તટની સોનેરી રેતી પર જ્યારે સૂર્યનારાણ પોતાનો વૈભવ બીછાવે છે ત્યારે આકાશને આંબતા તાડના વૃક્ષો જાણે કે તાલબદ્ધ હવા સાથે નૃત્ય કરવા લાગે છે. જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન

ભારે વરસાદને કારણે ગોવા જવું હિતાવહ નથી. આજે ગોવામાં દર વર્ષે દેશ-વિદેશમાં આવતા પર્યટકોની સંખ્યા ગોવાની વસ્તીથી વધુ છે.

વાસ્તવમાં ગોવા કોઈ એક પ્રદેશનું નામ છે. નગર કે શહેરનું નહીં. ગોવા એક પુરો પ્રદેશ છે. જેના સાગર તટની લંબાઈ ૧૦૫ કિમી. છે. ૩૬૩૬ કિમી. ચો. કિમી. ના વિસ્તારમાં ફેલાયેલ સમુદ્રતટ, સરોવરો, પર્વતો, નદીઓ તેમજ ફળફૂલોની સુગંધથી મહેકતા બાગ-બગીચાઓથી ભરેલા ગોવામાં ૧૩મી સદી સુધી આર્યોનું શાસન હતું. પોર્ટુગીઝોએ ગોવામાં લગભગ ૪૫૧ વર્ષ સુધી શાસન કર્યું હતું. દેશ ૧૯૪૭માં આઝાદ થયો પરંતુ ગોવા ૧૬ વર્ષ બાદ પુર્તગાલી શાસનમાંથી મુક્ત થયો. ૧૯૬૧માં ગોવા ભારતનું અભિન્ન અંગ બન્યો. આ વિસ્તુત વિસ્તારમાં ગોવાની રાજધાની પણજી, માયુસા, મારગાઓ, વાસ્કોડીગામા, પોંડા, બોંડલા જેવા અનેક શહેરો આવેલા છે. બે બાજુ મહારાષ્ટ્ર અને કર્ણાટકથી ઘેરાયેલ ગોવાનો પશ્ચિમ ભાગ અરબીસમુદ્રને સ્પર્શે છે. ગોવામાં હિન્દી, અંગ્રેજી, મરાઠી, કોંકણી તથા પુર્તગાલી ભાષા બોલાય છે. ગોવામાં જુઆરી, માંડવી, તીરાકોલ, સાલ, ચાપોરા તથા તાલપોના જેવી નાની મોટી નદીઓ વહે છે. સાગરના નીલારંગના પાણીનો સ્પર્શતા કલંગુટ, કોલવા, દૌના-પાઉલા, મીરામાર, અંજુના, વાગાટોર, ૩ અગોંડા, આરામ બોલ, પોલોલેમ જેવા વિશ્વપ્રસિધ્ધ બીચ આવેલા છે. આ ઉપરાંત નદીઓ, સરોવરો, ઝરણાં અને ધોધ ઉપરાંત બાગ-બગીચાઓ ગોવાની ખૂબસુરતીને ચાર ચાંદ લગાવી જાય છે.

ગોવા રાષ્ટ્રીય રાજમાર્ગ ૪એ, ૧૭એ તથા ૧૭ પર આવેલ છે. જેનો મુંબઈ, બેંગ્લોર, મેંગ્લોર, પૂના, બેલગામ સાથે સીધો સંપર્ક છે. મુંબઈથી તો અનેક વાહનો દ્વારા સવારે નીકળી સાંજે ગોવા પહોંચી શકાય છે. કોંકણ રેલ્વે દ્વારા ગોવા થોડા સમય પહેલા જ દેશના અન્ય ભાગો સાથે જોડાયું છે.

ગોવાના માંડગાંવ રેલ્વેસ્ટેશન પર બધી ટ્રેનો રોકાય છે. માડગાંવ થી ટેક્સી કે બસ દ્વારા પણજી પહોંચી શકાય છે. ગોવા જવા માટે દેશના અનેક ભાગોમાંથી ટ્રેનની સુવિધા પણ ઉપલબ્ધ છે. મુંબઈ થી ગોવા સમુદ્રી જલયાત્રા દ્વારા ૨૪ કલાકનો સમય લાગે છે. બુકીંગ બે મહિના પહેલા કરાવવું પડે છે. ગોવામાં સ્થાનિક પરિવહન માટે ટેક્સી, ઓટોરિક્ષા, બસની સુવિધા ઉપરાંત એક અનોખી સવારીનો આનંદ માણી શકાય છે જે મોટર સયકલ છે. તેનું મડગાર્ડ પીળા રંગનું હોય છે. ગોવામાં અનેક જોવાલાયક વિશ્વપ્રસિદ્ધ બીચ અને સ્થળો આવેલા છે.

**દૌના-પાઉલા બીચ :** આ પ્રસિદ્ધ બીચ પણજીથી ૭ કિમી. દૂર આવેલ છે. અહીં બોટીંગની સુવિધા પણ છે. અહીં અરબ સાગરની લહેરો કલકલ કરતા સાગર તટને સ્પર્શીને ચાલી જાય છે. અહીંથી મારગાઓ હાર્બર તથા જુઆરી નદીનું સુંદર દશ્ય જોવા મળે છે. અહીં અસંખ્ય પિક્ચરના શુટીંગ થાય છે.

**કલંગૂટ બીચ :** પણજીથી ઉત્તરે ૧૬ કિમી. દૂર આવેલ આ બીચ ગોવાનો સૌથી સુંદર બીચ છે. અહીં પર્યટકો માટે આવાસની સુંદર વ્યવસ્થા છે. આ બીચ પર સૂર્યાસ્તનું દશ્ય ખૂબ જ આકર્ષક અને સુંદર છે.

**અંજૂના બીચ :** કલંગૂટ બીચની બાજુમાંજ આવેલ અંજૂના બીચ વર્ષો પહેલાં હિપ્પીઓનું સ્વર્ગ સમાન હતો. આ બીચની દક્ષિણે કેંડોલીમ બીચ પણ આવેલો છે. માછીમારો માટે તે સુરક્ષિત છે.

**કોલવા બીચ :** પણજીથી દક્ષિણમાં અને મારગાંવથી લગભગ ૬ કિમી. દૂર આવેલ આ બીચ સુંદરતામાં કલંગૂટ બીચ સમાન છે. તાડ અને નાળીયેરીના વૃક્ષોથી આચ્છાદીત આ બીચની છટા નીરાળી છે. અહીં સૂર્યોદય અને સૂર્યાસ્તના દ્રશ્યો જોવા એક લ્હાવો છે.

**મીરામાર બીચ :** પણજી થી માત્ર ૩ કિમી. દૂર આવેલ આ બીચ ખૂબ જ લોકપ્રિય છે. પણજીથી નજીક હોવાને કારણે હોટલોમાં રહેનાર પર્યટકો માટે ખુબ જ સુવિધાજનક છે.

**વાગાટોર બીચ :** પણજીથી ઉત્તરે ૨૨ કિમી. દૂર આવેલ આ બીચ તેના સુરમ્ય સાગર તટ અને કુદરતી સૌંદર્ય માટે વિશ્વપ્રસિદ્ધ છે.

**એગ્વેડા બીચ :** એગ્વેડા કિલ્લા પાસે માંડોવી નદી અને સાગરના સંગમસ્થાને આ બીચ આવેલો છે. અહીં તાજ ગ્રુપ દ્વારા સંચાલિત વૈભવી રીઝોર્ટ અને હોટેલ આવેલ છે. અહીંથી થોડે દૂર મોટરબોટમાં બેસીને દરિયામાં ઉછળતી ડોલ્ફીન માછલીને જોવાનો આનંદ મળે છે.

**પોલોલેમ બીચ :** મારગાંવ ૩૮ કિમી. દૂર આવેલ અને અગ્વેડા બીચથી દક્ષિણમાં આવેલ આ બીચ વધુ સુંદર અને વીરાન છે. એની બાજુમાં આવેલ પશ્ચિમ ઘાટની પહાડીઓ સુંદરતામાં ચાર ચાંદ લગાવી જાય છે. સાગર અને પર્વતના સુંદર દ્રશ્યો પર્યટકોને આકર્ષે છે.

આ ઉપરાંત ગોવામાં આરામબોલ પણજીથી ૫૦ કિમી, હરમાઈ બીચ, બાગમાલો બીચ, ચાપોરા બીચ, બૈનોલીમ બીચ, મબોર બીચ, બલસાઓ બીચ, બેતૂલ બીચ આવેલા છે.

**બામ જીસસ ચર્ચ :** ૧૬ મી સદીમાં બનેલું આ ચર્ચ ખૂબ જ પ્રસિધ્ધ છે. અહીં સંત ફ્રાંસીસ જેવીર્સનું પાર્થિવ શરીર ચાંદીના તાબૂતમાં સુરક્ષિત રખાયું છે. જે પ્રત્યેક દશ વર્ષે દર્શનાર્થે બહાર મુકવામાં આવે છે.

**મંગેશ ટેમ્પલ :** પણજીથી ૨૩ કિમી. પોંડામાં એક પહાડી પર સ્થિત શિવજીનું ૪૦૦ વર્ષ જુનું મંદિર અને તેનું વાતાવરણ અદ્ભૂત છે. આ ઉપરાંત સપ્તકોટેશ્વર અને શાંતાદૂર્ગા મંદિર પણ દર્શનીય છે.

**: મુખ્ય શહેરોથી અંતર :**

| | |
|---|---|
| મહાબળેશ્વર : ૪૫૦ કિમી. | પૂના : ૪૮૦ કિમી. |
| હૈદ્રાબાદ : ૭૨૧ કિમી. | મુંબઈ : ૫૯૦ કિમી. |
| બેંગ્લોર : ૫૮૦ કિમી. | મદ્રાસ : ૯૧૩ કિમી. |

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫

## યુવા સૃષ્ટિ



**યુવાનોના પ્રેરણાસ્રોત**
**સ્વામી વિવેકાનંદ**

# સફળ જીવનનું રહસ્ય

**વાલ્મીકિનો પહેલો શ્લોક દયાની ઉત્કૃષ્ટ ભાવનામાંથી સ્ફૂર્યો હતો**

એક દિવસે સંત વાલ્મીકિ ગંગા સ્નાને જતા હતા. એક કપોતયુગલ ગોળ ગોળ ચક્રાવા લઈ રહ્યું હતું. એકબીજાને ચૂમીઓ લેતું હતું. ઋષિએ ઊંચે જોયું. એ દૃશ્યથી તે આનંદ પામ્યા. આંખના પલકારામાં એક તીર આવ્યું. નર કપોતને વીંધી ચાલ્યું ગયું. કપોત ધરતી પર ઢળી પડ્યો. વિષાદ ઘેરી માદા કપોત એના સખાના શબની ફરતી ચક્રાવા લેતી જ રહી. ક્ષણાર્ધમાં જ કવિના દિલમાં દર્દ ઊભરાયું. સામે નજર કરતાં એક વ્યાધ જોયો 'તું જ આ દુષ્ટ ! તે બોલ્યા દયાહીન પામર પ્રાણી ! તારો વિનાશક હાથ પ્રેમ માટે પણ ન થંભ્યો ?'

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।**
**यत्क्रौंच मिथुनादेकमवधोः काममोहितम् ॥**

(વાલ્મીકી રામાયણ: બાલકાંડ)

'આ શું ? આ હું શું કરું છું ?' કવિ દિલમાં જ વિચારી રહ્યાં. આવી રીતે હું કદીય બોલ્યો નથી! ત્યાં એક અવાજ આવ્યો, 'ભય ન પામશો. તમારા મુખથી કાવ્યધારા વહી રહી છે. જગતના ભલા માટે રામચરિત્ર કાવ્યો લખો.' એમ રામાયણ લખવાનો પ્રારંભ જ એમણે જગતને રામાયણનો સુંદર ગ્રંથ આપ્યો.

**સાચી વૃત્તિ :** જે કામ તમે કરો છો એ બધાં જ આંતરિક છે. તમારા પોતાના લાભ માટે જ એ કરવાં આવે છે. તમારા કે મારા ઈશ્વર કોઈ ખીણમાં ગબડી પડ્યા નથી કે એને સહાય કરવા આપણે હોસ્પિટલ કે એવું કશું ઊભું કરવું પડે. એ તમને કામ કરવા દે છે, આ મહાન વ્યાયામ શાળામાં તમે તમારા સ્નાયુઓ કસો એવી તમને તક છે. તમે એને સહાયરૂપ બનો એટલા માટે નહિ, પણ તમે તમારી જાતને સહાયરૂપ બનો એ માટે. તમારી સહાય નહિ મળે તો એક કીડી પણ મરવા પડશે એવું તમે માનો છો ? માનતા હો તો એ તમારી મોટી અધાર્મિકતા છે.

એને સહાય કરવા નહિ પણ એને માટે કામ કરવાની આપણને તક મળી છે એટલા આપણે ભાગ્યશાળી છીએ. 'સહાય' શબ્દ તમારા મગજમાંથી ભૂંસી નાખો. તમે મદદ કરી શકો એમ છો જ નહિ. એ તમારી નરી અધાર્મિકતા છે.

એની પૂજા કરવાની આપણને તક મળી છે. આખા વિશ્વ સમક્ષ એવો ભક્તિભાવ અપનાવી ઉભા રહો. પછી જ સંપૂર્ણ અનાસકિત પ્રાપ્ત થશે. તમારું આ કર્તવ્ય છે. કામ કરવાની આ વૃત્તિ સાચી છે. કર્મયોગે પણ આ જ રહસ્ય શીખવ્યું છે.

**નિસ્વાર્થ ભાવે કામ કરનાર સૌથી વધારે સુખી છે**

ભિખારી કદી સુખી નથી. એ ભીખ મેળવે છે પણ દયાથી 'તુચ્છકારથી' એની પાછળ એટલો ખ્યાલ તો જરૂર હોય છે કે એ હલકું પ્રાણી છે. એને જે પ્રાપ્ત થાય છે એથી એ કદી સાચું સુખ પામી શકતો નથી.

આપણે બધા જ ભિખારી છીએ. આપણે જે કાંઈ કામ કરીએ છીએ એના વળતરની આશા રાખીએ છીએ. આપણે બધા વ્યાપારી છીએ. આપણું જીવન એક વ્યાપાર છે. આપણે સદ્ગુણોનો પણ વ્યાપાર કરીએ છીએ. આપણે ધર્મનો પણ વ્યાપાર કરીએ છીએ. અરે! આપણે પ્રેમનો પણ વ્યાપાર કરીએ છીએ.

જો વ્યાપારની વાત કરતા હોઈએ, જો આપ-લેનો પ્રશ્ન હોય, ખરીદવા વેચવાનો પ્રશ્ન હોય, તો ખરીદવેચાણના કાનૂનો પ્રમાણે વર્તો, એમાં સારો સમય આવે, નરસો સમય પણ આવે, કિંમત પણ ચઢે ઉતરે, હંમેશા કોઈને કોઈ આપત્તિ આવવાની ભીતિ તો રહે. આ તો અરીસામાં જોવા જોવું છે. એમાં તમારા મુખારવિંદનું પ્રતિબિંબ પડે છે. તમે મોઢું બગાડો તો બગડેલું દેખાશે, તમે હસશો તો અરીસામાં તમારું મોઢું હસતું દેખાશે. અરીસો પણ જાણે હસે છે. આ ખરીદવેચાણ, આ આપ-લે છે.

આપણે બંધનમાં પડીએ છીએ કેવી રીતે? આપણે જ આપીએ છીએ તેથી નહિ, પણ આપણે જેની આશા રાખીએ છીએ તેથી. આપણા પ્રેમના બદલામાં આપણને દુઃખ મળે છે. આપણે ચાહીએ છીએ તે કારણ નહિ પરંતુ બદલામાં આપણે પ્રેમ વાંછીએ છીએ તેથી. માગણી ન હોય તો દુઃખ ન હોય. ઈચ્છા, માગ એ બધાં દુઃખનાં મૂળ છે. ઈચ્છાઓને સફળતા નિષ્ફળતાના કાનૂનોનાં બંધન છે. ઈચ્છાઓ દુઃખ આણે જ.

વિષયવાસના અને લક્ષ્મીનો ત્યાગ કર્યા પછી નવાણું ટકા સાધુઓ છેવટે નામ અને ખ્યાતિનાં બંધનો વહોરી લે છે. 'કીર્તિ ઉમદા માનસની છેલ્લી નબળાઈ' વાંચ્યું છે ને ?

'હું કેવળ કામ ખાતર કામ કરું છું, એમ કહેવા જેવું બીજું કશું જ સહેલું નથી. પરંતુ ચતુષ્પાદ બની વીસ માઈલ જવા તૈયાર છું. ક્યાંક બીજો કાંઈ લાભ. ક્યાંકને ક્યાંક લાલસા છુપાયેલી હોય છે જ. પૈસા નહિ તો સત્તા, સત્તા નહિ તો બીજા કાંઈ લાભ, ક્યાંક ને ક્યાંક કોઈ હેતુ છુપાયેલો જ છે.'

**નિસ્વાર્થ ભાવે કાર્ય કરનાર જ શ્રેષ્ઠ કાર્ય કરે છે :**

હેતુ વિના કોઈ કાર્ય થઈ શકે જ નહિ એમ ઘણાનું કહેવું છે. ધર્માન્ધતાની અસર સિવાય એમણે નિષ્કામ કર્મ થતું કદી જોયું નથી એટલે તે એવું બોલે છે.

હેતુ વિના જે કામ કરે છે તે શ્રેષ્ઠ કાર્ય છે. પૈસા, ખ્યાતિ કે બીજું કોઈ જ કારણ હોવું ન જોઈએ. મનુષ્ય જ્યારે એમ કરી શકશે ત્યારે એ બુદ્ધ થશે. પછી જ જગતને પલટાવી નાખનાર

# યુવા સૃષ્ટિ

વ્યક્તિ એનામાંથી પેદા થશે. આવો માનવ કર્મયોગનો શ્રેષ્ઠ આદર્શ પૂરો પાડે છે.

બુદ્ધ એકલા જ એવા પયંગબર થઈ ગયા છે જે કહેતા, : 'ભગવાન વિશેની તમારી વિવિધ વાતો જાણવાની મને પરવા નથી. આત્મા વિષેનાં આવાં ચંચળ સૂત્રોની ચર્ચા કર્યે શો લાભ? કલ્યાણ કરો ને સારા કહેવાઓ એ જ તમને સ્વાતંત્ર્ય પંથે લઈ જશે; જે કાંઈ સત્ય છે તે દેખાડશે.' એમની જીવન ચર્યામાં તમને વ્યક્તિગત હેતુથી ક્યાંય ઝાંખી નહિ થાય છતાં એમનાં કરતાં ક્યા માનવે વધારે કામ કર્યું છે ? એમના જેટલા ઉન્નત શૃંગ વિરાજ્યા હોય એવું ઈતિહાસમાં એક પાત્ર તો બતાવો !

ફળની આશા વગર કામ કરે એ જ સાચો કર્મયોગી. માનવતાનો ઇતિહાસ એવાને જ શ્રેષ્ઠ માનવી લેખે છે. હૈયા ને મગજનો ઉત્તમ સમન્વય એણે સાધ્યો છે. શ્રેષ્ઠ પ્રકારનું આત્મબળ ત્યાં જ દષ્ટિગોચર થાય છે.

સમુદ્રમાંથી સૂર્ય પાણી લે છે ને વર્ષારૂપે પાછું વાળે છે. આપલે માટે તમે યંત્ર છો. આપવા માટે જ તમે લો છો. માટે બદલામાં કશું જ ન માગો. જેમ તમે વધારે આપશો એમ તમને વધારે મળશે. આ ખંડની હવા જેટલી તમે વહેલી ખાલી કરશો તેટલી વહેલી એ બહારથી હવાથી ભરાઈ જશે. તમે બધાં જ બારીબારણાં જાળિયાં માળિયાં બંધ કરશો તો અંદરનું અંદર રહેશે, બહારનું કશું જ અંદર પ્રવેશ નહિ પામે. અંદર છે એ ગંધાઈ ઉઠશે, બગડી જશે, સડી જશે. એમાં ઝેર વ્યાપશે. સરિતા જલ સમુદ્રમાં ચાલુ ઠલવાતાં જ હોય છે. છતાં પ્રવાહ ચાલુ જ રહે છે. સમુદ્રમાં સરિતાનું મુખ બંધ ન કરો. એમ કરશો તો મોત આવશે.

**નિસ્વાર્થ કામ કરનાર જ સફળતા પામે છે**

માનવતા અને કુદરતને સ્વેચ્છાએ જે અર્પણ કરવામાં આવે છે એ કાર્યમાં જ કોઈ આસક્તિ નિર્માણ થતી નથી. સ્વતંત્ર રહી પ્રેમથી કાર્ય કરનારને પરિણામની પરવા નથી. પણ ગુલામને જ ફટકાની જરૂર પડે છે. નોકરને પગાર જોઈએ છે જીવનનું પણ એવું જ છે. જાહેર જીવન લો. જાહેર વક્તા થોડીક તાલીઓ, થોડીક સિસકારીઓ, થોડાક હુરિયાની અપેક્ષા રાખે છે. એ બધું એને જ મળે અને એને ખૂણામાં બેસાડી રાખશો તો એ મરી જશે. એને એના વિના નહિ ચાલે. આ ગુલામી વૃત્તિ છે. કોઈ બદલાની આશા રાખવી એ એવા સંયોગોમાં બીજી પ્રકૃતિ જ બની જાય છે.

સફળતા વરેલા પ્રત્યેક મનુષ્યમાં ગજબ પ્રામાણિકતા અને ગજબ સહૃદયતા હોય છે જ એને એ જ જીવનમાં એની અજોડ સફળતાનું કારણ હોય છે. કદાચ એ સંપૂર્ણ તથા નિઃસ્વાર્થી નહિ પણ હોય પરંતુ નિઃસ્વાર્થી હોત તો પગલાં તો એ જરૂર માંડી રહ્યો હશે. એ સંપૂર્ણ નિઃસ્વાર્થી હોત તો એને બુદ્ધ કે ક્રાઈસ્ટ જેવી સફળતા વરત. નિઃસ્વાર્થનો આંક જ સર્વત્ર સફળતાનો આંક નક્કી કરે છે.

સાચી સફળતા અને સાચા સુખની મોટી ચાવી આ છે : જે મનુષ્ય બદલાની બિલકુલ આશા ન રાખે અને સંપૂર્ણ નિઃસ્વાર્થી હોય એ જ સૌથી વધારે સફળ થાય છે. આ કદાચ વિરોધાભાસ લાગશે. જીવનમાં જે નિઃસ્વાર્થી હોય છે એ પ્રત્યેક માનવી છેતરાય છે, દુભાય છે, એ શું આપણે નથી જાણતા ? બાહ્ય રીતે હા, 'ક્રાઈસ્ટ નિસ્વાર્થી હતા, છતાં એને ક્રોસ પર જડાવું પડ્યું.' સાચું, પરંતુ આપણે એ પણ જાણીએ છીએ કે એની નિઃસ્વાર્થ વૃત્તિ જ એના મહાન વિજયનું કારણ છે. એને લીધે જ કરોડો જીવો પર સાચી સફળતાના આશીર્વાદ વરસે છે.

**ક્ષુલ્લક 'અહં'ને હાંકી કાઢો :**

'આ હું કરું, આ મેં કર્યું' એ ભાવના જ યોગ દ્વારા કામ કરનારના જીવનમાં અસ્તિત્વ ધરાવતી નથી. પશ્ચિમના લોકોને આની ગમ પડતી નથી. અહંભાવનો ખ્યાલ ન હોય, અહંભાવ ભૂંસાઈ જાય, તો મનુષ્ય કામ જ શી રીતે કરી શકે એમ તેઓ કહે છે. પરંતુ મનુષ્ય જ્યારે એકાગ્રતાથી કામ કરે છે એ સઘળું આત્મભાન ભૂલી જાય છે. ત્યારે જ કામ થાય છે એ અનેકઘણું સારું હોય છે. દરેક મનુષ્ય પોતાના જીવનમાં આવો અનુભવ કરતો હશે. ઘણાં કામ આપણે અજાણતાં જ કરીએ છીએ. પાચનક્રિયા વગેરે. કેટલાંક કામ આપણે જાણીબુજીને કરીએ છીએ અને બીજાં જાણે સમાધિમાં ડૂબી ગયાં હોઈએ ત્યારે થાય છે. ત્યારે સંકુચિત અહંભાવનો અંશમાત્ર અણસાર ત્યાં હોતો નથી.

એક ચિત્રકાર પોતાનું આત્મભાન ભૂલી પોતાના ચિત્રકામમાં બિલકુલ તલ્લીન બની જાય તો એ શ્રેષ્ઠ ચિત્રો સર્જી શકે છે. યોગ દ્વારા જેણે ઈશ્વરનું તાદામ્ય સાધ્યું છે, એ ધ્યાનમાં વિલીન થઈને જ પોતાનાં બધાં જ કાર્યો કરે છે. એને વ્યક્તિગત લાભની પરવા હોતી નથી. આવું કાર્ય જગતનું કલ્યાણ સાધે છે. એમાંથી કોઈ અનિષ્ઠ પ્રગટવાનો સંભવ નથી. આમ જ બધાં કાર્યો કરવાં જોઈએ એવું ગીતા પણ કહે છે.

અહંભાવ એની વજ્રદીવાલમાં આપણને પૂરી રાખે છે. બધી વાતોમાં આપણે આપણી જાતને વચ્ચે લાવીએ છીએ. આ હું કરું છું. પેલું હું કરું છું એમ વિચારીએ છીએ. આ ક્ષુલ્લક 'હુ'ને હાંકી કાઢો. આપણે આ સેતાનને ડામી દો. 'હુ' નહિ પણ 'તુ' એમ કહો; એવી ભાવના રાખો, એવું જીવન જીવો. અહંભાવે રચેલી દુનિયાનો આપણે ત્યાગ કરવો જોઈએ. નહિ તો આપણે કદીયે સ્વર્ગમાં પ્રવેશી શકીશું નહિ.

ખરી શક્તિ તો મૂક સેવક પાસે જ છે, જે જીવે છે અને પ્રેમ કરે છે અને પછી પોતાનું વ્યક્તિત્વ સંકેલી લે છે. એ કદી 'મને' 'મારું' એમ નથી કહેતા. સાધન બનવામાં જ એ સદ્ભાગ્ય માને છે. એવા લોકો જ ક્રાઈસ્ટ અને બુદ્ધ નિપજાવે છે.

**તેઓ સિદ્ધાંતનું મૂર્તસ્વરૂપ છે :** તેઓ કોઈ વ્યક્તિ નથી. પ્રભુએ સરસ રીતે પોતાની જાતને ગુપ્ત રાખી છે; એનું કાર્ય શ્રેષ્ઠ છે. જે પોતાની જાતને શ્રેષ્ઠ રીતે છુપાવી શકે છે એ જ શ્રેષ્ઠ કાર્ય કરી શકે છે. 'સ્વ'ને જીતો અને સમગ્ર વિશ્વ

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. તીર્થરાજ દવે**
લેખક : શેલ્બી મલ્ટી-સ્પેશશિયાલિટી હોસ્પિટલ અમદાવાદના આર્થરોસ્કોપીક સર્જન અને સ્પોર્ટસ મેડિસીન વિભાગના નિષ્ણાત ઓર્થોપિડિક સર્જન છે.

# લીગામેન્ટની યોગ્ય સંભાળ એ જ ઇજાનું નિવારણ

મેટ્રો સિટીની ઝડપી જિંદગીમાં આપણે સૌ દોડી રહ્યાં છીએ. ક્યારેક ટ્રેન પકડવા, ક્યારેક ઓફિસ માટે, તો ક્યારેક સમયમર્યાદામાં ટાર્ગેટ કાર્યો વિગેરે પૂર્ણ કરવા. પરંતુ આ યંત્રવત ભાગદોડમાં આપણે શરીરની અંદર ચાલતી યાંત્રિક પ્રક્રિયા પરત્વે દુર્લક્ષ સેવીએ છીએ. ભાગદોડથી થાકેલું આપણું શરીર આપણને ઘણું કહેવા માંગતું હોય છે પરંતુ, આ ઝડપી જિંદગીની ભાગદોડમાં આપણા શરીરના આંતરિક અવાજને સાંભળવાનો આપણી પાસે સમય નથી.

૨૯ વર્ષનો સોફ્ટવેર એન્જિનિયર રાહુલ એક તંદુરસ્ત અને એક્ટીવ યુવક. રાહુલ દરરોજ એક્સરસાઈઝ કરતો અને વિક-એન્ડમાં મિત્રો સાથે ક્રિકેટ રમતો. એક સવારે, મેટ્રો પકડવા માટે ઉતાવળમાં સીડીઓ પરથી ઉતરતી વખતે રાહુલનો પગ લપસ્યો અને પગ લપસવાના કારણે જમણા ઘૂંટણમાં જોરથી વળાંક આવ્યો અને દુઃખાવો થયો. સામાન્ય મોચ હશે એમ વિચારીને રાહુલ દુઃખાવાને અવગણીને ઓફિસ પહોંચ્યો.

બીજા દિવસે સવારે જ્યારે રાહુલ ઉઠ્યો ત્યારે તેને હજી પણ ઘૂંટણમાં સોજો અને દુઃખાવો હતો. તે દિવસે રવિવાર હતો અને રાહુલ જ્યાં કામ કરતો હતો તે કંપનીએ તેના કર્મચારીઓ માટે એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. ઘૂંટણમાં થઈ રહેલ દુઃખાવા અને સોજાને બિલકુલ અવગણીને રાહુલે કંપનીની ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમવાનું નક્કી કર્યું.

મેચ રમવાનું હજી તો શરૂ જ થયું હતું ત્યાં જ એક બોલને અટકાવવા જતાં રાહુલના ઘૂંટણમાંથી ‘કટાક’ જેવો અવાજ આવ્યો અને રાહુલ જમીન પર પડી ગયો. સાથે રમતાં બધા સહકર્મીઓ અને મિત્રો રાહુલ પાસે દોડી આવ્યા અને રાહુલને તરત જ શેલ્બી હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યો. આ વખતે રાહુલને અસહ્ય દુઃખાવો થઈ રહ્યો હતો. રાહુલ પાસેથી તમામ વિગતો મેળવી તેના એક્સ-રે, એમ.આર.આઈ. વિગેરે પરીક્ષણો કર્યા બાદ રાહુલના જમણા ઘૂંટણનું લિગામેન્ટ ફાટી ગયાનું નિદાન થયું.

વહાલા વાચક મિત્રો, અહીં આપણને પ્રશ્ન થાય કે લિગામેન્ટ શું છે ? અને લિગામેન્ટ આપણા શરીરમાં કેવી રીતે મહત્વનો ભાગ ભજવે છે ? લિગામેન્ટ એ મજબુત અને લવચીક તંતુ ( tissue ) છે, જે હાડકાંને એકબીજા સાથે જોડીને આપણા સાંધાને સ્થિર રાખે છે. આપણા ઘૂંટણમાં મુખ્ય ચાર લિગામેન્ટ હોય છે.




૧. ACL (Anterior Cruciate Ligament)

૨. ACL (Medial Collateral Ligament)

૩. PCL અને

૪. LCL એકદમ અચાનક જ પગ વળાંક લેતાં કે દિશા બદલતાં થતી ઈજા ACL લિગામેન્ટની ઈજા કહેવાય છે.

ઉક્ત કિસ્સાઓ જેવી ઘટનાઓમાં મોટેભાગે ACL લિગામેન્ટને ઈજા પહોંચતી હોય છે. પગને સીધો કોઈ આઘાત લાગે ત્યારે MCL લિગામેન્ટની ઈજા થાય છે. મહદઅંશે PCL અને LCL લિગામેન્ટને ઓછા પ્રમાણમાં ઈજા થાય છે. અલબત્ત આ લિગામેન્ટસ્ પણ મહત્વપૂર્ણ છે. જ્યારે લિગામેન્ટ ખેંચાઈ જાય કે ફાટી જાય ત્યારે દુઃખાવો, સોજો અને અસ્થિરતા અનુભવાય છે. જેમ રાહુલ સાથે બન્યું તેમ શરૂઆતમાં ધ્યાન નહીં આપતાં ઈજા વધારે ગંભીર બની શકે છે.

અત્રે આપણા માટે જાણવું અગત્યનું એ છે કે આવી ઈજાઓ કેમ કરતાં થાય છે. તો મિત્રો, ચાલતાં કે દોડતાં સમયે અચાનક વળાંક લેવાથી કે પડી જવાથી, યોગ્ય warm-up કે stretching કર્યા વિના રમત કે કસરત શરુ કરવાથી, પગના સાંધા આસપાસના સ્નાયુઓ (muscles) નબળા હોવાથી, વધુ પડતા થાક અથવા બેદરકારીથી લિગામેન્ટની ઈજાઓ થાય છે.

જોકે યોગ્ય કાળજી લેવામાં આવે તો લિગામેન્ટની ઈજાઓથી બચી પણ શકાય છે. લિગામેન્ટની ઈજાઓથી બચવા માટે :

# આરોગ્ય સૃષ્ટિ

૧. રમત-ગમત પહેલાં હંમેશા warm-up કરો, હળવી દોડ અને સ્ટ્રેચિંગ કરો,

૨. તમારા શરીરના સ્નાયુઓ મજબૂત બનાવો, ખાસ કરીને ઘૂંટણ, ઘૂંટી અને પગના નળાની આસપાસના સ્નાયુઓને સુદ્રઢ કરો.

૩. તમારી એક્ટિવિટી અનુસાર યોગ્ય શુઝ પહેરો.

૪. શરીરના આંતરિક અવાજને સાંભળો. ઘૂંટણમાં દુઃખાવો, સોજો કે અસ્થિરતા જેવું લાગે તો તેને અવગણશો નહી.

૫. દુઃખાવા સાથે રમશો નહીં, તાત્કાલિક સ્પોર્ટ્સ મેડીસીનના નિષ્ણાંત ઓર્થોપેડિક સર્જનની સલાહ લો.

૬. ઈજા થવા બાદ યોગ્ય સારવાર અને સંપૂર્ણ આરામ લો. શરીરને રિકવર થવા માટે પુરતો સમય આપો. મેદાનમાં પાછા ફરવાની ઉતાવળ ન કરો. Healing is extremely important.

રાહુલ સાથે ઘટિત ઉક્ત ઘટના આપણને યાદ અપાવે છે કે જીવનમાં તંદુરસ્તીને સૌથી વધુ પ્રાધાન્ય આપવું જોઈએ. કામ, દોડધામ અને



જવાબદારીઓ વચ્ચે પણ શરીર માટે થોડો સમય કાઢવો જરૂરી છે. જિંદગીની દોડધામભરી રફતારમાં ક્યારેક લેવાયેલ એક ખોટું પગલું આપણને ઈજાગ્રસ્ત કરી શકે છે. આથી, હવે પછી જ્યારે તમે મેટ્રો પકડવા દોડો કે ક્રિકેટ રમવા જાઓ ત્યારે થોડી કાળજી લો. અને સમજદારીથી ચાલો.

મો. ૮૧૨૮૮૦૫૩૧૦

(અનુ. પેઈજ ૪૪નું શરૂ)

## વનસ્પતિની રહસ્યમય જિંદગી

જુઓને, રાતના સમયે ખીલતાં મોટાભાગનાં ફૂલો સફેદ અને ખૂબ સુગંધદાઇ હોય છે, જે કીટકોને આકર્ષિત કરવા નહીં તો બીજું શું ગણાય? કપાસ, જીવંતી અને આંકડા જેવી વનસ્પતિ તેનાં બીજનું વિસ્તરણ કરવા, પવનનો લઈ શકાય તેટલો લાભ લેવા બીજ ફરતે રેસા રેસા વળગાડી દઈ, હવાઈ પ્રવાસ કરાવી નવી પેઢી જાળવી રાખવાની સગવડ ગોઠવતા આપણી નજર સામે જ ભળાય છે ને? અરે! ખરાબામાં ઊગતા લાંપડા (ઘાસ)નું બીજ એવું કાંટાળું અને અણીદાર કે કપડાં, બુટ-ચપ્પલ જે મળ્યું તેમાં ઘૂસીને વળગી જાય. એવું જ ગાડરડી નામની વનસ્પતિના બીજ એવા કાંટાવાળાં જાણે "શેળા" નું જ વામન રૂપ! વગડે ચરતા-વિચરતાં બકરાં-ગાડરની 'ઝાટ' અને 'ઊન' માં ચોટી પડી વિસ્તરણનું કામ પાર પાડે!

સંતતિ-નિયમનની જરૂરિયાત તો બીજાનું હડપ કરી લેવાવાળા માટે છે. બીજા માટે જીવતર જીવનાર વનસ્પતિને નહીં! બાજરાના એક ડૂંડામાં કે જુવાર-કાંગના કણસલામાં અસંખ્ય દાણા (બીજ) પેદા કરવાની વનસ્પતિની મહેનતનું કારણ પણ તે જ હોવું જોઈએ કે ખૂબ બધા કણ બીજાને ઉપયોગી થયા પછી પણ ચપટીક બચી જાય તો પણ પોતાનો વંશવેલો ચાલુ રહી શકે.ખેડૂતને માથાના દુઃખાવા સમાન લાગતાં કેટલાંક નિંભર નિંદામણના બીજની તાકાત એવી હોય છે કે ઉપરથી સાત સાત ચોમાસા પસાર થઈ જાય છતાં પણ જમીનમાંથી એનો સ્ટોક ખૂટે નહીં અને બિયારણ ઉગતું અટકે નહીં. જ્યારે જ્યારે ભેજ મળે ત્યારે ત્યારે સૌની પહેલાં થઈ જાય હાજર!

**(ઈ)..... સ્વરક્ષણના પ્રયત્નો :** લજામણીનો છોડનો પરિચય પામ્યા છો ક્યારેક? તે ઓવી યાંત્રિક સગવડ ધરાવે છે કે કોઈ પણ કીટક, કીડી, મકોડી તેના પર ચડે કે તરત જ તેનાં પાંદ બિડાઈ જાય છે અને ડાળી નમી જાય, જેથી હુમલાખોર ભડકીને ભાગી જાય. કેટલીક વનસ્પતિઓ પોતાના રક્ષણ કાજે ચીકણો સ્રાવ કે કડવો સ્વાદ અને શરીરે કાંટા ધારણ કરે અને એવું પણ વાચ્યું છે કે પોતાના રક્ષણ ઉપરાંત વિશિષ્ટ મહાભોજન માટે અને એ પણ માંસભક્ષણ કરવા માટે કેટલાક નાનામોટા કીટકોને પોતાનો શિકાર બનાવવા તંતુઓના બંધનથી બાંધી, ગળણી જેવો આકાર ધારણ કરી, શિકારને અંદર ફસાવી, ચૂસી જવા સુધીની શરીર રચનાઓ પ્રકૃતિએ એમને આપી છે. વાવાઝોડા વખતે ભલભલી ઈમારતો અને ચારેબાજુ થઈ મજબૂત તણિયાથી જકડી રાખેલા વીજળાના થાંભલાને ઊખડી જમીનદોસ્ત બની જતાં વાર લાગતી નથી. એવે વખતે નથી કોઈ દોરડાનું બંધન કે નથી ખીલા-પાટીના બંધ, નથી કોઈ સિમેન્ટ-ચૂનાથી પાયાનું કરેલું પુરાણ છતાં વૃક્ષો માત્ર તેનાં મૂળિયાંની પકડ અને પોતાના આત્મબળથી ઝંઝાવાતમાં ટકી રહેવા ડીસ્ટીંકશન માર્ક્સ મેળવી જતાં હોય છે. એની તાકાત અને રહસ્યમયી જિંદગી વિષેનો પરિચય, એની સાથે કહોને એની વચ્ચે રહેનારા આપણે પૂરી રીતે પામશું ત્યારે તેને વધુમાં વધુ અનુકૂળ થાય તેવા ખેત-કાર્યક્રમો ગોઠવી શકીશું. અને પરિણામે તે પણ આપણી હજુ વધારે સેવાઓ કરવાનો આથી પણ ઉજળો પોરહ ચડાવવાનો મોકો પૂરો પાડનાર છે, તે જણાવવી પડે તેવી બાબત થોડી છે?

**-મો. ૯૩૨૭૫૭૨૨૯૭**


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
લાંબા
સમય
સુધી ચાલે
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
~: Also available :~
EAU DE PARFUM
BAN® SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# વનસ્પતિની રહસ્યમય જિંદગી

ગીર ફાંઉડેશનના મદદનીશ નિયામક શ્રી ડૉ, ભાર્ગવ રાવલનું એક લખાણ "વનસ્પતિની રહસ્યમયી જીંદગી" મેં વાંચેલું. વનસ્પતિને ઓળખવાની મારી મથામણમાં એ લખાણે ઘણીબધી મોકળાશ કરી આપેલી.

આપણા બધાનો એવો દાવો છે કે " આ છોડવા-ઝાડવાં અને વેલાની બધી જ ખબર અમ ખેડૂતોને છે ભૈ ! અને એટલે જ એની સાથે પનારો પાડી ધંધો કરીએ છીએને ! એના વિશેની કંઇએ ખબર જો ન હોય તો ખેતીનો ધંધો થોડો થઈ શકતો હશે ભલા ?" પણ મારે પૂછવું છે; રાત દિવસ હું અને તમે-આપણે સૌ જેની વચ્ચે વસીને આપણો રોટલો રળવાની મહેનત આદરી છે, તેને ક્યુ ખાતર કેટલા પ્રમાણમાં દેવું, પાણી ક્યારે અને કેટલા પ્રમાણમાં પાવું, અને છોડ માંદો પડે કે તેને કોઇ જીવડાં કનડે તો કઈ દવા છાંટવી ? આવી બે-ચાર વાતો સિવાયની - આ વનસ્પતિ એટલે એ છે કોણ ? તેની કેવી કેવી શક્તિ છે ? અને જરૂર ઊભી થાય ત્યારે કેવી કેવી વિશિષ્ટ શક્તિ દેખાડી શકે છે ? કપરા સંજોગોમાં પણ આપણા માટે થઈને કેવી રીતે ઝઝૂમતી રહે છે? અરે ! કહોને તેની કેવી રહસ્યમયી જિંદગી છે તેની ઊંડી ઓળખ, ખરો પરિચય પામવાની મહેનત લીધી છે ક્યારેય ?

એને વિશે ઊંડું વિચારવાનો અને જરા નિરાંતવા થઈ તેને નિરખવાનો સમય લીધો છે ક્યારેય ? અને છતાં સાવ એમ જ અભિપ્રાય તો બધા એવો જ આપીએ છીએ કે " વનસ્પતિ છે જીવંત પણ તે બીજા જીવો-સજીવોની જેમ નથી હલન-ચલન કરતી કે નથી લાગણી પણ અનુભવતી !"

**ખરી હકીકત જુદી છે :** વનસ્પતિ વિજ્ઞાની "ફ્રાંસ" ના કહેવા મુજબ "ડાળીનું વળવું, પાંદનું ધ્રુજવું અને મૂળનું આગળ વધવું - જેવા અનેક પ્રકારના હલન-ચલનમાં છોડવાઓ સતત રોકાયેલા જ હોય છે. વેલાઓની આગળના ભાગે લાગેલા પાતળા તંતુઓના અભ્યાસ પરથી માલુમ પડ્યું છે કે તેની આસપાસની એક ફૂટની ત્રિજ્યાના વર્તુળમાં આધાર શોધવા કલાકભર ફરતા રહે છે. એમાં એને કોઇ આધાર મળી જાય તો ખુદ એને પોતાને પણ ખબર ન રહે એટલી જલ્દીથી ફટાફટ આધાર ફરતે ગોળ ગોળ રીતે વીંટળાઇ જાય છે. એકાદ કલાકમાં તો એવી સજ્જડ રીતે ચોટી જાય છે કે તેને અલગ કરવું હોય તોયે ના થાય ! વેલાની વધવાની દિશા જ જે બાજુ વધુ નજદીક અવલંબન મળવાનું હોય તે બાજુની જ સ્વયંસ્ફુરણાથી રહેતી હોય છે." આપણને એવી ખબર છે કે વનસ્પતિને ભગવાને આંખો તો આપી નથી ! પણ મિત્રો ! આપણા મનુષ્ય જેવી - જે જોવાનું છે તે છોડીને ન જોવાનું હોય તે જોવાનું વધુ પસંદ કરનારી - બાહ્ય આંખોને બદલે જે જોવા જેવું છે, તેને બરાબર જોઇ લેવા અંતઃચક્ષુ કુદરતે તેને બક્ષેલાં છે. અખતરાઓ ઉપરથી સાબિત થયું છે કે આપણા કાન જે ન સાંભળી શકતા હોય તેવા અવાજ અને આપણી આંખ જે ન પારખી શકતી હોય તેવા રંગોને ઓળખી શકવા વનસ્પતિ શક્તિમાન છે.

એને કઈ બાજુથી લાભ મળવાનો છે અને કઈ બાજુથી નુકસાન થવાનું છે તેની અગમની એંધાણી એ મેળવી લેતી હોય છે. હા, એટલું ખરું કે આપણી જેમ આડેધડ "વગર કામે ધાંધળી" રખડ્યા કરવાની એને આદત નથી. તેને લાભ ભળાતો હોય ત્યાં તેની વિશિષ્ટ શક્તિ દ્વારા - ભલે ગતિ ધીરી હોય- પણ હલનચલન જરૂર કરી લે છે.

જે બાજુ ખોરાક અને ભેજ હોય તે બાજુ તેના એકદમ બારીક સફેદ વાળ જેવાં તંતુમૂળો આગળ વધી અંદર અને આસપાસ ઘૂસતાં જ રહે છે ને? અને જુઓને ! જીવનને જરૂરી બધાં જ તત્વોને છેક ઊંચેરી ટોચની કૂણી કૂંપળ સુધી પાણીના માધ્યમ દ્વારા પહોંચતાં કરે છે. આપણો માનવસર્જિત સેંટ્રીફ્યુગલ પંપ ૩૪ ફૂટ પછી પાણી ઊંચે ચડાવવામાં નાપાસ થઈ જાય, જ્યારે વનસ્પતિનાં મૂળિયાં ? મોટો પ્રાકૃતિક પંપ નહીં તો બીજું શું ભાઇ ! આપણે હજુ થોડું આગળ વિચારીએ કે એવી કઈ બાબત છે કે જેમાં વનસ્પતિએ એની અચંબો પમાડે એવી તાકાત દેખાડી હોય?

**(અ)......માનવ અને પ્રાણી-સૃષ્ટિને ઉપયોગી થવામાં :** વૃક્ષોનો મહિમા આપણે ગાતાં હોઇએ છીએ એનું કારણ આપણે વૃક્ષોને આખાયે વનસ્પતિ જગતના પ્રતિનિધિ ગણ્યાં છે, તે છે. ખરેખર તો સારું યે વનસ્પતિ જગત અને એની અંદરની વગડામાં ઊભેલી પાતળી ખડમાંકડા જેવી લાંપડા (ઘાસ)ની સળીથી માંડી ઘેઘૂર વડલા સુધીની, પાણીમાં છેક તળિયે ઊગી નીકળતી પાન-બરૂથી શરૂ કરી પર્વતની ટોચે ઊભનાર ઊંચા સાગના સોટા સુધીનાં સૌ પરમાર્થ કાજે જ જાણે જીવી રહ્યાં છે ! કોઇનાં પાંદડાં મોટાં છે તોકોઇનાં ઝીણાં ઝીણાં છે. અરે ! કોઇ કેરડા જેવાને નેવકા ન હોય તેયે શું થઈ ગયું ? એ તો "જેવો દેશ એવો વેશ" ! એની ઉપરની સપાટી માંહેના હરિતદ્રવ્યોના અટપટા ખેલ દ્વારા સૂર્યપ્રકાશને એવો ફસાવી પાડતા હોય છે કે નીચેનાં મૂળિયાં દ્વારા ચૂસાયેલ કાચા ખોરાકનું બરાબર રાંધણું કરી આપે પછી જ છૂટો કરે એવી ગજબની ત્રેવડ ! વાતાવરણ માંહેના અંગારવાયુને પકડી લઈ, બદલામાં પ્રાણવાયુને છૂટો કરી અન્ય જીવો માટે કેવું મોટું ભગીરથ કાર્ય કરી દેખાડે છે ?

આપણને જરૂરી આહારમાંથી મોટા ભાગનો આહાર પૂરો પાડવાનું કામ એ જ સંભાળે છે ને ? જો કે ઘડીભર એમ જ કહી બેસવાના કે કેટલોક ખોરાક તો આપણને પ્રાણીઓ દ્વારા (દૂધ-માંસ) પણ મળે છે. હા, વાત સાચી છે, એની ના નથી. પણ જરા ઊંડાણથી વિચારીએ તો ખ્યાલ આવ્યા વિના નહીં રહે કે પ્રાણીઓ તો માત્ર "નિમિત્ત" બન્યાં છે, "માધ્યમ" બન્યાં છે. આખરે પ્રાણીઓ પણ ખોરાક તો વનસ્પતિમાંથી જ મેળવે છે ને ? તેના સ્વરૂપનો બદલાવ કરી આપે એટલા પૂરતી વાત સાચી !

# કૃષિ સૃષ્ટિ

જુઓને ચરબી, રેસા, સ્ટાર્ચ, પ્રોટિન્સ, વિટામિન્સથી ભરપૂર બધું જ પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા ઉત્પન્ન થઈ, તમામ પ્રકારના આહાર, ઔષધો અને કેટ કેટલી આપણી જરૂરિયાતો પૂરી પાડવાનું વનસ્પતિ જ ગોઠવે છેને આપણાં માટે ! આપણાં અન્ન-વસ્ત્ર અને આવાસ ઉપરાંત બળતણ, ગુંદર, મીણ, મધ, કાગળ જેવી અનેક ચીજો પૂરી પાડવામાં વનસ્પતિનો ફાળો નાનોસૂનો નથી. ઘોડિયાથી માંડી ચિતા સુધીની ચિંતા એ જ સેવે છે.

**(બ).....સંકટોમાં ઝઝૂમાવટ (દેશ તેવો વેશ)** : જ્યાં પોતાને જરૂરી ભેજ મૂળિયાંને મળી રહેવાનો હોય ત્યાં તો ચિંતા છે જ નહીં ! પણ એને ખરી ઉપાધી સૂકા પ્રદેશમાં પડે ! કેટલોક વખત એવોયે આવતો હોય છે કે જ્યારે મૂળિયાં તો ભેજ ભાળે જ નહીં, ઊલટાનો આકાશેથી વરસતો સૂરજનો તાપ અને અને ગરમાગરમ લૂ છોડવામાં એની "મરણ મૂડી" જેવું થોડુંઘણું પાણી હોય તે પણ તફડાવી જવાની પેરવીમાં હોય ત્યારે પણ વનસ્પતિ મુંઝાઇ જતી નથી. તે વિસ્તારમાં ઊગી ને નભી શકે તેવા છોડવાઓની પણ વનસ્પતિજગતે ભેટ ધરી છે આપણા માટે ! છોડ ઉપર પાંદ હોય તો તાપ કે વરાળ પાણી ખેંચેને ? છોડ પર પાંદ જ ન હોય તો અંદરના પાણીને શી રીતે લૂંટી જાય ? કેરડાને પાણી ઉડાડે તેવાં પાંદડાં ભાળ્યાં છે ક્યારેય ? તેના શરીરની ચામડી (છાલ)માં જ હરિતદ્રવ્યો હોય છે જેના થકી તે ખોરાક બનાવવાનું કામ કરે છે.

કુંવારપાઠું અને બીજી કેટલીય "દૂધ" જેવો જીવનરસ ધરાવતી થોર અને કેટલીય કેક્ટસ વર્ગની વનસ્પતિ છે કે જેને પાણીવાંકે લંઘાવાની બીક જ નહીં ! એને જો જરૂર લાગે તો મૂળને બદલે તેનાં જાડા દળવાળાં પાન દ્વારા હવામાંથી પાણી (ભેજ) પકડી તરસ છીપાવી લે. સરગવા અને સાગ જેવાના છોડવા ઊગીને થોડોક સમય ટકી જાય એટલે પછી એ મુંઝાય જ નહીં બોલો ! આસપાસથી મળતા ખોરાકનું મૂળિયાંમાં પોટલું બાંધી લેવાનું કામ સૌથી પહેલું કરી લે. એવી ગાંઠ બાંધી લે કે પછી મળ્યું ન મળ્યું આ ભાથામાંથી ઘણો વખત નભ્યા કરે !

**(ક)....."સમય વર્તે સાવધાન "** ! જેવી અનુકૂલન નીતિ : આપણા ખેડૂતોને બરાબરની ખબર છે કે જ્યારે વધુ પ્રમાણમાં ખાતર કે પાણી મોલાતને મળી જાય ત્યારે તે બહેકી જાય છે. 'ફાલ' ભૂલી 'વધ' પકડી લે છે. ક્યારેય વિચાર આવ્યો છે કે આમ કેમ થતું હશે ? વનસ્પતિને ખબર પડી ગઈ છે કે આપણને ખાવાપીવામાં તૂટો આ ખેડૂત પડવા દે એમ નથી ! માટે આપણે તો ભાઇ કરો મોજ અને મજા ! ખૂબ વધો-ખૂબ વિકસો, ને બનો તાજાં માજાં ને તગડા !

પણ તેને જો ખોરાક પાણીની ખૂબ ખેંચ પડી જાય અને એવી બીક લાગી જાય કે "હવે તો મરી જવા સિવાય આરોવારો નથી", તો જે છોડવાઓ એકલું માત્ર વધવા અને જાડાપાડા થવાનું જ સમજતા હતા તે તરત ફાલ આપવાનું વિચારતા થઈ જશે. અને " જો હવે ખાતર-પાણી મળી જાય અને આપણે બચી જવા પામીએ તો હવે તો પહેલામાં પહેલું કામ 'બીજ' બનાવી લેવાનું કરવું છે" તેવો પાકો નિર્ધાર કરી લે છે. અને જેવાં ખાતર-પાણી મળ્યાં કે તરત છોડવા 'ફાલ' દેખાડવો શરૂ કરે છે. હવે કહો જોઇએ, નથી ખબર પડતી વનસ્પતિને ? જો કશાયની ખબર ન પડતી હોય તો પરિસ્થિતિ બદલાતા નિર્ણય કેમ બદલી કાઢ્યો તેણે ?

મેં એવું વાંચ્યું છે કે ચોક્કસ પ્રકારના છોડવાઓને એવી પણ ખબર હોય છે કે અમૂક કીડીઓ થડ પર ચડી ઠેઠ ફૂલ સુધી અંદરથી રસ ચૂસી ન જાય માટે એ ત્યારે જ ફૂલો ખિલાવે જ્યારે થડ ઝાકળથી ભીનું ભીનું થઈ કીડીઓને ઝાડ પર ચડવામાં નાકામયાબ બનાવે. અને એવું યે વાંચ્યું છે કે એકેશિયા જેવા છોડવાઓ અમુક પ્રકારની કીડીઓને બીજાં કીટકો તરફથી થતી હેરાનગતિમાં રાહત રહે તે માટે તે વધુમાં વધુ આવે એવું આકર્ષણ ઊભું કરવા મધુર રસપાન કરાવે !

અકસ્માતે મકાનોની દીવાલે અદ્ધર ઊગી નીકળેલાં પીપળ, વડ, ઉમરો કે પીપેરને ત્યાં બીજી કશી જ સગવડ ન હોવા છતાં એ મુંઝાઇ રહેતાં નથી. ત્યાં નથી માટી કે નથી જરૂરી ભેજ, છતાં ચૂનો, સિમેન્ટ કે ઇંટ-પથ્થરના સાંધા સાથે એવા જડબેસલાક ચોટી પડેલાં હોય છે કે ગમેતેવું વાવાઝોડું પણ તેને મૂળથી ઉખાડવા સમર્થ નથી. મૂળના અગ્રભાગે પથ્થરોને પીગાળીને પી જાય તેવી તાકાત અંદરથી ધારણ કરી લેતાં ક્યાં નથી જોયાં આપણે ?

**(ડ).....વંશવૃદ્ધિ વધારવી :** બધા જીવોની જેમ પોતાનો વંશ ટકવો જોઇએ તેવી "જિજીવિષા" થી વનસ્પતિ પણ બાકાત નથી. તેથી જ જ્યારે જ્યારે ખોરાક-ખેંચ, પાણી-તૂટ કે રોગ-જીવાતના હુમલા વખતે તેને જીંદગી જોખમમાં લાગતી જણાય એટલે બધાં કામો સંકેલી તે બીજ તૈયાર કરવા પાછળ ધ્યાન કેંદ્રિત કરી દેતી હોય છે.

એના ફૂલોની રચના જ મોટે ભાગે એવી હોય છે કે નર અને માદા અવયવો સાથે સાથે જ હોય ! અને નહીં તો પછી માદા અંગો નીચેના ભાગે અને નરનાં ઉપર, જેથી આપમેળે પણ નીચે પડતી પરાગ માદા ઝીલી શકે ! વળી નરના પરાગનો જથ્થોયે પેદા થાય પાર વિનાનો, ઠીક ઠીક નલ્લે જાય તો પણ જરૂર છે એટલાં તો માદા અંગો પ્રાપ્ત કરી જ શકે. અને એનું કામ ગોઠવાઈ જાય.

વનસ્પતિને પરાગનયન ક્રિયામાં ઉપયોગી એવા કીટકોને આકર્ષી વધુમાં વધુ અનુકૂળ બનવા અનેક જાતના રંગો, કેટલાય પ્રકારની સુગંધો અને ફૂલોને મોઢે ગળ્યો મધ જેવો રસ ધારણ કરે છે. અરે, કેટલીક વનસ્પતિ તો એવી ચતુર હોય છે કે ફૂલમાં પ્રવેશેલું પતંગિયું કે કીટક પરાગનયનની ક્રિયા પૂરી થયા પહેલાં તે બહાર જ ન નીકળી શકે તેવું ફૂલ-પાંખડીઓનું બિડાણ કરી વાળે છે. કામ પૂર્ણ થયા પછી જ રજા ! અને ત્યારે જ પાછું ઉઘડે ! અને ત્યારે જ

(અનુ. પેઈજ ૪૧ ઉપર)

# બાલ સૃષ્ટિ




**સંપાદક :**
**ડૉ. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી, સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.





**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૯૨**


# બાપુ બાર લાડુ ખાય...

ગામ આખામાં સહુ બાપુને ઓળખે. ગણેશચોથે ગામમાં લાડવા ખાવાની હરીફાઈ યોજાઈ. નાના મોટા સહુને એમાં ભાગ લેવાનું મન થાય. પરંતુ બાપુ એટલે બાપુ. છેલ્લા પાંચ વરસથી એ મેદાન મારી જાય. સૌને બાપુના ભાણામાં રસ પડે, ને બાપુ પણ એવા ગમતીલા, બધાંને આનંદ કરાવે, આનંદ લૂંટે ને એમ ગામ આખામાં બાપુની વાતો ઘેર-ઘેર થાય. ગામનાં છોકરાં બાપુને જોઈ ગીતો ગાય... બાપુની ઘેર-ઘેર વાતો થાય, બાપુ તો બાર-બાર લાડુ ખાય.

આ સાંભળી બાપુ ભારે ફુલાય. 'જોયું ને ! મારી પેઠે બાર-બાર લાડવા ખાવાવાળું છે કોઈ ? એ કામ તો આ બાપુનું સમજ્યા....? બીજા કોઈનું નહીં.' ને બાપુ આ કારણે મૂછોમાં મલકતા રહે. વળી, સહુ કોઈનેયે કહેતા ફરે કે... બાર-બાર લાડવા ખાવાનું ઈનામ ન લઉં તો ફટૂ કહેજો આ બાપુને, શું કહ્યું, ઈનામ ન લઉં તો બાપુ નહીં... વળી પેલું, ઘેર-ઘેર વાતો થાય, બાપુ બાર-બાર લાડુ ખાય. એ ગીત છોકરાં એકલાં જ નહીં, નાનાં-મોટાં સૌના મોંએ ગણગણાતું. ગામના જુવાનિયાઓ ને બીજા હરીફો ચાર-પાંચ લાડુ ખાતાં આઉટ થઈ જાય, ત્યારે આ બાપુ દસ-દસ લાડવા ખાય, પછી ટૂકડો-ટુકડો કરતાં બારે પહોંચી જાય.

હવે બન્યુ એવું કે, ગામમાં એક તેજો રહે, તે પોતાના ગામમાં વર્ષોથી યોજાતી હરીફાઈ જોતો આવેલો, એને પણ આમાં ભાગ લેવાના અભરખા જાગ્યા. કોઈને કહ્યા વિના મનોમન ઘેર લાડવા ખાવાની પ્રેક્ટિસ કરવા માંડી.

દર વરસની પેઠે શ્રાવણ ઊતર્યો ને ભાદરવો બેઠો. લાડુ-હરીફાઈની તૈયારીઓ થવા માંડી, સહુની આતુરતા વચ્ચે પંગત પડી. દર વખતની જેમ જુવાનિયાઓ ને બીજા ભાગ લે પરંતુ ચાર-પાંચ કે વધુમાં વધુ સાડા પાંચ, ને સહું હાથ ધોઈ નાખે. છેલ્લે બેઠા હોય તે બાપુ સમજી જ જવાનું ને !

સાડા પાંચ લાડુ પછી છઠ્ઠો .... 'અલ્યા..... આ કોઈ દિ' નહીં ને તેજો હજુ બેઠો છે, બાપ રે ! તેજા ઊભો થા, આ તારું ગજું નથી હો.'

તેજાએ અને બાપુએ છઠ્ઠો લાડુ પુરો કર્યો. સાતમો લાડુ પીરસાયો. સહુ ઘડી બાપુ સામે જોતાં તો ઘડી તેજા સામે. ટોળે વળી ગામલોકો ઊભા હતા. સાતમા પછી આઠમો પીરસાયો. ત્યાં તો છોકરાં બોલી ઊઠ્યાં; 'ઓ બાપ રે ! તેજા તડબૂચીયાએ આઠ-આઠ લાડવા ખાધા, ના હોય !'

'ના હોય શું ? જો...જો... જામી છે હોં....' બીજો બોલી ઊઠ્યો. ત્યાં તો ત્રીજાએ વાત વધારી... 'તેજો ગમે એટલા ખાય પણ બાપુના તોલે ન જ આવે... લાગી શરત !' ને એમ છોકરાં પણ શરત લગાવવાં માંડ્યાં.

આમ ચડસા-ચડસી ચાલતી હતી ત્યાં તો નવમો લાડુ પીરસાયો. બંને જણા નવમો લાડુ પણ ખાઈ ગયા. પછી દસમો... લોકો તો બાપુ સામે તો ઘડી તેજા સામે ફાટી આંખે જોઈ જ રહેતા. વળી કહેતા પણ ખરા કે... આ કંઈ કાચી માટીના ખેલ નથી, લાડવા છે, કંઈ સોપારી નથી. એકે'ક લાડુ શેર-શેરનો છે. બાપુને ફુલાવવા છોકરાં ગાતાં...

'બાપુની ઘેર-ઘેર વાતો થાય, બાપુ તો બાર-બાર લાડુ ખાય.'

ને બાપુને વધુ પાનો ચઢાવે. બાપુએ દસ લાડુ ખાધા. તો તેજાએ પણ... સહુકોઈ માટે આજનો દિવસ અનેરો હતો. વળી, છેલ્લાં કેટલાંય વરસો પછી બાપુનો હરીફ આવ્યો. એટલે મજાનો રંગ જામ્યો હતો. આજે એક પણ કોળિયો ખાવો બાપુ માટે અઘરો હતો. છતાં છોકરાં તો બાપુને ફુંગરાવ્યે જ જાય. ને બાપુ પણ એવા તે ફુંગરે.

ઘેર-ઘેર વાતો થાય, બાપુ બાર-બાર લાડુ ખાય, તેજો તો દસમાં હારી જાય..

પણ... આ શું ? બંનેને અગિરાયરમો લાડુ પીરસાયો ! બાપુ આજે હાંફતા હતા. જ્યારે તેજો અગિયારમો લાડુ આરામથી ખાઈ ગયો. લોકો ફાટી આંખે જોઈ રહ્યા. ગામલોકોને લાગ્યું કે..... ગામમાં બાપુનો હરીફ છેવટે ઊભો થયો હોં. માંડ-માંડ બાપુએ અગિયારમો લાડુ પુરો કર્યો. બાપુ હાંફી ગયા, પરંતુ... હાર માને તો બાપુ શાના ?

'તેજા તડબૂચીયા, તું રહેવા દે... તું જાણતો નથી કે ઓળખતો નથી, આ તું કોની સામે બેઠો છે, ખબર છે ને ?' ગામના એક યુવકે તડબૂચીયાને ટકોર્યો. 'હા... હા.... જો, તું બાપુ સામે જો.. ને તું.. અગિયાર લાડવામાં તડબૂચ જેવો બની ગયો છે. બાપુ તો ટેવાયેલા છે.' બાપુના ઉપરાણામાં બીજો યુવક બોલી ઊઠ્યો.

બાપુ આજે મનોમન સમજી ગયા હતા. પણ પાછા પડે તો.. તો આબરૂ જાય, એટલે છોકરાં સામું જોઈ બાપુએ હાથનો લહેકો કરી ગાવાનો ઈશારો કર્યો. ને છોકરાં સાથે ગામલોકો પણ ગાવા લાગ્યા :

**ઘેર-ઘેર વાતો થાય, બાપુ બાર-બાર લાડુ ખાય.**
**તેજો દસમાં હારી જાય, એની ભારે ફજેતી થાય.**

હવે... હવે... બંનેને બારમો લાડુ પીરસાયો. લાડવાનો ટુકડો કરવાની હિંમત હવે બાપુમાં નહોતી. જ્યારે તેજાએ જોત-જોતામાં ભાણામાંનો બારમો લાડુ પુરો કરી દીધો. ગામલોકોનું અનુમાન ખોટું પડતું લાગ્યું. બાપુનું પેટ ફાટતું હતું. એ સમજી ગયા કે હદ ઉપરાંત તો છે આ લાડુ. પરંતુ... મૂછનો સવાલ હતો. વળી પાછાં છોકરાં ને મોટેરાં મંડ્યાં ગાવાં...

બાપુ, જોઈ શું રહ્યા છો... ખાઈ જાવ. મૂછનો સવાલ છે... ખાઈ જાવ.
તેજો આગળ ના થાય. ખાઈ જાવ. જો...જો... પાછળ ના રહી જાવ... ખાઈ જાવ.

ભારે હિંમત કરી ત્યારે બાપુ બારમો લાડુ ખાઈ રહ્યા. ને પાણી લઈ હાથ ધોઈ નાખ્યા. પણ પેલો તેજો.. હજુ નોટ-આઉટ હતો. એના ભાણામાં તેરમો લાડુ પીરસાયો. ને એ તો જોત-જોતામાં ખાઈ ગયો. ગામલોકોની આંખો જાણે ફાટી ગઈ. અલ્યા.. આ શું ? આ તેજો એના પેટમાં ઓરે છે કે હાથીના ?

અંતે બાપુએ હાર સ્વીકારી... પરંતુ હસતા મોંએ, આજે છોકરાંને નચાવતાં, હસાવતાં, કૂદાવતાં ગવરાવવા લાગ્યા....

**બાપુ બારમાં હારી જાય, તેજો તેર-તેર લાડુ ખાય..**
**ભારે રસાકસી યોજાય, સહુને આનંદ-મંગલ થાય.**

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## નૂતન વર્ષમાં નવા કાર્યનો શુભારંભ






વિક્રમ સંવત - ૨૦૮૨ના લાભ પાંચમના પવિત્ર દિવસે નવા કાર્ય સાથે વિધિવત પૂજા કરી સંસ્થાનું કાર્યાલય રાબેતા મુજબ શરૂ કરેલ. જેમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ તથા સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## એકતા પંથ પ્રેરણા સંમેલન @ મહિસાગર





મહિસાગર યુવા સંગઠન આયોજિત સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે એકતા પંથ, પ્રેરણા સંમેલન સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. જેમાં વર્ગ - ૧ અને ૨ના અધિકારીશ્રીઓ તમામ ક્ષેત્રના પ્રતિભાશાળી અને વિશિષ્ટ વ્યક્તિઓ તેમજ ધોરણ - ૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થિઓનું સંસ્થા દ્વારા પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવેલ.

# પ્રવૃત્તિ અહેવાલ

## સ્નેહમિલન @ ન્યૂઝીલેન્ડ





વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ન્યૂઝીલેન્ડ આયોજિત નૂતન વર્ષે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં જગતજનની શ્રી ઉમિયા માતાજીના અન્નકૂટ મહોત્સવનું આયોજન કરેલ.

## તુલસી વિવાહ





વિશ્વ ઉમિયાધામ ખાતે કારતક સુદ - ૧૧ (અગિયારસ)ના દિવસે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ.જેમાં અનેક ભક્તોએ ભગવાનના વરઘોડામાં જાનૈયા બની અનેરા આનંદ ઉત્સાહ સાથે જોડાયા હતા.

## ચૈન્નાઈ - બેંગ્લોર મીટિંગ










ચૈન્નાઈ ખાતે મદ્રાસ ગુજરાતી સમાજ આયોજિત પરિચય મિલન સમારોહમાં સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ તેમજ ટ્રસ્ટીશ્રી જયતિભાઈ એમ. પોકાર, ધારાસભ્યશ્રી - જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા.જ્યાં માત્ર લોકો જ નથી મળ્યા, પણ વિચાર, સંસ્કાર અને સપનાઓથી જોડાયા.



ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

## દેવ-દિવાળી પૂનમના દિવસે નવચંડી હવન







વિશ્વ ઉમિયાધામ જાસપુર આયોજીત દેવ દિવાળી કારતક સૂદ પૂનમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના યજમાનશ્રી જયેશભાઇ પી. પટેલ(ભૂત) પરિવાર (ગોલ્ડન ટ્રસ્ટીશ્રી) સાથે લાભ લઈ મા ઉમિયાના કૃપા પાત્ર બન્યા હતા.

## કેન્દ્રિય સંગઠન મીટિંગ









સંસ્થાના ઉપપ્રમુખ એવમ્ કેન્દ્રિય સંગઠન ચેરમેનશ્રી ડી. એન. ગોલના અધ્યક્ષ સ્થાને સંસ્થાની તમામ પાંખની કેન્દ્રિય સંગઠનની મિટીંગ વિશ્વ ઉમિયાધામ-જાસપુર ખાતે મળી હતી. જેમાં સંસ્થાના વિઝન મીશન તેમજ વિચારધારાથી પ્રેરાઈને શ્રીકાળાચુડા સમાજ (સુરત)શ્રી રોહિતભાઈ પી. પટેલે રૂા. પાંચ લાખના શુભેચ્છક સભ્ય તેમજ શ્રી કે. ડી. પટેલે રૂા. એક લાખના સસિટી મેમ્બર તરીકે જોડાઈને મા ઉમિયાના કૃપા પાત્ર બન્યા હતા.

# સમાચાર

## સ્નેહમિલન સમારોહ

















વિશ્વ ઉમિયાધામ, જાસપુર ખાતે દિવાળી - નૂતન વર્ષ નિમિત્તે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ગૌરવવંતા દાતાશ્રીઓ સંગઠનની તમામ પાંખના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા તેમજ અરસપરસના વિચારોનું આદાન-પ્રદાન થાય તે હેતુસર  સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૫૦૦ થી વધુ પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

# “મારી ઈંટ મા ના મંદિરે”
## ઈંટદાન અભિયાન

Vishv UMIYA Foundation

“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

**“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.**

## મારું ઈંટદાન મા ના ચરણોમાં

એક ઈંટદાન
રૂા.૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA · mastercard · Google Pay · UPI · PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation


વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા
ગાંધીનગર ખાતે નવી 3 બેચ નો શુભારંભ
વર્ષ 2026માં જાહેર થનારી અંદાજિત 13591 જગ્યાઓ માટે
લોકરક્ષક
પોલીસ સબ ઇન્સ્પેક્ટર
સ્પેશિયલ ડેઈલિ ટાર્ગેટ બેચ
+
ફીજીકલ ટ્રેનીંગ
બેચની વિશેષતાઓ
કલાસ 3, સુપર કલાસ 3 પરીક્ષાની તૈયારી
દરેક વિષય માટે નિષ્ણાત ફેકલ્ટી ટીમ
ગણિત, રિઝનીંગ માટે ડેઇલી પ્રેક્ટિસ
નિયમિત લેખિત ટેસ્ટ + મૌખિક ટેસ્ટ
ફ્રી PDF મટીરીયલ સેટ
લાઇબ્રેરીની સુવિધા
START DATE
15/12/2025
TIME
10 A.M TO 2 P.M
2026 માં લેવાનાર class -3ની બધી જ પરીક્ષા માટે
નવી જનરલ બેચ
ગાંધીનગર ખાતે નહિવત ફી
GPSC
Class 1 & 2 Batch
વિશેષતા
Start Date
01-DEC-2025
દરેક વિષય માટે એક્સપર્ટ ફેકલ્ટી
વિષયને Module અને Section માં
વિભાજીત કરી prelim + mains ની તૈયારી
ડેઈલિ લેકચર ટેસ્ટ
સમયાંતરે અધિકારીશ્રીનું માર્ગદર્શન
500+ કલાકના તાલીમ વર્ગો
ફ્રી લાઇબ્રેરી અને ડિસ્કશન રૂમ ની સગવડ
TARGET
2026
REGISTRATION NOW
ONLINE બેચમાં જોડાવા માટે ડાઉનલોડ કરો VUFICSAPP એપ્લિકેશન
7202080202/558
C/o. Radiant School of Science, Kh-0, Sargasan Gandhinagar - 382421, Gujarat.

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces
At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઈ પટેલ
(વિસલપુર)

Sales executives
+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES
AT ISCON AMBLI ROAD
PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN